## ૧ શાસનના અને સમુદાયના કોહીનૂર હીરા

- પૂજ્યપાદ વિશદ વક્તા આ.ભ.શ્રી વિજય કનકરત્નસૂરીશ્વરજી મ.સા.

'ધર્મબિંદુ' ગ્રન્થમાં શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મ. ફરમાવે છે કે 'मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते.' એટલે કે તે જ અનુષ્ઠાન-ક્રિયા ધર્મ બને કે જ્યાં મૈત્રી આદિ ભાવો વિદ્યમાન હોય. આના પરથી એ ફલિત થાય છે કે ધર્મી પણ સાચો એ જ છે જે મૈત્રી-પ્રમોદ-કરુણા-મધ્યસ્થતાથી યુક્ત હોય. જ્યારે જે ભાવોનો વિષય સામે આવે ત્યારે તે ભાવો આપોઆપ પ્રગટ થવા જોઈએ એ આપણું સાચું ધર્મીપણું છે.

આજે મારી સામે વિષય ઉપસ્થિત થયો છે શાસનના મહાન પ્રભાવક અમારા સમુદાયના ગૌરવ પ્રખર વિદ્વાન વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ આચાર્યવર્ય શ્રીમાન સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના નિમિત્તે પ્રમોદભાવનાનો. એથી એમના ગુણો વિશે લખતા મને ખૂબ પ્રમોદભાવ અનુભવાય છે. મારા માટે એ ગુરુબાંધવતુલ્ય હતા. કેમ કે અમે બન્ને બાલપણથી એક જ ગુરુદેવ પૂજ્યપાદ પરમોપકારી યુગદિવાકર આ.ભ. શ્રીમાન ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંયમમાં અને અભ્યાસમાં આગળ વધ્યા હતા. મારા પૂ. બા મહારાજ સા. શ્રી મનોરમાશ્રીજી અમને બન્નેને સગા ભાઈ જ ગણતા હતા. વિ.સં. ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી કાયમ રાત્રિ સ્વાધ્યાય અમારે બન્નેએ સામસામે અને કંઠસ્થ કરવાનો નિયમ ગુરુદેવ ધર્મસૂરીશ્વરજી મહારાજે કરી આપેલો. ત્યારથી એમની તીવ્ર યાદશક્તિથી-બુદ્ધિથી હું પ્રભાવિત રહેતો. ગુરુદેવે અમને બન્નેને સાથે જ વ્યાકરણ-સાહિત્ય અને ન્યાયના અભ્યાસમાં જોડ્યા. પણ મને મુંબઈના ક્ષેત્રો સાચવવા નાની વયથી ચાતુર્માસો માટે મોકલી વ્યાખ્યાનોમાં જોડવામાં આવ્યો એટલે વ્યાકરણતીર્થ અને સાહિત્યવિશારદ બાદ મારી પરીક્ષાઓ અટકી ગઇ. જ્યારે શ્રીમાન સૂર્યોદયસૂરીશ્વરજીને અભ્યાસનો સમયગાળો વધુ મળ્યો. એટલે તેઓ કલકત્તા યુનિવર્સિટીની બધી જ પરીક્ષાઓ આપી વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ બન્યા. જો કે એ વાત ચોક્કસ હતી કે એમના જેવી ધગશ-તીવ્ર લગની અને ધારદાર બુદ્ધિ મેં બીજે નથી જોઈ. અભ્યાસનાં વર્ષોનો અમારો યાદગાર અનુભવ વિ.સં. ૨૦૧૩નો નવસારી પાસેના કાલિયાવાડી ગામનો. ત્યાં હું અને સૂર્યોદયસૂરીશ્વરજી, માત્ર બે જ સાધુ ૪૭ દિવસ રહ્યા. હું મારી રીતે અભ્યાસ કરતો. પણ એ રોજના અઢાર કલાકનો સખત અભ્યાસ કરતા. ૪૭ દિવસમાં ત્રેવીશ અઘરા સંસ્કૃત ગ્રન્થોનો અભ્યાસ એમણે એકલપંડે પંડિતની સહાય વિના કરી લીધો હતો. હું માનું છું કે આ. રાજરત્નસૂરિજીએ આ જીવનચરિત્રગ્રન્થમાં આ પ્રસંગ લખ્યો જ હશે.

અભ્યાસ પછીનાં વર્ષોમાં એવું બન્યું કે ગુરુદેવ ધર્મસૂરીશ્વરજી મ. ક્ષેત્રો સાચવવા-કાર્યો સાચવવા મને અલગ અલગ સ્થળે મોકલે અને સૂર્યોદયસૂરીશ્વરજી મ. ને કાયમ સાથે રાખે. કોઈ નાની-મોટી પ્રતિષ્ઠા હોય, ચોમાસું હોય અને ગુરુદેવ જઈ શકવાનાં ન હોય તો મને આદેશ કરે :''જા, કનકવિજય! આ તારે સંભાળવાનું છે.'' અને જ્યાં પોતાની નિશ્રાના મોટાં મોટાં કાર્યો હોય ત્યાં તેઓ સૂર્યોદયસૂરીશ્વરજીનો આગ્રહ રાખે કે ''તારે મારી સાથે જ રહેવાનું છે.'' આવું બનવાથી તેઓ ગુરુદેવના હાથ નીચે બરાબર ઘડાયા, સંઘો સાથે કામ કંઈ રીતે લેવું તેની સૂઝ-સમજ તેમને એકદમ હાથવગી થઈ ગઈ. જો કે, એમનું ગુરુસમર્પણ પણ કલ્પના બહારનું હતું. ગુરુદેવની જવાબદારીઓની બધી જ ચિંતા પોતાનાં શિરે ઉઠાવીને એ બધી રીતે અજોડ ભોગ આપતા હતા. એટલે ગુરુકૃપા પણ એમને મૂશલધારે મળી. આ બધાનાં ફળરૂપે ગુરુદેવની વિદાય પછી એમના હાથે પણ એવી જ શાસનપ્રભાવનાઓ થઈ. બધી જ રીતે એમણે ગુરુદેવનો વારસો દીપાવ્યો. પુણ્ય પણ વધ્યું એટલે શિષ્યપરિવાર પણ ઘણો વિશાલ અને અભ્યાસી-આચારપ્રેમી મળ્યો. એમણે કરાવેલા અનેક ચિરંજીવી કાર્યોમાં મારી દૃષ્ટિએ દર્ભાવતીતીર્થ ઉદ્ધાર, ધર્મધામ-નાગેશ્વરતીર્થનું નિર્માણ અને જગડૂશા જિનમંદિરની રક્ષાનાં કાર્યો સૌથી શ્રેષ્ઠ છે. એ જ રીતે ગ્રન્થોમાં 'સુમંગલા' ટીકાનો દશ હજાર શ્લોકનો ભાવાનુવાદ સૌથી પ્રશસ્ય છે.

છેલ્લે વિ.સં. ૨૦૬૯માં તેઓ સુવર્ણવર્ષ ચાતુર્માસ માટે ચેમ્બુર પધાર્યા. પુણ્યોદયની પરાકાષ્ઠાનાં વર્ષો હતાં. પણ એમનો વિનય-ઔચિત્ય ગુણ પણ પરાકાષ્ઠાનો હતો. એ-ચાતુર્માસમાં અને ચાતુર્માસ પછી મોટા મહોત્સવો-સુવર્ણ મહોત્સવ-સામુદાયિક અઢીસો વર્ષીતપનો મહોત્સવ-પ્રતિષ્ઠાઓ વગેરે થયા. એમાં દરેક કાયમી કાર્યોમાં પહેલા મને આગળ કરે. પહેલા મારું નામ આવે, પછી એમનું નામ આવે. આ એમનો વડીલો માટેનો વિનય હતો. એ ચાતુર્માસ પછી તરત પહેલી જ વાર એમના આચાર્યપદવીના દિવસની મોટા પાયે ઉજવણી થઈ. એમની ખાસ ભાવનાથી મારી નાદુરસ્ત તબિયત છતાં હું સભામાં આવ્યો. એ સભામાં એમના શિષ્યોએ ગુજરાતી-હિંદી ઉપરાંત સંસ્કૃત-ઇંગ્લીશ-મરાઠી ભાષામાં જે અસ્ખલિત પ્રવચનો આપ્યાં એનાથી રાજી થઈને મેં સભામાં જ કહ્યું હતું કે, ''ધર્મસૂરીશ્વરજીના સમુદાયનું નામ અત્યારે સૂર્યોદયસૂરીશ્વરજી જોરદાર દીપાવી રહ્યા છે અને ભવિષ્યમાં એમના શિષ્યો સમુદાયનું નામ સૌથી વધુ રોશન કરશે...'' એમના કાલધર્મ પછી એમના શિષ્યોએ મારા આ શબ્દો સાચા ઠેરવ્યા છે. છેલ્લા સવા વર્ષમાં આ. રાજરત્નસૂરિજીએ જે રીતે કાર્યો કર્યા છે અને વિશેષ તો શ્રમણસંમેલનમાં સમુદાયનું નામ રોશન કર્યું તેમજ છ-છ ભાઈઓની દીક્ષા કરી એ આચાર્યશ્રીના શિષ્ય પરિવારનું આશાસ્પદ ભાવિ બતાવે છે.

તેમની અંતિમયાત્રા-અંતિમસંસ્કાર સ્થળ-મહોત્સવો-ગુરુમંદિરો વગેરે બધી વાતોમાં તેમની પુણ્યાઈ દેખાય છે. અમારા સમુદાયના જ નહિ, શાસનના કોહીનૂર જેવા આ પુણ્યપ્રભાવશાળી આચાર્યશ્રી ભવાંતરમાં એમની આરાધનાઓ આગળ વધારી નિકટ મોક્ષગામી બને એ જ મારી અભિલાષા...

(સંપાદકીય નોંધઃ લેખક પૂ. ગચ્છાધિપતિશ્રી લગભગ સવા વર્ષ પૂર્વે કાલધર્મ પામેલ છે.) ✦ ✦ ✦

२

## एक प्रभावक व्यक्तित्व

– प. पू. राष्ट्रसंत आ. भ. श्री पद्मसागरसूरीश्वरजी म. सा.

उच्च साधुता के धनी सौम्य प्रतिभावान् विद्वान आचार्यप्रवर श्री सूर्योदयसूरिजी महाराज के जीवनवृत्त को उजागर करने के लिये श्रद्धांजलि ग्रन्थ प्रकाशित हो रहा है यह जानकर आनंद हो रहा है। इस अवसर पर उनके प्रति मेरी हार्दिक भावाजंलि समर्पित करता हूँ।

उस महापुरुष का साधु जीवन जैन समाज के लिये गौरवप्रद था। उनके द्वारा जैन शासन की सुंदर प्रभावना हुई थी। विद्वत्ता–सौम्यता–सरलता और गांभीर्य आदि अनेक गुणो के वे अखूट भंडार थे। एक बार मेरा उनसे मुंबई में प्रसंगोपात्त मिलना हुआ था। वे बिमार थे। हॉस्पिटल से उपाश्रय आये हुए थे। मैंने देखा कि वेदना के बीच भी उनके मुखारविंद पर गजब की प्रसन्नता थी। उनको देखकर यह कतही नहीं लगा कि वे गंभीररूप से बिमार है। ऐसी होती है जैन साधु–महात्माओं की सहनशीलता।

सद्गत आचार्यश्री अध्ययन–अध्यापनप्रिय थे। साहित्योपासक थे और उच्च कोटि की साधुता के धनी थे। जब जब भी उनसे मिलने का अवसर आया तब वे अत्यन्त सरलमना और सदैव प्रसन्नचित्त नजर आये। उनका जीवन भव्य जीवों को आराधना में एवं ज्ञान साधना में प्रेरणा देने लायक था। अच्छी विद्वत्ता के साथ उनका व्यवहार भी बडा सौम्य था। कोई भी व्यक्ति उनसे मिलकर प्रसन्नता का अनुभव करता था। एक गणमान्य–सन्माननीय प्रभावक आचार्य होते हुए भी उनमें जरा सा भी अभिमान देखने को नहीं मिलता था। जैनाचार्यों की यह विशेषता उनमें थी कि जो कोई भी व्यक्ति उनके परिचय में आता वह कुछ न कुछ सद्भावना ग्रहण करके ही जाता था।

प्रवचनादि के द्वारा उन्होने शासन की सुंदर प्रभावना की थी। जैन समाज में उनका आदरपात्र स्थान था।

ज्यादा क्या लिखूं ? उनके साधु जीवन की सौरभ आज भी महक रही है। ऐसे आचार्य प्रवर के देहावसान से जैन समाज में एक समर्थ जैनाचार्य की अपूरणीय खोट पडी है।

उनके उपकारों की स्मृति में श्रद्धांजलि ग्रन्थ प्रकाशित करने से लोग उनके प्रभावक एवं प्रेरक जीवन से परिचित होंगे और अंत:करण में की हुई अनुमोदना के द्वारा साधुता के प्रति श्रद्धावंत होंगे ऐसी शुभकामना। ✦✦✦

૩

## એક એવો સૂરજ જે ચમકતો રહેશે

- પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા. (ત્રિસ્તુતિક સમુદાય)

વિદ્વદ્વર્ય આ. રાજરત્નસૂરિ મ.સા. તરફથી મળેલો વિજ્ઞપ્તિપત્ર નિહાળ્યો અને નયનો ભીંજાઇ ગયા હર્ષાશ્રુથી...

એક ઉચ્ચ સાધકનું પુનઃ જીવનસ્મરણ થયું આજે... પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે. ઊગતા સૂરજની લાલિમા તો આનંદ અર્પે જ. પણ, આથમતા સૂરજની લાલિમા તો દુઃખની લાગણી કરાવે એ સહજ છે...

આ દ્વિવિધ લાલિમાને નિહાળતા સાધકને મધ્યસ્થતા અર્પતા પ્રભુએ સાધકોની દુનિયામાં મજાનું સાધનાસૂત્ર વહેતું મૂક્યું -

''સદ્ગુરુની ઉપસ્થિતિમાં સાધક ! તું ગુરુમુખદષ્ટા બની રહેજે.

સદ્ગુરુની અનુપસ્થિતિમાં સાધક ! તું ગુરુગુણદષ્ટા બની રહેજે...''

ગુરુ હાજર છે સદેહે અને ગુરુનું દ્રવ્યોપનિષદ્ પણ સાંપડ્યું છે સાધકને. તો સાધકની તરફેણમાં ખૂલતું એનું કર્તવ્ય આ છે :

સદ્ગુરુના વદનરૂપ મલયાચલમાંથી વહેતા વચનરૂપી ચંદનના શીતળ સ્પર્શને ઝીલવા માટેની સજ્જતા સાધકના પડખે...

સાધક સતત સદ્ગુરુના ઓરાસર્કલમાં...

માટે જ સાધના જગતનો મજાનો સંદેશો છે કે :-

ગુરુપ્પસાયાભિમુહો રમેજ્જા (દશવૈકાલિક) (૯ /૧૦)

સદ્ગુરુના ઇશારા...ઇંગિત...ઉચ્ચારને ઝીલવા સદૈવ ગુરુમુખપ્રેક્ષી બની રહે સાધક...

પણ, સાધકનો પુણ્યપૂંજ વામણો છે. કાળની ઝાપટે સદ્ગુરુનું ભવ્ય સાંનિધ્ય છીનવાઇ ગયું સાધકની પાસેથી... તો...?

તો, પ્રભુ કહે : એ સાધકો છે ગુરુગુણદષ્ટા. સદ્ગુરુનું ભાવોપનિષદ્ તો આજે પણ છે જ ને એની પાસે...

સદ્ગુરુના આદર્શ જીવનનું અવલંબન લઇને સાધક વિચરે એની કંડારેલી કેડીએ.

જે કેડી પહોંચે સીધી પ્રભુના દરબારમાં...

આવા સાધના જગતમાં સાધકોને પ્રભુના માર્ગનો રાહ ચીંધતા એક પથદર્શક એટલે 'તમે સૂરજ થઇને ચમક્યા' મહાગ્રંથના ચરિત્રનાયક શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા...!

વિજ્ઞપ્તિપત્રનાં માધ્યમે પૂ.શ્રીને પુનઃ એક વાર નીરખ્યા તો સહજ થયું :

એમનો આ પાર્થિવદેહ કદાચ શાસન સેવાર્થે સર્જાયો હશે. ઘણા ઓછા કાળમાં ઘણાં શાસનકાર્યો પૂર્ણ કર્યાં. ફૂલડું ખરી ગયું પણ સોડમ રેલાવતું ગયું...

બાલ્યકાળમાં જ સત્તર-સત્તર વાર પ્રભુના માર્ગે સંચરવા દોડી ચૂકેલા એમના કદમ કો'ક જનમની અધૂરી છૂટેલી સાધનાનો દિવ્ય સંકેત આપી જાય છે...

પ્રભુને-પ્રભુવચનને પામવાની તડપ, પ્રભુ મિલનની અનહદ લગન એમનું જીવનદર્શન કરતાં નિહાળી અનુભવાઈ. જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રભુમયતામાં જ તરબોળ આ શ્રેષ્ઠ વ્યક્તિત્વે સાધકોને પ્રભુપારતન્ત્ર્યતા કેળવવાનો સર્વોચ્ચતમ સંદેશો આપ્યો છે...

અત્યંત આનંદની વાત તો એ છે કે પૂજ્યશ્રીએ શાસનપ્રભાવનાની સાથે સ્વાત્મલક્ષી બની શિષ્યવૃંદની સુચારુ યોગક્ષેમ કરવાની પ્રભુની આજ્ઞાને પણ પૂર્ણ નિષ્ઠાથી નિભાવી શાસનનાં મધુવનને હરિયાળું રાખવાનો પૂર્ણ પ્રયાસ કર્યો છે...

આખરે, એક જ શબ્દમાં આંકી શકાય પૂજ્યશ્રીની ૬૮ વર્ષની સંયમસાધનાનો સરવાળો. જીવનની અંતિમ પળ સુધી ગુર્વાજ્ઞા અને જિનાજ્ઞામાં જ વહેતું મુકાઇ ગયેલું આ વ્યક્તિત્વ આજ્ઞામય અસ્તિત્વનું મહાન નજરાણું લઇને આ મહાગ્રન્થ દ્વારા આપણા સુધી આવ્યું છે એ સર્વથા નિઃશંક છે. ✦✦✦

## ૪ 'સૂર્યોદય' સોહામણો

- પ. પૂ. શાસનપ્રભાવક આ.ભ.શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.

મહાપુરુષોની મહાનતા કઇ કલમે કંડારવી ? કારણ કે કાંઇક નોખું સાવ અનોખું તેઓશ્રીનું જીવન હોય છે. પૂ. શાસનપ્રભાવક પ્રૌઢ પ્રભાવશાળી આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એક આવા જ મહાપુરુષ હતા. દૂરંદેશિતા અને સમયસૂચકતા તેમનામાં સમાયેલી હતી. ભળીને નિરાળા રહેવું તે તેઓશ્રીની આગવી કલા હતી. ગુરુની આંતરકૃપા તેમની સ્વયં સાધનામાં ભળી હતી. તેથી ફળશ્રુતિમાં માત્ર સફળતાનો જ રસાસ્વાદ હતો.

'મોહન'ની મોહકતાના 'પ્રતાપે' 'ધર્મ'ના સાંનિધ્યને પામેલા આ ગુરુવરે પોતાને અપાયેલ 'સૂર્યોદય' નામને સાર્થક કરતાં પ્રારંભથી જ જ્ઞાન પ્રકાશનો તેજપુંજ ફેલાવ્યો હતો. દીક્ષા-શિક્ષાની સમીક્ષા કરાવતા કપરા સંયમ માર્ગને સુગમ બનાવવા વાત્સલ્યભર્યા પ્રેરક વચનો દ્વારા અધ્યયન-અધ્યાપન, તપ-જપ, ધ્યાન-યોગ, આચારવિશુદ્ધિના પાઠ આશ્રિત શિષ્ય-પ્રશિષ્યગણને શીખવ્યા. પરોપકારને જીવનનું ઉપયોગી અંગ બનાવી 'परोवयारनिरया' વિશેષણને સિદ્ધ કરી બતાવ્યું. દિનચર્યા-જીવનચર્યા નિહાળતાં લાગે કે આદર્શ-આરાધક-પ્રભાવક જીવન તેઓશ્રીમાં એક છાયારૂપ બની ગયું હતું. મુંબઇમાં મારા ગુરુ મ. સાથે સમયે સમયે વિવિધ ક્ષેત્રોમાં મળવાનો-સાથે રહેવાનો-કાંઇક ભળવાનો અવસર મળતો હતો. ત્યારે તેઓશ્રીમાં નિખાલસતા-સરળતાનું વિરલ દર્શન થયું હતું. મહાનતા ચશ્માથી જોવાની ના હોય. મહાન આત્માઓની આભાના રચાતા વર્તુળથી જ તે હૃદયસ્પર્શી બની જતી હોય છે. ખૂબ આદરભાવ હતો તેઓશ્રી પ્રત્યે. જિનશાસનના ગગન મંડળમાં તપતો આ સૂર્ય ઢળતાયે શોભા પામ્યો. અસ્ત સુધી એને જોયા કર્યો અને વ્યગ્ર થઇને સૂર્યાસ્ત સ્વીકાર્યો.

શાસનપ્રભાવક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં શત શત વંદના... ✦✦✦

## ૫ પુણ્ય-પરિણતિ-પ્રભાવકતાની ત્રિમૂર્તિ

- પ. પૂ. શાસન પ્રભાવક આ. ભ. શ્રી વિજય પ્રબોધચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

દેવાધિદેવ તીર્થંકર પરમાત્માનાં ત્રિકાલાબાધિત શાસનમાં 'તિત્થયરસમો સૂરિ' એવી વાત આવે છે. એટલે કે જ્યારે જ્યારે તીર્થંકર ભગવંતોનો અભાવ હોય - વિરહ હોય, ત્યારે ત્યારે આ શાસનનો સંપૂર્ણ વ્યવહાર આચાર્ય ભગવંતો પોતાની આત્મિક શક્તિ-અનુભવ-જ્ઞાન-પુણ્યપ્રભાવ તેમજ ગુરુભગવંતોના આશીર્વાદથી ચલાવતા હોય છે. આપણા ચરિત્રનાયક પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. આવા જ શાસનપ્રભાવક મહાપુરુષ હતા. તેમનો જન્મ ગુજરાત રાજ્યનાં વડોદરા જિલ્લામાં આવેલ સંસ્કારસંપન્ન દર્ભાવતીતીર્થ-ડભોઇ ગામમાં થયેલ હોવાથી સહજતાથી જ તેમનામાં બાળપણથી ધર્મના સંસ્કાર આરોપિત થયેલા હતા. પૂર્વ જન્મમાં કેવી તે ઉત્તમ સાધના કરી હશે કે જેથી નાનકડી જ વયમાં પૌષધ-અષ્ટપ્રકારી પૂજા-પાઠશાલાઅભ્યાસ જેવા ધાર્મિક અનુષ્ઠાનોમાં મન પરોવીને ધર્માત્મા બન્યા. તે પછી પૂ. ધર્મસૂરિ મ.નો સંયોગ થયો અને સંયમ સ્વીકારવાની તીવ્ર ઝંખના જાગી. વૈરાગ્ય તો એવો કે મોહવશ માતા-પિતા ઘરે લઇ આવે તો ય ખુમારીથી પાછા ગુરુભગવંત પાસે પહોંચી જાય. જે વયમાં બાળકો મોટા રસ્તે-ટ્રાફિકવાળા રસ્તે જતા પણ ગભરાય એ વયમાં તેઓશ્રી હિંમતથી એક-બે નહિ પૂરા ૧૭-૧૭ વાર ભાગી ગયા. એક બાજુ પરિવારની મોહદશા કેવી કે નાનકડા બાળકને ૧૭ વાર પાછા લઇ આવે અને બીજી બાજુ બાળકની હિંમત કેવી કે દરેક વખતે ઉસ્તાદીથી ભાગી જ જાય? અંતે, તો પરિવારે હાર માનવી પડી અને બાળક જીતી ગયો.

પૂ. ધર્મસૂરિ મ. સા.ને પણ લાગ્યું કે હવે આ બાળકને સંસારમાં રાખીને કોઇ મતલબ નથી. પૂર્વજન્મનો કોઇ શ્રેષ્ઠ સાધક છે. એટલે ફાગણ શુદિ-૨ના દિવસે ત્રમ્બા ગામની બહાર નદીના વિશાલ પટની ઉપર ખાનગી દીક્ષા આપી પોતાના પરિવારમાં સામેલ કર્યો. પાછળથી સંસારિક સ્વજનોએ આવીને પોતાનો ગુસ્સો ઠાલવ્યો. પણ ત્યાં ય નમ્રતા અને મક્કમતાથી તેમને સંતોષ આપ્યો. તેમની મોહદશા તૂટી અને અંતે ઉજજવળ સંયમ જીવનની શુભેચ્છાઓ આપતા ગયા. દીક્ષા સ્વીકાર્યા બાદ તુર્ત જ અભ્યાસમાં મગ્ન થઇ ગયા. દશ વર્ષમાં તો વ્યાકરણ-ન્યાય-સાહિત્યને લગતાં અનેકાનેક ગ્રંથો ભણીને વિદ્વત્તા મેળવી અને યુનિવર્સિટીની પરીક્ષાઓ આપીને 'તીર્થ' બન્યા. તારક ગુરુભગવંત પાસે આગમ ગ્રંથોની પણ વિશદ વાચના ગ્રહણ કરી. ગુરુભગવંતો પ્રત્યેનો અપ્રતિમ સમર્પણભાવ હતો અને એમના પ્રત્યેક શાસનપ્રભાવનામાં નામનાની ચાહના વગર પોતાનો સિંહફાળો આપ્યો હતો. આ વિનયભાવનાં કારણે આંતરિક શક્તિ અને પુણ્યનો એવો વિકાસ થયો કે આગળ જતા અનેક શાસનપ્રભાવનાઓ-શિષ્યસંપદા-ગ્રંથપ્રકાશન વગેરે ઢગલાબંધ સફળતાઓ હાથવગી થઇ. શુદ્ધ અવસ્થાના અંતિમ દિવસ સુધી બિયાસણા કર્યા અને જાગૃતિ રાખી મોટા ઓપરેશન વખતે પચ્ચક્ખાણ નહિ પારવાની ભાવના દર્શાવી. તેઓ ઉચ્ચ કોટિના આત્મસાધક હતા અને એટલે જ એમના ઉન્નત સંયમજીવનને વધાવતા એમના કાળધર્મ બાદ અંતિમ યાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો. વિશ્વરેકોર્ડ સમાન ૨૯ કિ.મી.ની અંતિમયાત્રા થઇ અને ઠેર-ઠેર ગુણાનુવાદ સભાનું આયોજન થયું. આવા હતા પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. તેમણે જેમ પોતાના ગુરુદેવનાં શાસનપ્રભાવક કાર્યોને આગળ ધપાવ્યા, તેમ તેમનું શિષ્યવૃંદ તેમનાં કાર્યોને પણ આગળ વધારે અને એમાં અમે પણ યત્કિંચિત્ સહાયક બની શકીએ એ જ અભ્યર્થના... ✦✦✦

## ૬ શાસનપ્રભાવક આચાર્યદેવ

- પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ.ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

પરમ પૂજ્ય યુગપ્રભાવક સ્વ. આ. ધર્મસૂરીશ્વરજી મ. ના પરમકૃપાપાત્ર પૂ. આ. સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે દીર્ઘસંયમ પાળી સમાધિપૂર્વક પરલોક પ્રયાણ કર્યું. સં.૨૦૦૫નું મુંબઇ-લાલબાગમાં ચાતુર્માસ કરી અમારા પૂ. ગુરુદેવ ભાનુવિજયજી મ. સં.૨૦૦૬માં પાલિતાણા પોતાના ગુરુ પૂ.આ. પ્રેમસૂરીશ્વરજી મ. પાસે ચાતુર્માસાર્થે પધાર્યા. પૂજ્ય ગુરુદેવશ્રી પાસે અમે તે વખતે ગૃહસ્થાવસ્થામાં વ્યાખ્યાન વગેરે સાંભળીને વૈરાગ્યવાસિત થઇ રહ્યા હતા. અમારો ધર્મમાં જોડાવાનો પ્રારંભ કાળ હતો. દોઢ મહિનાનો ગુરુસંપર્કનો ખાડો પડ્યો અને અષાઢ મહિનામાં પ.પૂ. આ. પ્રતાપસૂરિજી મ., પૂ. ઉપા. ધર્મવિજયજી મ. વગેરે મોટા સમુદાયનો ગોડીજીના ઉપાશ્રયમાં પ્રવેશ થયો. પૂ. ઉપાધ્યાય

ધર્મવિજયજી મ.ની પ્રવચનમાળા શરુ થઇ. ભગવતીસૂત્ર પર રોજ ઉભય ટાઇમ પ્રવચન થવા માંડ્યા, જેના શ્રવણથી અમારા પણ આધ્યાત્મિક જીવનને વેગ મળ્યો. પૂજ્યોની નિશ્રામાં પીસ્તાલીશ આગમ તપ-અક્ષયનિધિ તપ લગભગ બે મહિના એકાસણાથી કર્યો.

પૂ. સૂર્યોદયવિજયજી મ. તે વખતે નવા હતા . અમે બધા મુનિઓ પાસે જતા હતા. તેમની પાસે પણ જતા હતા. ત્યારથી એટલે આજથી ૬૬ વર્ષ પૂર્વેથી તેમનો પરિચય થયો. ખૂબ આનંદી સ્વભાવ અને મીઠી-મધુરી વાણીનાં કારણે તેમનાં પ્રત્યે આકર્ષણ રહેતું. અનેક વાર અમે આગ્રહ કરીને તેઓને ઘરે ગોચરી લઇ જતા.

આખું ચોમાસું અમે લગભગ ગોડીજીના ઉપાશ્રયમાં (પાયધુની) પસાર કર્યું. મારી સાથે અમારા મિત્રો બાબુભાઇ, જયંતિભાઇ (હાલ જગચ્ચંદ્રસૂરિ) હતા. જયંતિભાઇએ તો પૂજ્યશ્રીની નિશ્રામાં ભાયખલા ઉપધાનતપ પણ કર્યા. પછી તો સં. ૨૦૦૭માં પ.પૂ. પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મ. આદિ પધાર્યા. અમે વિશેષ વૈરાગ્યવાસિત થઇ સં. ૨૦૦૮માં સંયમ ગ્રહણ કર્યું. પ્રારંભના બે ચાતુર્માસ મુંબઇ થયા. દીક્ષા પછી પણ અવારનવાર ઘણી વાર મળવાનું થતું. પૂજ્યશ્રી વ્યાકરણ, ન્યાય, પ્રકરણ, કર્મગ્રંથ વગેરેના અભ્યાસથી ખૂબ વાસિત થયા. અનેક શાસ્ત્રગ્રંથોનાં વાંચનથી તેમની મતિ પરિકર્મિત થઇ. પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ની હયાતિમાં તેઓનો પડછાયો થઇને રહ્યા. તેમની શાસનપ્રભાવનાનાં બધા જ કાર્યોમાં સહાયક બની રહ્યા. પૂજ્યશ્રીના સ્વર્ગવાસ પછી તેમની શાસનપ્રભાવનાની કરણી પણ ખૂબ આગળ વધી. શાસનપ્રભાવના સાથે સ્વ-પરની આરાધના પણ તેઓની ખૂબ સારી રીતે ચાલી. શક્ય તપ-ત્યાગ સાથે સંયમની ચર્યામાં જાગૃતિ, આશ્રિતોની પણ આ માટે કાળજી, સારણા-વારણાદિમાં તત્પર રહેતા. અનેક સંઘોમાં પણ ચાતુર્માસ કરી ધર્મ અને સુકૃતોની સરિતા વહેવડાવી. સંયમ લઇને કરવા યોગ્ય બધું જ કરી તેઓ જીવનને સફળ કરી ગયા. અંતિમ સમાધિ પામી સદ્‌ગતિમાં પ્રયાણ કરી મુક્તિ નિકટ કરી. તેઓની સાધના - આરાધનાની ભૂરિ-ભૂરિ અનુમોદના.

✦✦✦

## ૭ સ્થિતપ્રજ્ઞ સૂરિદેવ

- પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. (અચલગચ્છ)

મુંબઇ મહાનગરને તીર્થ જેવા સેંકડો વિશાળ ભવ્ય જિનાલયો, ઉપાશ્રયાદિ ધર્માયતનોથી મંડિત કરવાનો ભવ્ય પુરુષાર્થ કરનાર પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. અને તેમના શિષ્યો-પ્રશિષ્યોનો સમુદાય જૈન ઇતિહાસના સુવર્ણ પૃષ્ઠો પર ઝળહળતો રહેશે.

શાસન પ્રભાવક પૂ.આ.ભ.શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ની વિદાય બાદ તેઓનાં નામ-કાર્યો-ગૌરવ અને શુભ ભાવોને આગળ ધપાવી યશભાગી બનનાર જો કોઇ હોય તો તે છે સ્થિતપ્રજ્ઞ વિદ્વદ્વર્ય પૂ.આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.

પૂ.આ.વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ઠેઠ બાલ વયથી દીક્ષિત થઇ તેઓશ્રી તેમની છાયામાં પરમ સમર્પિત ભાવે સંયમ જીવનનું ઉત્તમ ઘડતર તથા સંસ્કૃત તેમજ પ્રાકૃત વ્યાકરણ-ન્યાય-આગમાદિ અભ્યાસ વાંચન-અનુભવો પામ્યા. દાદા ગુરુદેવના શાસનપ્રભાવક કાર્યોમાં પડછાયાની જેમ રહી શાસન-સંઘો માટે ભવ્ય પુરુષાર્થ કરતા રહ્યાં.

પૂ.વયોવૃદ્ધ આ.ભ.વિ.પ્રતાપસૂરીશ્વરજી મ.સા., પૂ. યુગદિવાકર આ.ભ. વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા., સાહિત્યકલારત્ન પૂ.આ. વિ. યશોદેવસૂરિજી મ.સા. (તે વખતે મુનિ) શતાવધાની પૂ.આ.વિ. જયાનંદસૂરિજી મ.સા. (તે વખતે મુનિ) આદિ વિશાળ સમુદાયની નિશ્રામાં મુંબઇથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાલક પદયાત્રા સંઘ નીકળેલ. તે સમયે સં. ૨૦૩૨-૩૩માં તગડી (હાલ નંદનવનતીર્થ) મુકામે અમને તેઓશ્રીનાં પ્રથમ દર્શન થયેલા. અમારા ગુરુદેવ શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં એ જ વર્ષે કચ્છથી શત્રુંજય તીર્થનો છ'રી પાલક સંઘ પૂર્ણ થતાં અમો ઠાણા-૪ ગુર્વાજ્ઞાથી પાલિતાણાથી મુંબઇ તરફના વિહાર દરમિયાન તે દિવસે તગડી આવેલા અને સાંજે આ બધા મહાત્માઓનાં દર્શન થયેલા.

ત્યાર બાદ બોરીવલી-જામલીગલીના સંભવનાથ જિનાલયના શિખરમાં પ્રભુજીઓની પ્રતિષ્ઠા-પદવી-દીક્ષાપ્રદાન વિગેરે પૂ.આ.ભ. વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયેલ. તે વખતે પૂ.આ.ભ. વિ. સૂર્યોદયસૂરિજી મ.સા (ત્યારે મુનિશ્રી)ની કાર્યદક્ષતા નિહાળેલ. પ્રાયઃ ઉપા.કનકવિજયજી મ.સા.ની આચાર્યપદવી-પૂ.સૂર્યોદયવિજયજી મ. ની પંન્યાસપદવી તથા મુમુક્ષુઓની દીક્ષા હતી. આ મહોત્સવ વખતે બોરીવલી મૂ.પૂ. જૈન સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી અમોએ (તે વખતે મુનિ) પણ કાંદીવલીથી બોરીવલી આવીને પાંચ દિવસ સંભવનાથ જિનાલય ઉપાશ્રયે સ્થિરતા કરેલ. પૂ.આ.ભ. શ્રી વિ. ધર્મસૂરિજી આદિના વાત્સલ્ય, ઔદાર્ય, શાસનપ્રભાવનાને અનુભવેલ.

પવઇ કચ્છી જૈન સંઘના બાહોશ અગ્રણી શ્રી વશનજી લાલજી છેડા આદિની દૂરંદેશિતાથી વર્ષો પૂર્વે જે વિશાળ પ્લોટ (આજની દૃષ્ટિએ તે વખતે ખૂબ સસ્તા) દરે ખરીદાયેલ ત્યાં શ્રી શાંતિનાથ ભ.ના શિખરબદ્ધ દેરાસરની પ્રતિષ્ઠા પૂ. આ.ભ. વિ.

ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયેલ. પવઇ સંઘ પરના ઉપકારોને અનુલક્ષીને એ સંઘે જિનાલય પરિસરમાં ગણધર ગૌતમસ્વામી ભ., આ. વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા., આ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું ગુરુમંદિર-શાસનદેવ-દેવી સંકુલની પ્રતિષ્ઠા નક્કી કરી. તે વખતે પવઇ કચ્છી સંઘની વિનંતિથી આ. શ્રી વિ. સૂર્યોદયસૂરિજી મ. સા., આ. વિ. રાજરત્નસૂરિજી મ. અને અમે : એમ સૂરિત્રયની નિશ્રા રહેલ. પવઇના શ્રી કચ્છી ભવનનાં ઉપાશ્રયના એક જ હોલમાં અમારો સાથે ઉતારો રહેલ. તે વખતે ખૂબ નિકટતાથી તેઓની ગુણપ્રૌઢતા, સ્થિતપ્રજ્ઞતા, શિષ્યાદિ પરનું અનુશાસન તથા ઘડતર વિ. ગુણવૈભવનાં દર્શન થયા હતા. તેઓના પટ્ટધર સિદ્ધહસ્તલેખક આ. રાજરત્નસૂરિજીની વિદ્વત્તા, શાંતિપ્રિયતા, ચારિત્રમાર્ગ પ્રત્યે પક્ષપાત, સંઘને ધર્મ પમાડવા અપ્રમત્ત વ્યાખ્યાનપટુતા આદિનાં પણ દર્શન થયેલા.

પૂ.આ.વિ. સૂર્યોદયસૂરિજી મ. ની વિદાયથી જિનશાસન અને શ્રમણ સમુદાયને અપૂરણીય ક્ષતિ થયેલ છે. આ. વિ. ધર્મસૂરીશ્વરજી મ.ના જીવનચરિત્ર ગ્રંથ આદિમાં તેઓની વિદ્વત્તા, શાસન-શ્રુત-સમુદાય-ગુરુવર્યો પ્રત્યેનો સહજ અનુરાગ ઝળહળતો દેખાય છે.

તેઓના વિદ્વાન-વ્યાખ્યાનવિશારદ પટ્ટશિષ્યરત્ન આ. વિ. રાજરત્નસૂરિજી, નૂતન આ. શ્રી રશ્મિરત્નસૂરિજી, વિનીત શિષ્ય-પ્રશિષ્યોમાં પણ ગુરુદેવ-દાદાગુરુદેવની જેમ જ પગલે પગલે શાસનપ્રભાવના, સંઘપ્રેમ, સહજ પરોપકારભાવ, સંયમ પ્રત્યે સજાગતા-નિષ્ઠાદિ ગુણવૈભવ 'અભિનવ સૂર્યોદય'ની જેમ ખીલેલો દેખાય છે. આવા વિનીત પટ્ટશિષ્ય દ્વારા-આજીવન ગુરુચરણસેવી શિષ્ય દ્વારા પૂ. આ. વિ. સૂર્યોદયસૂરિજી મ.નો સ્મૃતિગ્રંથ પણ વિશિષ્ટ અને પઠનીય ગ્રંથરત્ન બનવા પામશે એ નિઃશંક છે. ✦✦✦

૮

## શાસનસંનિષ્ઠ સૂરિવર

**- પ.પૂ. શાસન પ્રભાવક આ.ભ.શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા.**

પુષ્પની પાસે પહોંચો એટલે સુવાસ માંગવી પડતી નથી. સહજ મળી જ જાય છે. એમ કેટલીક વ્યક્તિને તમે મળો એટલે એના ગુણોની સુવાસ તમને આપોઆપ જ પ્રસન્ન બનાવી દે છે. જ્યારે અન્ય સાધુઓને મળવાનું હોય છે ત્યારે મળતા પહેલા કેટલાક પ્રશ્નચિહ્નો મનમાં ઉત્પન્ન થતાં હોય. પણ કેટલીક વ્યક્તિ એવી હોય છે કે જેમને મળતા-જેમનો સાક્ષાત્કાર થતાં જ બધા જ પ્રશ્નચિહ્નો પૂર્ણ વિરામમાં પલટાઈ જાય છે. વર્ષો પૂર્વે અમે સુરત વડા ચૌટા ઉપાશ્રયમાં હતા ત્યાં સમાચાર આવ્યા કે પૂ. આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. પધારે છે. હંમેશાની માફક અમારા સાધુવર્ગમાં આનંદ ફેલાઈ ગયો.

એક મહાત્માનાં દર્શનથી ધન્ય બનાશે એમ લાગતું હતું. તો ય મનમાં શંકા થઈ કે તેઓ આપણને કેવો પ્રતિભાવ આપશે? તેઓ કેવી રીતે વ્યવહાર કરશે? કેટલાક લોકો મોટા થયા પછી ચહેરાને પણ ભારેખમ બનાવી દેતા હોય છે. મોઢા પર સ્મિત લાવવું પડે તો ય જાણે પરાણે લાવતા હોય તેવો ભાસ થાય. પ્રથમ મિલને અમે પૂ. આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ.ને આવકાર્યા. તેઓની સાથે આચાર્ય રાજરત્નસૂરિ પણ હતા. પૂજ્યશ્રીનાં મુખ પર પવિત્રતા હતી અને અમારા આવકારના પ્રત્યુત્તર સ્વરૂપ મજેદાર સ્મિત હતું. આ સ્મિતે કમાલ કરી નાખી . સ્મિત તો પરિચયનો દરવાજો છે. તે પછી તો આત્મીયતા વધતી ગઈ. ઘણી વાર મળ્યા. ઘણી વાતો કરી. પણ પૂ.આ. સૂર્યોદયસૂરિજી મ. અલ્પભાષી જ રહ્યા. એકંદરે કંઇક બધાથી અલિપ્ત થઇને જીવતા હોય તેવું લાગ્યું. આવી અલિપ્તતામાં રહેવાની તમામ અનુકૂળતા અમારા મિત્ર આચાર્ય રાજરત્નસૂરિએ કરી આપી હતી. આમે ય કહેવાય છે કે સુયોગ્ય શિષ્ય જો વફાદારીપૂર્વક ધુરા વહન કરતા હોય તો વડીલોએ નિર્લેપતાનો પૂરેપૂરો આનંદ મેળવવો જોઇએ.

કેટલાક લોકોનો એવો સ્વભાવ હોય છે કે મળો ત્યારે તેમની સિદ્ધિઓ-પ્રસિદ્ધિઓ અને વિદ્વત્તાથી તમને આંજી દેવાના પ્રયાસો કરતા હોય. લગભગ ચાર-પાંચ વાર મળ્યા. પણ આચાર્યશ્રીની પાસે આવી કોઇ પણ વાત જોવા ન મળી. અરે ! કમાલ તો ત્યાં થઈ કે એકવાર ધર્મધામ તીર્થમાં મળ્યા અને ખબર પડી કે બીજા જ દિવસે તેમની દીક્ષાતિથિ હતી. અત્યારના પ્રવાહ પ્રમાણે આવા દિવસે કોઇ ને કોઇ મોટાં આયોજનો હોય. પણ આવી કોઇ વાત જોઇ નહિ. સવારે એમના આયુષ્ય અને સ્વાસ્થ્યની પ્રાર્થના અમે સહુએ ભેગા મળીને કરી. તે વખતે લાગતું હતું કે તેઓ સહજતાથી સહુને આશીર્વાદ આપી રહ્યા છે. પણ આટલા ઝડપી તેઓ વિદાય થઇ જશે તેવી કોઇ કલ્પના ન હતી. તેમની ખોટ મુંબઇને-શ્રમણસંઘને સાલશે.

મુંબઇના પાયાના બે ઉપકારી ગણી શકાય : એક, પૂ. મોહનલાલજી મહારાજ. બીજા પૂ.આ. ધર્મસૂરીશ્વરજી મહારાજ. જે ભક્તિ અને કુનેહથી આચાર્યશ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજે મુંબઇને ધર્મનગરી બનાવવામાં સિંહફાળો આપ્યો છે તે જ સિંહફાળાને પૂ. આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજીએ વિસ્તાર્યો છે અને એ જ વારસો હવે અમારા સ્નેહપાત્ર આચાર્ય રાજરત્નસૂરિ આગળ વધારશે. પૂ. આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની અંતિમયાત્રા અને અંતિમ અગ્નિસંસ્કારનું જે દૃશ્ય મુંબઇએ જોયું તે મુંબઇ કદી ય ભૂલી નહિ શકે.

આવા મહાન શાસનસંનિષ્ઠ આત્માઓ જે પણ સ્થળે પધાર્યા હોય ત્યાંથી શાસનને સહાય કરે. ✦✦✦

## ૯ અલગારી વ્યક્તિત્વ

- પ.પૂ. શાસન પ્રભાવક આ.ભ. શ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી મ.સા.

જેમને એક વાર મળ્યા પછી વારંવાર મળવાનું મન થાય એવા...ખેંચતાણ વગરના ખેંચાણને ધરનારા... અને જેમને જોઇ અલગારી આનંદઘનજી સહજ સ્મરણે આવી ચડે... એવા પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરિજી મ.સા. એક એવા પ્રબળ ઉમળકાના મહેરામણ હતા કે જ્યારે જ્યારે મળીએ ત્યારે આપણને ભીંજવી જ દે.

વિદ્વત્તાના શિખર પર નમ્રતાનું આસન પાથરી બેઠેલા એમને જેણે જેણે માણ્યા છે એ એમના આશક બનીને જ રહ્યા છે. મને યાદ છે એમને જ્યારે જ્યારે મળ્યા ત્યારે ત્યારે દૂરથી જોતા જ એમના બંને હાથ આવકારો દેતા લાંબા થયા જ હોય અને એમની ભીની-ભરેલી આંખો ગમાનો ઈશારો દેતી જ હોય.

એમની વિદ્વત્તાભરી પ્રવચનધારામાં વરસતા અનુભવના અમૃત અનેક આતમને જાગૃત કરી જાય એવું મેં પોતે ય અનુભવ્યું છે. વારંવાર મળવાનું થતું. છતાં માધુર્યે સપાટી ગુમાવી હોય એવું ક્યારે ય અનુભવ્યું નથી.

એમની પ્રચંડ મેધા માટે માત્ર એક જ દૃષ્ટાન્ત પર્યાપ્ત છેઃ ન્યાય, વ્યાકરણ સાહિત્યની કલકત્તા યુનિવર્સિટીની નવે નવ પરીક્ષામાં તેઓશ્રીએ મેળવેલ ફર્સ્ટકલાસ ફર્સ્ટ પરિણામ.

આ તો એક વાત. બાકી દિવસનાં ૧૮-૧૮ કલાક એમણે જે અભ્યાસ કર્યો છે, જે ઉત્કૃષ્ટ ચારિત્રપાલન ને તપ-જપ કર્યો છે એની બધી જ વિગતો, એમના જ પરમકૃપાપાત્ર અને જ્યારે જ્યારે ગુરુશિષ્યને વાત કરતા જોયા ત્યારે જેમની ઉપર પિતૃવાત્સલ્ય અનરાધાર અભિષેક કરતું દેખાયું છે એવા સિદ્ધહસ્તલેખક સૌજન્યમૂર્તિ આ. શ્રી રાજરત્નસૂરિ મ.સા.ની કુશળ કલમે લખાયેલી આ ગ્રંથમાં મળશે.

પ્રાન્તે... જેમના સ્મરણસૂર્યનો સૂર્યાસ્ત ક્યારે ય નહિ થાય એવા પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ને હૃદય વંદના.

✦✦✦

## १० મહાન શાસનપ્રભાવક

– प.पू. शासनप्रभावक आ.भ. श्री विजय नित्यानन्दसूरीश्वरजी म.सा.

मुझे यह जानकर अत्यंत आनन्द हुआ कि युगदिवाकर प.पू.आ.भ.श्रीमद् विजय धर्मसूरीश्वरजी म.सा. की यशस्वी परम्परा के समर्थ संवाहक महान शासनप्रभावक प.पू. आ.भ. श्रीमद् विजय सूर्योदयसूरीश्वरजी म. सा. के रत्नत्रयालंकृत जीवनवृत्त को भव्य स्मृतिग्रन्थ के माध्यम से प्रकाशित करने का स्तुत्य सत्कार्य किया जा रहा है।

पूज्यश्री के जीवन में स्व–पर कल्याण का भाव स्पष्ट परिलक्षित होता है। साहस, धैर्य, तथा अदम्य पुरुषार्थ का त्रिवेणी संगम दिखाई देता है। सरलता, मधुरता, विद्वत्ता, गंभीरता के साथ–साथ पूज्यश्री के व्यक्तित्व में दीप्तिमंत अनेक गुण आगन्तुक को अपनी ओर आकर्षित कर लेते थे ।

उनकी प्रेरक वाणी का अमृतपान करके अनेक आत्माओं का उद्धार हुआ। जीवन में से मोह, माया तथा मिथ्यात्व का नाश हुआ। सम्यग्दर्शन से सत्कार्य का सूर्योदय हुआ। जहाँ जहाँ भी पधारे वहाँ–वहाँ प्रेम, समन्वय तथा मैत्री के दीप प्रज्वलित किए। संस्कारों की सुवास से व्यक्ति , परिवार, समाज तथा राष्ट्र को भरने का प्रयास किया। उनके मंगल दर्शन–पुण्यपरिचय का लाभ मुझे भी दो–तीन बार मीला।

ऐसे विविधवर्णी गुणवैभव से समृद्ध पूज्यश्री के जादुई व्यक्तित्व पर भव्य स्मृति ग्रन्थ का भगीरथ कार्य प्रखर कलमकार, विपुल साहित्यसर्जक, सिद्धहस्तलेखक,तेजस्वीवक्ता आ.भ. श्रीमद् विजय राजरत्नसूरीश्वरजी म.सा. के द्वारा भावांजलिसमर्पणस्वरूप किया जा रहा है । अत: निश्चित ही यह अमूल्य ग्रन्थ भावि पीढ़ियों को भी प्रेरणा देता रहेगा।

✦✦✦

## ૧૧ એ યાદગાર દિવસો...

- પ.પૂ. વિદ્ધદ્વર્ય આ.ભ. શ્રી વિજય શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.

પરમ પૂજ્ય વિદ્ધદ્ધુરીણ અને શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાથે મારો સંબંધ કહો કે પરિચય, બહુ વર્ષો જૂનો રહ્યો છે. તેમની વાતો હમેશાં સૌમ્ય, મધુર અને સહુને ગમી જાય તેવી રહેતી. તેમની રજૂઆત એવી સુસ્પષ્ટ, તર્કબદ્ધ અને છતાં મધુર રહેતી કે સામી વ્યક્તિ તેને સદ્ભાવ સાથે સ્વીકારી શકે. કડવાશ, આક્રોશનો આશરો તેઓ નહિ લેતા હોય અને છતાં પોતાની વાત મક્કમતાપૂર્વક પ્રસ્તુત કરી શકતા હશે એવું તેમની વાતો થકી આપોઆપ સમજાઇ જાય.

તેમણે બહુ બાલ્યવયે દીક્ષા લીધી હતી અને એમના પરમગુરુ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજની તેમના ઉપર અથાગ પ્રીતિ હતી. તેમને ભણાવવા માટે અને તૈયાર કરવા માટે તેમણે જે પરિશ્રમ લીધેલો તે દાખલારૂપ બની રહ્યો છે. અમે મળીએ ત્યારે તેમના વિદ્યાર્થી કાળની વાતો તેમનાં મુખે સાંભળવાનો લાભ મળતો ને તે વખતે અમે ખૂબ વિસ્મિત અને આનંદિત થતા. અમે પણ વિદ્યાભ્યાસમાં હોવાથી આવી વાતો સાંભળીને એક નવી જ પ્રેરણા મળતી.

એ દિવસો અમારા ચિત્તમાં એ માટે યાદગાર હતા કે એ વખતે વિવિધ જૂથ કે સમુદાયોના સાધુઓ વિહારમાં કે સ્થિરતામાં મળતા ત્યારે નાના નાના સાધુઓને ભણવાની ને સ્થિર થવાની પ્રેરણાની આપ-લે થતી. કોણ શું ભણે છે? શું આવડે છે? તેની વાતો મોકળાશથી થતી.

દુર્ભાગ્યે એ વાતાવરણ આજે નથી રહ્યું. સાધુ વધ્યા, દીક્ષાઓ વધી, પણ મોકળાશ અને નિર્મળતા નષ્ટ થઇ. હવેના લોકોમાં અહંકાર પોતાની ઉચ્ચતાનું ભાન દીક્ષાદિવસથી જ રેડી દેવામાં આવે છે. તેથી અન્ય સાધુઓ તેને તુચ્છ ને નબળા જ લાગવા માંડે છે. આ સ્થિતિમાં સ્વ. આચાર્યદેવ સાથેના પ્રસંગો યાદ કરવા બહુ સંતર્પક બને છે.

મારા સમુદાયના વડીલો અને સ્વ. આ. દેવના વડીલોનો પારસ્પરિક સુમેળ અને સદ્વ્યવહાર શાસનમાં એક આદર્શ હતો. એ વાતાવરણ સતત ચાલ્યા જ કરે તે માટેની અમારા બધાની એક સભાનતા રહી છે. એમાં સ્વ. આચાર્યદેવ બહુ જ સજાગપણે સાથ અને સૂર પૂરાવતા રહ્યા હતા.

જૂની પેઢીના અથવા પેઢીવાળાના સંપર્કમાં જીવેલા અમારા જેવા લોકો માટે, આજે તો આવી વાતોનાં સ્મરણો વાગોળવાનાં જ રહ્યાં, ને એના આધારે જ સમાધાન પ્રાપ્ત કરવાનું રહ્યું. અહંકાર અને ઈર્ષ્યાજનિત ક્ષુદ્રતાના આજના વ્યાપક માહોલમાં એ સ્મરણો સિવાય સમાધાન બીજે શોધવાનું પણ ક્યાં?

આવી સૌહાર્દપૂર્ણ વ્યક્તિની વિદાય થાય ત્યારે સંઘ, સમાજને તથા તેમના પોતાના ધર્મપરિવારને તો ખોટ પડતી જ હોય છે. પરંતુ અમારા જેવાનાં હૈયે જે એક શૂન્યાવકાશ રચાય છે તે લગભગ ન પૂરી શકાય તેવો હોય છે. અને એની વેદના ઠાલવવાનું સ્થાન પણ નથી હોતું ત્યારે તે અનેકગુણી થઇ જતી હોય છે.

પણ આ બધી વાતો છોડીએ. આચાર્યદેવના સદ્ગુણોની વાતો કરવાની આ જગ્યા છે. તેમની શાસનદાઝ, તેમનું સૌહાર્દ, તેમની વિદ્વત્તા, તેમની વ્યવહાર કુશળતા, તેમનું સ્મૃતિશક્તિ, તેમની કાર્યક્ષમતા અને આયોજનનિપુણતા : આ બધું જ અનન્ય કહેવાય તેવું હતું.

તેઓની વિદાયથી આપણે એક સુયોગ્ય આચાર્યભગવંત ગુમાવ્યા છે. તેમને સ્મૃતિ વંદન...

✦✦✦

## ૧૨ સરલતાનું સાકાર સ્વરૂપ

- પ. પૂ. શાસનપ્રભાવક આ. ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. સા.

જિનશાસનનાં ગગન મંડળમાં એક અભિનવ સૂર્યનો ઉદય વિ.સં. ૨૦૦૪ ફા. સુદ-૨ના ત્રમ્બા નગરની બહાર કલકલ વહેતી મેશ્વો નદીના કાંઠે થયો. પણ આશ્ચર્ય એ હતું કે એ સૂર્યોદય સવારે નહિ, સાંજે થયો હતો. ધર્મનગરી ડભોઇમાં જન્મેલા સેવન્તીભાઇ એ સાંજે ત્રમ્બા ગામે પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ. બન્યા. એમના સ્વભાવમાં વિનય-વિવેકની ગંગા વહેતી હતી. એથી અલ્પ અવધિમાં પૂ. પરમગુરુદેવ ધર્મસૂરીશ્વરજી મ. સાહેબના પ્રિયપાત્ર બન્યા.

નાનપણથી અભ્યાસમાં અત્યંત રુચિ હોવાથી તેમજ સ્મરણશક્તિ તીવ્ર હોવાથી સમ્યગ્ જ્ઞાન સાગરમાં નિમગ્ન બન્યા અને વિવિધ ગ્રંથો-આગમો તેમજ ન્યાય-વ્યાકરણ-કાવ્યકોશનો તલસ્પર્શી અભ્યાસ કરી યુનિવર્સિટીની અનેક પરીક્ષાઓ આપી પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઇ મુનિ પદ દીપાવ્યું. વળી પોતાની જ્ઞાનરુચિનો શ્રેષ્ઠ પરિચય આપ્યો.

ત્યાર પછી યુગદિવાકરસૂરિ સર્જિત કર્મગ્રન્થાદિ વિવેચનોનું સુંદર સંપાદન કર્યું, સાથોસાથ સંસ્કૃત નવતત્ત્વસુમંગલા ટીકા જે છ હજાર શ્લોક પ્રમાણ હતી તેનો લોકભોગ્ય ગુજરાતી ભાષામાં દશ હજાર શ્લોક પ્રમાણ અનુવાદ કરી એક દળદાર ગ્રંથ શાસનને ભેટ ધર્યો અને પોતાના ઉપકારી ગુરુદેવ પ્રત્યે કૃતજ્ઞતાની અંજલિ અર્પી.

સતત ગુરુ આજ્ઞાની ગંગોત્રીમાં નિમગ્ન રહેવાથી યોગ્યતાનો પરિમલ ચારે તરફ પ્રસરવા લાગ્યો. જેથી પૂ. યુગદિવાકરશ્રીએ તેમને ગણિ-પંન્યાસ પદથી અલંકૃત કર્યા. સમયાંતરે જૈન શાસનનું સર્વોચ્ચ પદ એટલે આચાર્યપદ પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મ.સા.ના આશીર્વાદ સહ પૂ. શતાવધાની આ. શ્રી જયાનંદસૂરિજી મ. સાહેબના વરદ હસ્તે પ્રાપ્ત કર્યું. જે ખરેખર તેઓશ્રીની યોગ્યતાનું પ્રતીક હતું.

પ્રભુશાસનની આન-બાન-શાન સમાન અનેકાનેક પ્રાચીન/અર્વાચીન સ્થાપત્યો એટલે જિનમંદિર/ઉપાશ્રયાદિના પ્રેરણાદાતા અને પ્રતિષ્ઠાકારક બન્યા. તેમાં પણ જન્મભૂમિ ડભોઇ તીર્થની જાણે કાયાપલટ ન કરી હોય તેમ શાનદાર જીર્ણોદ્ધાર કર્યો અને જન્મભૂમિને કર્મભૂમિ પણ બનાવી. જેથી શ્રી સંઘે દર્ભાવતીતીર્થોદ્ધારકનું બિરુદ માનભેર અર્પણ કરી આનંદની લાગણી વ્યક્ત કરી.

વિ.સં. ૨૦૬૫માં એટલે આજથી લગભગ નવ વર્ષ પૂર્વે જન્મભૂમિ છાણી મુકામે મારું સંયમ સુવર્ણ વર્ષ હર્ષભેર ઉજવાઇ રહ્યું હતું. તે દરમ્યાન પૂજ્યશ્રી છાણી ગામની બહારથી વિહાર કરી હ્રીંકાર તીર્થ જવાના હોવાના સમાચાર અમને મળ્યા. અમે પધારવાની વિનંતિ કરાવી. પૂજ્યશ્રીને જેવા સમાચાર મળ્યા કે આ. શ્રી અશોકસાગર સૂ.મ.નો સંયમ સુવર્ણ મહોત્સવ ચાલી રહ્યો છે તો તેઓ જરા ય વિચાર્યા વગર સીધા જ મંડપના પ્રવચનખંડમાં પરિવાર સહિત પધારી ગયા. આખી સભા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ કે આ શું? એથી પણ વધુ જ્યારે બધાને ખબર પડી કે પૂજ્યશ્રી વડીલ હોવા છતાં પણ સ્હેજ પણ મોટાઇ દાખવ્યા વગર આવી ગયા ત્યારે સભાજનોનાં મુખથી શબ્દો સરી પડ્યા ''કેવી સરળતાની અદ્ભુત મૂર્તિ છે.'' આવી સરળતા ને ઉદારતા વિરલામાં જ જોવા મળે. પશ્ચાત્ આ. શ્રી રાજરત્નસૂરિજીએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું.

તેઓશ્રી ભવોદધિતારક જિનશાસનની પ્રભાવનામાં અનેક રીતે નિમિત્ત બન્યા. એના પુણ્ય પ્રતાપે વહેલી તકે કર્મનિર્જરા કરી અવ્યય પદને પામે એવી મંગલ ભાવના... ✦✦✦

## ૧૩ दो बातें : दो मुलाकातें

– प.पू. शासनप्रभावक आ.भ. श्री विजय धर्मधुरंधरसूरीश्वरजी म.सा. (वल्लभसूरिजी म. समुदाय)

पूज्य आचार्य भगवंत श्रीमद् विजय सूर्योदयसूरीश्वरजी से मुंबई में ही दो बार मिलने का प्रसंग मिला। हर बार की मुलाकात मेरे लिए यादगार बन गई। पहली बार तो तब मिला था जब मैं बालमुनि था। मुंबई गोडीजी पायधुनी के उपाश्रय में हम अपने गुरुजी के साथ चातुर्मास कर रहे थे। मेरे पूज्य पिताजी महातपस्वी मुनिराज श्री अनेकांत विजयजी महाराजसाहेबने वहां मौन पूर्वक इकसठ उपवास करने की भावना से उपवास प्रारंभ किए थे। शायद भवितव्यता को यह स्वीकार न था; थोडे ही उपवास बाकी थे तब उनकी अचानक तबियत बिगड गई। गुरुजी ने उन्हें पारणा करवा दिया; अत: वे तपस्या पूर्ण न कर सके; और जिस दिन उन्होंने पारणा करना था उसी दिन उनका कालधर्म हुआ।

चातुर्मास के उपरांत हम गुरुजी के साथ गोडीजी से विहार कर कई उपनगरों में विचरते-विचरते चेंबुर पहुंचे। वहां पहले से ही पूज्य आचार्य भगवंत श्रीमद् विजय प्रतापसूरीश्वरजी महाराज और पूज्य आचार्य भगवंत श्रीमद् विजय धर्मसूरीश्वरजी महाराज अपने शिष्य-प्रशिष्यादि मुनि परिवार के साथ बिराजमान थे। मुनियों में पूज्य श्री सूर्योदयविजयजी महाराज भी थे।

मुनिराज श्री सूर्योदयविजयजी महाराज बहुत अच्छे ढंग से पढ़ते तो हैं मगर पढाते भी बहुत अच्छा है; ऐसा कईयों के मुख से सुना ही था,मगर अनुभव करने का तभी पहला अवसर मिला। जहां मैं बैठा था ठीक उसके पास वे एक मुनि को पढ़ाने के लिए बैठे, तो मुझे पढ़ाते हुए उन्हें देखने का अवसर सहज ही मिल गया। मैने तुरंत अपने मन को चहुं और से हटाया और वह देखता रहा कि आखिर ये कैसे पढ़ाते है ? सचमुच में मैंने महसूस किया कि जिस वात्सल्य से वे मुनि को पढ़ाते थे शायद उतना वात्सल्य विद्यार्थी को अन्य पाठक मुनि नहीं देते। जब तक मुनि पढ़ाये जा रहे पाठ को अच्छे ढंग से समझ न लेते तब तक वे आगे का पाठ नहीं समझाते थे; समझने के बाद जब मुनि ने कहा कि अब समझ गया तो भी उन्होंने नया पाठ नहीं दिया । बल्कि एक वैसा उदाहरण देने के लिए कहा। मुनि ने जब दिया तो ही उन्होंने आगे का पाठ दिया। सच में लगा कि वे नए मुनियों को बहुत ही अच्छे ढंग से पढ़ाते हैं; अपना मानकर पढ़ाते हैं।

पाठ पूरा पढ़ा देने के बाद उन्होंने मुझसे भी मेरी पढ़ाई, लिखाई के विषय में पूछा। मैंने उत्तर दिए। अंत में मैंने जब यह पूछा कि मुझे पढ़ाई के क्षेत्र में आगे बढ़ना हो तो क्या-क्या और किस-किस क्रम से पढ़ना चाहिए। तो उन्होंने तुरंत कहा-जैसे तुम्हें तुम्हारे गुरुजी कहें, वैसे ही पढ़ना। हां, पढ़ोगे तो विकास होगा।

दूसरी बार घाटकोपर में अचानक ही मिलने का प्रसंग मिल गया। मैं गुरु आज्ञा से कहीं जा रहा था कि घाटकोपर उपाश्रय में आना हुआ। पता लगा कि यहां पर मुनिजन बिराजमान

हैं तो रहने के लिए – अनुज्ञा मांगने के लिए मैं ही पूज्यश्रीजी के पास पहुंचा। उन्होंने पहचान कर मुझे कहा–तुम मुनियों को नीचे नहीं, उपर ही रुकना है। नवकारशी कर लो और फिर व्याख्यान में समय पर आ जाना; तुम्हें भी बोलना है, और मैं तो बोलूंगा ही।

वहां पर उन्हें सुनने का मुझे पहली बार अवसर मिला। लगा कि वे व्याख्यान में तात्त्विक विषयों पर बोलना पसंद करते थे और विषय को ज्यादा से ज्यादा सरल बनाते थे ताकि विषय किसी भी श्रोता के दिलो–दिमाग पर भार न बने और श्रोता सहजता, सरलता से समझ जाए; उसके दिलो–दिमाग में विषय शीघ्र स्थिर हो जाए। उनकी वक्तृत्व पद्धति सचमुच में अनूठी, आकर्षक और प्रभावक थी।

व्याख्यान के बाद उनके पास बैठा तो उन्होंने मुझे कई–कई संस्मरण सुनाए जो कि पंजाबकेशरी गुरुदेव श्रीमद् विजय वल्लभसूरीश्वरजी महाराज से संबंधित थे, पंजाबकेशरी गुरुदेव की उदारता, सामाजिकता, दीर्घदर्शिता, परोपकारिता और शासनप्रभावकता के संबंधित थे।

सोचा था कि भाईंदर में चातुर्मास के बाद हम अवश्यमेव मिलेंगे मगर तीसरी बार मिलना शायद भवितव्यता को स्वीकार न था। अत: तीसरी बार मिल नहीं पाया और उनका मुंबई में कालधर्म हो गया। यह अफसोस अब भी है कि तीसरी बार मिलना नहीं हो पाया। वे महान थे ; आदर्श थे; उनके संयमधर्म की भूरि भूरि अनुमोदना। ✦✦✦

## ૧૪ પુત્રનાં લક્ષણ પારણામાં

- પ.પૂ. સિદ્ધહસ્તલેખક આ. ભ. શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

ઘણા ઘણા અનુભવોના અર્કરૂપ કહેવતો સ્વયંભૂ રીતે જન્મ પામતી હોય છે અને ઠેર ઠેર જનજીભે સ્થાન પામતી હોય છે. પુત્રનાં લક્ષણ પારણામાંથી જ પરખાય અને પુત્રવધૂનાં લક્ષણ બારણામાં પ્રવેશતી વખતના એના પગલા પરથી જ કળી જવાય. આ કહેવત મુજબ પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજના શિશુ જીવનમાં જ કેટલીક વિશેષતાઓ સૂર્યોદયની જેમ ઝગારા મારતી જોવા મળતી હતી. જેના આધારે આ કહેવતની સચ્ચાઇનો સાક્ષાત્કાર થવા પામતો.

છ વર્ષની વયથી જ પ્રતિવર્ષ પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધની આરાધના, નાનકડી વયમાં પંચપ્રતિક્રમણ ઉપરાંત નવસ્મરણનું કંઠસ્થીકરણ, ધર્મગુરુના પરિચયના પ્રભાવે પૂર્વભવની સાધનાના સંસ્કારોનું જાગરણ થતા ડભોઇના આ બાળકના મનમાં સંયમ સ્વીકારવાની તાલાવેલી અને તમન્નાનો એટલી હદે ઉછાળો આવ્યો કે માતા-પિતાની અનુમતિ ન મળતા ઘરેથી એ ભાગી છૂટ્યા. વાલીઓ એને ઘરે લઈ આવે તો બિન્દાસ એ પાછા ભાગી જાય. સામાન્યપણે તો વારંવાર સ્વજનોનો વિરોધ જોઈને એક નાનો બાળક હાર જ માની જાય. પણ આ બાળકે મક્કમતાથી લડત આપી. ૧૭-૧૭ વાર ઘરેથી ભાગી, અંતે પૂ. ધર્મસૂરીશ્વરજી મ. પાસે દીક્ષા સ્વીકારી.

સંયમનો સૂર્યોદય થવા માત્રથી સંતુષ્ટ ન બનતા સંયમી બન્યા બાદ માત્ર બે દિવસમાં પક્ખીસૂત્રની ૩૫૦ ગાથાનું કંઠસ્થીકરણ, પ્રથમ ચોમાસામાં જ પ્રતિદિન પાંચેક પાઠગ્રહણ, પર્યુષણામાં પ્રવચન : આવી સિદ્ધિઓ 'પુત્રનાં લક્ષણ પારણામાં' આ કહેવતની સચ્ચાઇ જ દોહરાવતી રહી. 'સિદ્ધહેમ વ્યાકરણ'નો નવકારની જેમ કડકડાટ સ્વાધ્યાયઃ આવા અપૂર્વ જ્ઞાનયોગની જેમ પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજનાં જીવનમાં જોવા મળતો બીજો પણ આથી ય વધુ મહત્વનો યોગ હોય તો તે 'ગુરુચરણોપાસનાનો યોગ !' જ્ઞાનતીર્થ પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજે ગુરુની પ્રતિછાયા બનીને કરેલી ઉપાસના સદૈવ સંસ્મરણીય જ રહેશે.

સાહિત્યકલારત્ન પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મહારાજના પરિચયમાં તો ઘણી ઘણી વાર આવવાનું બન્યું હતું. એના પ્રમાણમાં પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજના પરિચયમાં ખાસ આવવાનું બન્યું ન હતું. એમના શિષ્યરત્ન સમર્થ સાહિત્યસર્જક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજીની સાથેનો સાહિત્ય સંપર્ક વર્ષો જૂનો હતો. સૌ પ્રથમ ભાયંદરમાં અને છેલ્લે છેલ્લે નાગેશ્વર ધર્મધામ તીર્થમાં ઉપધાન પ્રસંગે વિહાર દરમ્યાન પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજ સાથે હળવા-મળવાનું બન્યું હતું. પણ એમનો સાચો પરિચય તો પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ વિરચિત નવતત્ત્વ પરની સંસ્કૃત સુમંગલાટીકાનાં માધ્યમે થવા પામ્યો.

૫૦૦ થી વધુ પૃષ્ઠોમાં પૂજયશ્રીની કલમે 'નવતત્ત્વ પ્રકરણ'નો એ જાતનો ગુજરાતી ભાવાનુવાદ થયો છે કે જે સંસ્કૃતનો અભ્યાસી ન હોય તો ય આ એક જ ભાવાનુવાદના માધ્યમે નવતત્ત્વનો અચ્છો જાણકાર બની શકે. ટૂંકમાં એમ કહી શકાય કે, પૂજયશ્રીએ તો આવા અનેક સંપાદનો-સર્જનો કર્યા છે, પણ આ એક જ ભાવાનુવાદ પૂજયશ્રીએ કર્યો હોત તો ય તત્ત્વજિજ્ઞાસુવર્ગ તેઓશ્રીના ઉપકારને ક્યારેય ભૂલી ન શકત. આજે તાત્વિક વાંચનની રુચિ ઘટતી જાય છે, ત્યારે સ્વર્ગત શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજને સાચી શ્રદ્ધાંજલિ આપવા રૂપે સુમંગલા-ટીકાનો ભાવાનુવાદ અભ્યાસની દૃષ્ટિએ એક વાર વાંચી જવાનો અનુરોધ જિજ્ઞાસુવર્ગને કરીને આ લેખાંજલિ અર્પણ કર્યાનો સંતોષ અનુભવું છું. સુમંગલા-ટીકાના આ ભાવાનુવાદમાં પૂજયશ્રીએ જીવથી પ્રારંભીને મોક્ષ સુધીના નવતત્ત્વો એવી સુગમ અને સચોટ શૈલીથી સમજાવ્યા છે કે એના વાંચનથી જિજ્ઞાસુની નજર સમક્ષ શિવસ્વરૂપ સિદ્ધ કરવા જીવે શું શું કરવું જોઇએ અને શેનો શેનો ત્યાગ કરવો જોઇએ? આનું સ્પષ્ટ માર્ગદર્શન તરવરી ઊઠ્યા વિના ન જ રહે. આ નવતત્ત્વની જાણકારી એવી અદ્ભુત છે કે આ જાણ્યા પછી બીજું કંઇ જાણવા જેવું બાકી ન જ રહે. એવી આશા રાખવી અસ્થાને નહિ જ ગણાય કે વાચકો પણ આવી સાચી શ્રદ્ધાંજલિ અર્પિત કરવા ભાવનાશીલ બનશે... ✦✦✦

૧૫

## શીતળ સ્વભાવ મધુર વ્યવહાર

- પ.પૂ. પ્રખર પ્રવચનકાર આ. ભ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

પ્રસંગ લગ્નનો હતો. વરરાજાના પિતા અબજોપતિ હતા. 'આજ સુધીમાં કોઇએ ઉજવ્યો નહીં હોય એવો લગ્ન પ્રસંગ મારે ઉજવવો છે' એ એમના મનના કોડ હતા અને એટલે જ એમણે પાણીની જેમ પૈસા વેરતા રહીને લોકોના મોઢામાં આંગળાં નંખાવી દીધા હતા. પણ, લગ્નપ્રસંગ સંપન્ન થઇ ગયા બાદ જાનૈયાઓ જ્યારે પોત-પોતાનાં ઘર તરફ જવા રવાના થતાં હતાં ત્યારે વરરાજાના બાપે જાહેર કર્યું કે ''પ્રત્યેક જાનૈયાને મારે પ્રીતિદાનમાં સોનાની લગડી ભેટ આપવાની છે.''

વરના બાપની આ જાહેરાતને સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી તો લીધી. પણ વિદાય થતી વેળા વરના બાપે દરેક જાનૈયાના હાથમાં ગરમાગરમ સોનાની લગડી મૂકવાનો પ્રયાસ કર્યો ત્યારે સહુ જાનૈયા હબક ખાઇ ગયા, 'અમારું આ અપમાન?' એમ વિચારી દરેક જાનૈયા વરના બાપને ગાળો દેતા ત્યાંથી રવાના થઇ ગયા...

*****

પ્રસંગ લગ્નનો હતો. વરરાજાનો પરિવાર મધ્યમ સ્થિતિનો હતો. ન એવો કોઇ ભવ્ય લગ્નમંડપ હતો કે ન એવો કોઇ ભવ્ય જમણવાર હતો.

ઘરની બહાર ઊભા કરેલ નાનકડા કપડાંના મંડપમાં લગ્નવિધિ ચાલી રહી હતી અને જમણમાં સહુની થાળીમાં પુરી-શાક અને દાળ-ભાત પીરસાઇ રહ્યા હતા.

પણ વરના બાપનો પ્રત્યેક જાનૈયા સાથે આત્મીયતાસભર જે મધુર વ્યવહાર હતો એ જોઇને-અનુભવીને પ્રત્યેક જાનૈયા આ લગ્ન પ્રસંગમાં આવવા મળવું એ બદલ પોતાની જાતને નસીબદાર માનતા હતા.

*****

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા. તેઓશ્રી પાસે સત્‌ના પક્ષપાતનો વૈભવ તો હતો જ. પણ સત્‌ની પ્રશંસાનો પણ મસ્ત વૈભવ હતો. આથી વિશેષ સત્પ્રવૃત્તિઓના ગજબનાક વૈભવના તો તેઓ સ્વામી હતા જ. પણ પરિણતિની નિર્મળતાનો વૈભવ પણ તેઓશ્રીનો આનંદિત કરી દે એવો હતો...

કહેવું હોય તો એમ કહી શકાય કે શિવવધૂને વરવા નીકળેલા, પક્ષપાત-પ્રશંસા-પ્રવૃત્તિ અને પરિણતિના ક્ષેત્રે ગજબનાક અમીરી ધરાવતા વરરાજા એટલે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ !

મહિનાઓ કે અઠવાડિયાઓ સુધી તેઓશ્રી સાથે રહેવાનું સદ્‌ભાગ્ય તો મને નથી સાંપડ્યું. પણ જેટલો પણ સમય તેઓશ્રી સાથે રહેવાનું બન્યું છે એ સમય દરમ્યાન તેઓશ્રીમાં રહેલા અનેક ગુણોમાંના બે વિશિષ્ટ ગુણોના થયેલા અનુભવે મને સ્તબ્ધ કરી દીધો છે. એ વિશિષ્ટ ગુણોમાંનો પ્રથમ નંબરનો ગુણ હતો શીતળ સ્વભાવ.

જ્યારે બીજા નંબરનો ગુણ હતો મધુર વ્યવહાર. શિયાળામાં ઠંડુગાર બની જતું પાણી, ઉનાળામાં પોતાના એ સ્વભાવનો ત્યાગ કરી દે છે, પણ પૂજ્યપાદ આચાર્ય ભગવંતના શીતળ સ્વભાવે દરેક ઋતુમાં, દરેક પરિસ્થિતિમાં અને દરેક પ્રસંગમાં પોતાનું પોત બરાબર જાળવી રાખ્યું છે...

વળી, પોતાના બચ્ચા સાથે મધુર વ્યવહાર કરતો સિંહ શિયાળના બચ્ચા સાથે ક્રૂર અને કઠોર વ્યવહાર કરી જ બેસે છે. પણ પૂજ્યપાદ આચાર્ય ભગવંતે પોતાના સહયોગી સાથે કે વિરોધી સાથે, સ્વસમુદાયના સાધુ સાથે કે પરસમુદાયના સાધુ સાથે મધુર વ્યવહાર દાખવવામાં કોઇ જ બાંધછોડ કરી નથી. એમને જોઇએ તો એમ લાગે કે નીરખ્યા જ કરીએ. એમને સાંભળીએ તો એમ લાગે કે સાંભળ્યા જ કરીએ. એમની પાસે બેસીએ તો એમ લાગે કે બેઠા જ રહીએ. આવી તલપ, આવી ઝંખના અને આવી અનુભૂતિ પરિચયમાં આવનારના દિલમાં જગાડી દેવી એ ગુણવૈભવના સ્વામી બની ચૂક્યા હોય એ જ કરાવી શકે. ૮૪ વરસનો જીવનકાળ અને એમાં ૬૮ વરસનો સંયમકાળ એ બંને પ્રકારના કાળને જેઓશ્રીએ અજબગજબ અધ્યયન - આરાધના, શાસનપ્રભાવના વગેરે કરીને સાર્થક કર્યો છે એ મહાપુરુષનાં ચરણોમાં વંદના કરીને હું તેઓશ્રી પાસે રહેલ શીતળ સ્વભાવ અને મધુર વ્યવહારના બે વિરલ અને વિશિષ્ટ કહી શકાય એવા ગુણોની યાચના કરું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે શાસનદેવો મારી આ વિનંતિને સફળ બનાવીને જ રહેશે. ✦✦✦

૧૬

## તેજસ્વી સૂરિપુરંદર

- પ.પૂ. સરળ સ્વભાવી આ.ભ. શ્રી વિજય રત્નપ્રભસૂરીશ્વરજી મ.સા.

જૈન શાસનને પામેલ આરાધક જો પુણ્યશાળી હોય તો અંધકારમાંથી અન્યને પ્રકાશમાં લાવી અનેકને પ્રકાશનો અનુભવ કરાવે છે. વિરલ વ્યક્તિ-તેજસ્વી સૂરિપુરંદર પૂ. આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. આવા જ વિરલ પુણ્યાત્મા હતા. દર્ભાવતી તીર્થની પુણ્યભૂમિમાં જન્મ ધરનાર આચાર્યશ્રીને પૂર્વ જન્મના ગાઢ પુણ્યોદયે ધર્મ માર્ગને પમાડે એવા

ઉત્તમ સંસ્કારોને પ્રાપ્ત કરાવનારા માતા-પિતાનો યોગ થયો, જેથી નાનકડી વયે સૂર્યના કિરણોની જેમ આ સૂરિપુરંદરના કિરણો પથરાવા લાગ્યા...

નાનકડી વયે પ્રતિવર્ષ ચોષઠ પ્રહરી પૌષધ વગેરે આરાધના તથા જ્ઞાનના માર્ગે પગલાં મંડાયા. ગુરુજીના સંપર્કથી વૈરાગ્યવાસિત થઈ ૧૭-૧૭ વખત ઘરેથી ભાગ્યા અને અંતે વિ.સં. ૨૦૦૪ માં નદીના પટ ઉપર પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. ના વરદ હસ્તે દીક્ષા સ્વીકારી.

વિનય-વૈયાવચ્ચ સહ સ્વાધ્યાય-જ્ઞાન માર્ગે તીવ્રતર રુચિ, ધનનો અર્થી જેમ ધન માટે, અન્નનો અર્થી જેમ અન્ન માટે પુરુષાર્થ કરે. એમ વિદ્યાના અર્થી એ પુણ્યાત્મા વિવિધ વિદ્યાક્ષેત્રે અપ્રમત્તભાવે અધિક અને અધિક પુરુષાર્થથી સમર્થ વિદ્વાન થયા. એ પુરુષાર્થી સૂરિ પુરંદર પૂ. આ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નાં ચરણોમાં કોટિ વંદન...

વ્યાકરણ, સાહિત્ય, ન્યાયના વિષયમાં પ્રકાંડ વિદ્વાન થઈ કલકત્તા યુનિવર્સિટીની નવ-નવ પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ બન્યા... નવા નવા સાહિત્ય સર્જવામાં, અનેક ગ્રંથોનું આલેખન કરવામાં તેઓશ્રીએ પોતાની તીવ્ર મેધાશક્તિનો ઉપયોગ કર્યો. તે જ્ઞાન સાથે 'હું જ વિદ્વાન બનું' તેમ નહિ પણ પોતાની શક્તિનો સુંદર ઉપયોગ કરી શિષ્યોને-આશ્રિતોને - જિજ્ઞાસુઓને પણ ભણાવી-ગણાવી તૈયાર કર્યા.

સૂરિપુરંદરનો મને કાંદિવલી, ખાનપુર, મુંબઈ-નમિનાથ વગેરે ક્ષેત્રમાં મેળાપ થયો હતો. પૂજ્યશ્રીની વાણી સાંભળી મન પ્રફુલ્લિત થયું. ત્રણ દિન પૂજ્યશ્રીની જીવનચર્યા, આરાધના, સરળતા, ભદ્રિકતા જોતાં લાગ્યું કે એક બે નહિ, પણ હજારો ગુણોથી સુશોભિત પંચાચાર સહ ચારિત્રનું પ્રતિપાલન તેઓશ્રી કરી રહ્યા છે.

પૂજ્યશ્રીના ચારિત્રના પુણ્ય પ્રભાવે અનેક શિષ્યોના પરિવાર સહ પૂ. યુગદિવાકરસૂરિજીની હયાતિ બાદ ૮૧ જિનાલયો-ઉપાશ્રય, વડોદરા-ડભોઈ- મુંબઈ વગેરે ક્ષેત્રોમાં ઉપધાન તપ, અનેકાનેક છ'રીપાલિત સંઘો, ૨૦ અંજન શલાકા, ૭૮ પ્રતિષ્ઠા વગેરે શાસનની અતિ ઉત્તમ પ્રભાવના કરી...

શ્રી સંઘો તથા સૌના પ્યારા-હૈયાના હાર એ પૂજ્યશ્રી હતા. સ્વજીવનને ધન્યાતિધન્ય બનાવી નિકટ મોક્ષમાર્ગી થનારા એ સૂરિ પુરંદર પૂ. આચાર્ય મહારાજાનાં ચરણોમાં કોટિ કોટિ વંદના.

✦✦✦

૧૭

# રિશ્તો કી મસ્તી

- પ. પૂ. શાસનપ્રભાવક આ. ભ. શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના લોકોત્તર ખાનદાન (ગુરુપરંપરા) સાથે અમારા લૌકિક ખાનદાનનો (સાંસારિક પરિવારનો) રિશ્તો બહુ જૂનો ને બહુ નજીકનો...

અમો બહુ નાના હતા ત્યારે પૂ.આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. અને પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. છાણી ગામમાં વારંવાર પધારતા અને સ્થિરતા પણ સારી કરતા. એ વખતે અમારી બા અમને સામાયિક કરવા મોકલતી. અમો જતા એટલે પૂ.આ.દે. શ્રી પ્રતાપસૂરિ મ. અત્યંત વાત્સલ્ય અને વ્હાલ સાથે ગાથા ગોખાવતા... તેઓશ્રી પાસે બેસવા મળે એટલે જાણે માનો ખોળો મળ્યો હોય એવો અહેસાસ થતો. ગાથા સિવાયના સમયમાં પણ અમને ઉપાશ્રયે રહેવું બહુ ફાવતું. એ વખતે પૂ.આ. સૂર્યોદયસૂરિ મ. મુનિપણામાં સાથે જ હતા. પણ ત્યારે ભરજુવાની હતી. ખૂબ જ આકર્ષક એમનો દેખાવ હતો. ગોરી કાયા, સુંદર ચહેરો, વળી એના પર ભરાવદાર કાળીભમ્મર દાઢી... પણ એમની સાથે અમને બેસવા નહિ મળતું. એ કાળ એમનો અધ્યયન કાળ હતો ને ?

એ સમયે પૂજ્યશ્રીનો મુંબઈ તરફ વિહાર થયો અને આ બાજુ અમારી નાનપણમાં દીક્ષા થઈ. લગભગ અઢારેક વર્ષ સંપર્ક જ ન થયો.

સં. ૨૦૩૩ માં અમારે સંસારી નાની બેન કુંજબાળાની દીક્ષાપ્રસંગે છાણી આવવાનું થયું. ત્યારે સમાચાર મળ્યા કે ઉપરના એ ઉપકારી પૂજ્યો મુંબઈથી શ્રી સિદ્ધગિરિરાજનો છ'રીપાલક ઐતિહાસિક મહાસંઘ સાથે પધારી રહ્યા છે અને બે દિવસ બાદ વડોદરા પધારવાના છે. એટલે અમને બાલ્યકાળ યાદ આવ્યો.

પૂ. પ્રતાપસૂરિ-ધર્મસૂરિ મ. ની પણ યાદ આવી કે ચાલો, વડોદરા જઈએ. ઘણા સમય બાદ પૂજ્યશ્રીનાં વંદનનો લાભ મળશે. અમો પહોંચ્યા. બપોરનો સમય હતો. એક વિશાળ ગ્રાઉન્ડમાં સંઘનો પડાવ હતો. તંબુમાં ગયા ત્યાં પૂ. આ.દે. શ્રી પ્રતાપસૂરિ મ. બિરાજમાન હતા. વંદન પૂર્વે અમે અમારો પૂર્વપરિચય આપ્યો. એથી પૂજ્યશ્રી એટલા બધા પ્રસન્ન થયા. અમારું મસ્તક ખોળામાં લઈ તમે તો 'શાંતિના દીકરા' બોલતાં બોલતાં પીઠ પર ધબ્બા મારવા લાગ્યા. થોડી વાર પાસે બેસાડી ઔપચારિક વાતો કરી. એમાં છાણીમાં વીતેલા ભૂતકાળને વાગોળવા લાગ્યા અને પછી અમારી રહેવાની વ્યવસ્થા કરી.

થોડા સમય બાદ અમો પૂ. આ. દે. શ્રી ધર્મસૂરિ મ. ને વંદન કરવા ગયા. ત્યાં પણ એવું જ વાત્સલ્ય વરસ્યું. પૂજ્યશ્રીએ રતલામના સમાચાર પૂછ્યા. અમે રતલામમાં બે તિથિપક્ષ તરફથી સંઘમાં સંઘર્ષ, અસમાધિ અને નાજાયજ કેસ આદિથી ઊભી કરેલી પરેશાનીની વાત

જણાવી સાથે આર્થિક સંકટની સમસ્યા પણ જણાવી. પૂજ્યશ્રીએ તત્કાલ શાસનપક્ષને આશ્વસ્ત કરવા તૈયારી બતાવી હતી.

બીજા દિવસે કોઠીપોળનાં ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન હતું. અમો સાથે હતા. તે વખતે પૂ.આ. દે. શ્રી ધર્મસૂરિ મ. નું પ્રવચન સાંભળેલું. પૂજ્યશ્રીનું પહેલું કે છેલ્લું પ્રવચન આ જ સાંભળેલુ. હૃદયસોંસરવાં ઉતરેલા એ પ્રવચનનાં સ્મૃતિ-સુમન આજે પણ તરોતાજા છે. એમાંથી પ્રસરતી તાત્ત્વિકતાની 'મહેંક' આજે પણ તાજગી નોતરે છે.

આ જ પરિવારના આલાનસ્તંભ જેવા પૂ. આ. દે. શ્રી સૂર્યોદયસૂરિ મ. સાથે પણ ઘણી વાર મળવાનું થયું. તેઓશ્રીનાં સંધ્યાજીવનનાં આકાશમાં મંડરાયેલી વિવિધ પ્રકારની રંગોળીઓ અવગાહવાનો અવસર મળતો રહ્યો છે. વૃદ્ધ વયે પણ વિદ્વત્તાની અલપ-ઝલપ જોઇ છે. ઔચિત્યના આસેવન સાથે વાત્સલ્ય માણવાનો પણ મોકો અછુતો નથી અને ખાસ કરીને પ્રાસંગિક વ્યવહારદક્ષતાનો એક અવસર આજે પણ સુસ્પષ્ટ સ્મરણશીલ છે.

તેમની તાર્કિક રજૂઆતનો એક સરસ પ્રસંગ માણીએ. મુંબઇ હતા અમો. ઘાટકોપર - નવરોજીલેન ચોમાસું હતું ત્યારે માટુંગા જૈન સંઘે સામૂહિક રાત્રિભોજન પ્રતિબંધની ઝુંબેશ ઉઠાવેલી. એ માટે ષણ્મુખાનંદ હોલ ખાતે એક વિરાટ સભા આયોજિત કરેલી. મુંબઇના તમામ પૂ. સૂરિદેવો ત્યારે ઉપસ્થિત હતા. દરેક પૂજ્યોએ રાત્રિભોજનત્યાગ સંબંધી ઉદ્‌બોધન કરેલું. ત્યારે પૂ. આ. દે. શ્રી સૂર્યોદયસૂરિ મ.નું ઉદ્‌બોધન બહુ જ સંક્ષિપ્ત પણ માર્મિક અને તાર્કિક હતું. તેઓશ્રીએ શરુઆત જ આ વાક્યથી કરી કે ''કેવલી ભગવંત સર્વજ્ઞ હોવા છતાં રાત્રિભોજન કરતાં નથી'' ને તાળીઓનો ગડગડાટ થયો. જે લોકોનો તર્ક છે કે પૂર્વકાળમાં રાત્રિભોજન એટલે ન'તું થતું કે તે જમાનામાં આજના જેવી પ્રકાશની - લાઇટની વ્યવસ્થા ન હતી. એમના તર્કને લપડાક દેતી પૂજ્યશ્રીની આ રજૂઆત હતી કે કેવલી ભગવંતો (માટે બધું જ પ્રત્યક્ષ છતાં તેઓ) રાત્રિભોજન નથી કરતાં એ બતાવે છે કે રાત્રિભોજનત્યાગમાં પ્રકાશના સદ્‌ભાવ - અભાવની યુક્તિ જ અસંગત છે...

તેઓ ભલે આજે હયાત નથી પણ તેઓની સ્મૃતિ મોજુદ છે તેમજ તેઓના પ્રબુદ્ધ લેખક-ચિંતક-અનુપ્રેક્ષક શિષ્ય અને મારા મિત્ર આ. શ્રી રાજરત્નસૂરિજી મોજૂદ છે એ જ એમના અંશનું અસ્તિત્વ છે.

✦✦✦

## ૧૮ પ્રૌઢ પ્રતિભાશાળી

- પ.પૂ. વિદ્વદ્વર્ય આ.ભ. શ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી મ.સા.

'અહિંસા પરમો ધર્મઃ' આ સ્થૂલ ભાષાનું સૂત્ર છે. 'આજ્ઞા પરમો ધર્મઃ' આ સૂક્ષ્મ વ્યવહારનું - વ્યાપક વ્યવહારનું સૂત્ર છે. આશય એ છે કે પ્રથમ સૂત્ર એમ જણાવે છે કે જેમાં અહિંસા રહી હોય એ શ્રેષ્ઠ ધર્મ છે. બીજું સૂત્ર એમ જણાવે છે કે જેમાં આજ્ઞા રહી હોય તે શ્રેષ્ઠ ધર્મ છે. આશય એ છે કે 'ઘૃતમાયુઃ' અર્થાત્ 'ઘી જીવન છે...', 'ઝેર મોત છે...' આ સ્થૂળ ભાષાનાં સૂત્રો છે. પણ વૈદે ના પાડી હોય તો ઘી પણ મોત બની જાય છે ને વૈદે આપ્યું હોય તો ઝેર પણ જીવન બની જાય. એમ આત્મા માટે મહાવૈદ્ય એવા પ્રભુએ જેની ના પાડી હોય એવી ધર્મક્રિયા પણ અધર્મ બની જાય (જેમ કે વૈયાવચ્ચના અવસરે સ્વાધ્યાય કરવો એ) ને પ્રભુએ ઉપદેશેલી હોય તો અધર્મક્રિયા પણ ધર્મ બની જાય છે.(જેમ કે સાધુને નદી ઊતરવી.)

એટલે નક્કી થાય છે કે કોઇ પણ પ્રવૃત્તિને ધર્મ બનાવનાર કોઇ હોય તો એ પ્રવૃત્તિનું સ્વરૂપ નહીં, પણ 'આજ્ઞા' છે. હવે આ આજ્ઞા કોની? પ્રભુની કે ગુરુની? એ વિચારીએ તો જણાય છે કે સંવિગ્ન ગીતાર્થ ગુરુની હોય છે. અલબત્ત, એમાં ગર્ભિત રીતે જિનાજ્ઞા ભળેલી જ હોય છે. આશય એ છે કે જિનાજ્ઞા એ થીયરી છે. ગુર્વાજ્ઞા એ પ્રેક્ટીકલ છે. ધન્વંતરી - ચરક વગેરે વૈદ્યોએ વૈદક અંગેની જે વાતો ચરકસંહિતા વગેરે ગ્રંથોમાં કરી છે એ થીયરી છે, પણ તે તે દર્દીને કઇ દવા ક્યારે? કેટલી? કઇ રીતે આપવી? વગેરે તો વૈદ્ય કહે એ જ પ્રમાણ બને છે. આ પ્રેક્ટીકલ છે.

એમ જિનાજ્ઞા થીયરી છે અને ગુર્વાજ્ઞા પ્રેક્ટીકલ છે. વૈદિક શાસ્ત્રમાં તે તે જડીબુટ્ટીના જે ગુણો કહ્યા છે એ ગુણોનાં જ કારણે એ જડીબુટ્ટી દર્દી માટે ઔષધ બની જાય છે એવું નથી હોતું. પણ વૈદ્ય તે લેવાનો નિર્દેશ કરે તો એ ઔષધ બની જાય છે ને દર્દી એનું સેવન કરે છે. એમ તે તે ધર્મક્રિયા, શાસ્ત્રમાં એનો જે પ્રભાવ-મહિમા કહ્યો છે, માત્ર એનાં જ કારણે 'ધર્મ'રૂપ બની જતી નથી પણ ગીતાર્થ ગુરુએ એનો નિર્દેશ કર્યો છે માટે એ ધર્મરૂપ બને છે.

આમ આપણી ધર્મક્રિયાઓને 'ધર્મ'રૂપ બનાવવા માટે 'ગુરુ'તત્ત્વ આવશ્યક છે. વળી સમયં ગોયમ! મા પમાયએ... વગેરે સૂત્રો જણાવે છે કે પ્રમાદથી વારવા માટે પણ 'ગુરુ'તત્ત્વ જરૂરી છે. વિષયો-કષાયો બધું જ પ્રમાદરૂપ છે. અનાદિકાલીન સંસ્કારવશાત્ જીવ ક્યારે પ્રમાદને પનારે પડી જાય તે કહી શકાય નહીં. એવા અવસરે ગુરુતત્ત્વ સક્રિય બને છે. ૧૪૪૪ ગ્રંથોના સર્જનહાર સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જેવા પણ જ્યારે કષાયપરવશ બન્યા, ત્યારે એમના ગુરુદેવશ્રી જિનદત્તસૂરિ મહારાજે શ્રી સમરાદિત્ય ચરિત્રની બીજભૂત ગાથાઓ મોકલીને એમને ક્રોધમુક્ત કર્યા. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ જેવા મહાતાર્કિક પ્રબુદ્ધ વિદ્વાન પણ જ્યારે માનકષાયને આધીન થયા, ત્યારે એમના ગુરુદેવ શ્રી વૃદ્ધવાદીસૂરિ મહારાજે એમની પાલખી ઉપાડનારા તરીકે જોડાઇને 'न तथा बाधते स्कन्धः, यथा बाधति बाधते' કહેવા દ્વારા માનઅજગરના ભરડામાંથી તેઓને છોડાવ્યા હતા. આવા ધુરંધરોને પણ જો ગુરુતત્ત્વ આવશ્યક છે તો બીજાઓની તો વાત જ શું?

બાકી માર્ગનો બોધ આપવો...માર્ગે ચઢાવવો...ને ઠેઠ મોક્ષ સુધી શિષ્યને પહોંચાડવો... બધે જ ગુરુતત્ત્વનો મહિમા છે એ વાત જ્ઞાનીઓએ गुरूपारतन्त्र्यं ज्ञानं...'गुरूआणाए मुक्खो'... વગેરે શબ્દો દ્વારા સૂચવેલી છે.

સિદ્ધહસ્તલેખક આચાર્યશ્રી વિજય રાજરત્નસૂરિ મહારાજે સાધનાના પ્રત્યેક પગથિયે આ મહિમાનો અનુભવ જે ગુરુદેવમાં કર્યો તે પ્રૌઢ પ્રતિભાશાળી સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબે આ પ્રતિભાની ખીલાવટ પોતાના ગુરુદેવ યુગદિવાકર સ્વ. પૂ. આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા.ના અદના સેવક બનીને કરી હતી.

પૂ.શ્રી યુગદિવાકર ધર્મસૂરિ મહારાજ દ્રવ્યાનુયોગ વગેરેના અચ્છા જ્ઞાતા હતા તેમજ વિપુલ સાહિત્યના સર્જનહાર હતા. વળી મોહમયી મુંબઇ નગરીને મંદિરમયી બનાવી ભવ્ય જિનબિંબોથી મંડિત કરનારા હતા. કેવા વિશાળ - ભવ્ય જિનમંદિરો!! ને તે પણ લગભગ દરેક પરામાં મોકાનાં સ્થાને...આજે તો કરોડો રૂપિયા આપો તો પણ આવી જગ્યાઓ સ્વપ્ન કહેવાય...

તેઓશ્રીના આ બંને વારસાને ઝીલ્યો...ના, માત્ર ઝીલ્યો નહીં, આગળ પણ ધપાવ્યો તેઓશ્રીના આ પુણ્યપનોતા વારસદાર પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિ મહારાજે અને એના પ્રભાવે તેઓશ્રીમાં પણ ખીલ્યું એક અવ્વલ ગુરુત્વ. જેનો પ્રભાવ આજે જોવા મળે છે આ. શ્રી રાજરત્નસૂરિજી આદિ એમના અઢાર શિષ્ય - પ્રશિષ્યમાં...

સ્વગુરુદેવના સાચા શિષ્ય બની સ્વમાં ગુરુત્વ ખીલવી ચતુર્વિધ શ્રી સંઘ પર વિશિષ્ટ ઉપકારોની હેલી વરસાવનારા પ્રૌઢ પ્રતિભાશાળી સ્વ. પૂ. આચાર્યવર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.ના ચરણોમાં વંદના. ✦✦✦

૧૯

# અનેક ગુણસંપદાના સ્વામી

- પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. (વાગડ સમુદાય)

મુંબઇ મહાનગરીને જિનમંદિરોથી મંડિત કરનાર શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજાના પરમકૃપાપાત્ર દર્ભાવતીતીર્થોદ્ધારક શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મને ત્રણ વર્ષ પૂર્ણ થવાના આરે છે ત્યારે પૂજ્યશ્રીનાં યશસ્વી જીવનને આ.ભ.શ્રી રાજરત્નસૂરિ મ.સા. પોતાની કમનીય કલમથી કંડારી રહ્યા છે. આ જીવનગ્રંથના એક વિભાગમાં અનેક મહાત્માઓના લેખોનો સમાવેશ તેઓએ કર્યો છે અને આ અંગે આત્મીયતાના નાતે અમને પણ યાદ કર્યા તેનો આનંદ છે.

દર્ભાવતીની ભૂમિ સ્વયં રત્નગર્ભા છે. તે ભૂમિના અનેક ગુણરત્નોમાંનું એક અમૂલ્ય રત્ન છે પૂજ્યશ્રી ! ધર્મનિષ્ઠ માતા-પિતા દ્વારા પ્રાપ્ત ઉત્તમ સંસ્કારોથી સંપન્ન પૂજ્યશ્રી માત્ર છ વર્ષની વયથી પ્રત્યેક પર્યુષણ પર્વમાં ચોસઠપહોરી પૌષધ, દૈનિક જિન પૂજા, નવકારશી અને ધાર્મિક અભ્યાસમાં પ્રયત્નકુશળ બન્યા. પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજાના સત્સમાગમથી સંયમ તરફ અભિરુચિ વધતી ગઇ.

પારિવારિકજનોની પ્રારંભિક અનુમતિ ન મળવાથી અજ્ઞાતપણે જતા રહી ગુરુદેવનાં પવિત્ર સાંનિધ્યમાં વિશેષ ધાર્મિક અભ્યાસ અને સંયમયોગ્ય તાલીમ મેળવતા રહ્યા.

દીક્ષા બાદ માત્ર થોડા જ દિવસના સંયમપર્યાયમાં સાધુક્રિયાનાં સૂત્રો, પ્રકરણ ગ્રંથો, ગુણસ્થાનકક્રમારોહ સૂત્ર તેમજ અન્ય પણ અનેક વિશિષ્ટ ગ્રંથો કંઠસ્થ કરી લીધા. તીવ્ર યાદશક્તિના પ્રભાવે દશ જ વર્ષના સમયગાળામાં સંસ્કૃત વ્યાકરણ-ન્યાય-સાહિત્યના વિષયમાં ઉત્તમ વિદ્વત્તા પ્રાપ્ત કરી.

પોતાના ગુરુદેવશ્રીના જ્ઞાનખજાનામાંથી પણ કર્મસાહિત્ય, આગમગ્રંથો અને અનેક પ્રકરણ ગ્રંથોનું ભાષ્ય, નિર્યુક્તિ, ટીકા સહ વિશદ અધ્યયન કર્યું અને પરિશીલન કરવા દ્વારા કુશળ બન્યા.

પરમાત્મા અને પૂ. ગુરુદેવ પ્રતિ અજોડ સમર્પણભાવ, સર્વત્ર ઔચિત્યપાલન અને દાક્ષિણ્ય-વાત્સલ્યગુણના તેઓ ભંડાર હતા. અમને પણ તેઓશ્રીનાં સાંનિધ્યનો બે વાર લાભ મળ્યો. ત્યારે અન્ય સમુદાયવર્તી મુનિગણ પ્રત્યે તેમના હૃદયનો સહજ પ્રેમભાવ, વાત્સલ્યભાવ માણવા મળ્યો હતો જે અવિસ્મરણીય હતો.

પુણ્યપ્રભાવક તેઓશ્રીના હસ્તે અંજનશલાકા-પ્રતિષ્ઠા-છ'રિપાલિત સંઘ, ઉપધાન તપ તથા અન્ય શાસનપ્રભાવક કાર્યો અનેકોની સંખ્યામાં અને ઐતિહાસિક રૂપે થતા રહ્યા હતા.પોતાની જન્મભૂમિ-પ્રાચીન દર્ભાવતીતીર્થના સર્વાંગીણ પુનરોદ્ધારના પ્રેરક-માર્ગદર્શક પૂજ્યશ્રી જ હતા.

અનેક ગુણસંપદાના સ્વામી અપૂર્વ પુણ્યપ્રભાવશાળી શાસનપ્રભાવક સૂરિવર્યશ્રીનાં ચરણોમાં અનેકશઃ વંદન-નમન..! ✦✦✦

## ૨૦ ગગને દીપ જલે

- પ.પૂ. શાસન પ્રભાવક આ.ભ. શ્રી વિજય રત્નચન્દ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

કુદરતી આ દુનિયામાં કેટલાક નામો સ્વયં જ તેજસ્વી અને ઓજસ્વી હોય છે. એમના નામમાં જ હકારાત્મકતા જોવા મળતી હોય છે. તેજ અને પ્રકાશ જોવા મળે છે. નામ જ એ સૂચવે છે કે એ વ્યક્તિ આખી જિંદગી ઊર્જાથી ભરપૂર રહેવાની છે.

આવું જ એક પુણ્યનામ છે પૂ. આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.નું !! નામનું પણ એક આગવું મહત્ત્વ હોય છે. અને એ મહત્ત્વ આચાર્યભગવંતશ્રીમાં ચરિતાર્થ જોવા મળે છે. એમણે સૂર્યની જેમ સર્વત્ર પ્રકાશ પાથર્યો અને એમનાં જીવનમાં સતત ઉદય-ઉદય ને ઉદય જ જોવા મળ્યો.

આપણે સૂર્યની અને પૂજ્યશ્રીની ત્રણ વિશેષતાઓ ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરીશું :

(૧) **અંધકાર દૂર કરે :-** રાત્રિ પરિપૂર્ણ થાય અને બાળ સૂર્ય પોતાનો પ્રભાવ પૃથ્વી ઉપર ફેલાવાની શરુઆત કરતાં જ અંધારું ફફડીને ભાગી જાય છે. અંધારું ભાગે એટલે ઉજાશ-ઉજાશ થઇ જાય. સર્વત્ર પ્રકાશ ફેલાઇ જાય અને તે સૂર્યના કિરણો પણ મનોહર લાગે.

પૂ. આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરિજી મ. પણ બાલ્યવયમાં જ અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર થયા. દીક્ષાના દિવસથી જ સૂર્યોદયનું અજવાળું પ્રકાશિત થતું દેખાય છે.

બે દિવસમાં પક્ખીસૂત્ર, દોઢ દિવસમાં ગુણસ્થાનક ક્રમારોહ કે પછી વ્યાકરણ જેવો કષ્ટસાધ્ય ગ્રન્થ કે ૧૦ વર્ષમાં ઉચ્ચ અભ્યાસ કરવો એ નાની સૂની વાત તો ન જ કહેવાય!!

પૂર્વ ભવના પ્રચંડ સંસ્કાર અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પણ તીવ્ર કક્ષાનો જોવા મળે છે. એથી નાનપણમાં જે જ્ઞાનસાધના કરી તે ૮૪ વર્ષની અંતિમ અવસ્થામાં પણ સ્મૃતિગત રહી.

(૨) **રોજ ઉદય પામે છે :-** સૂર્ય ઊગે એટલે આદમી ઊઠે. સૂર્ય ઊગે છે પણ આપણે શું કરીએ છીએ ? સૂર્યની જેમ ઊગવાનું છે. પણ આપણે ઊગવાના બદલે ઊઠીએ છીએ, ઊઠો નહિ ઊગો.

પૂ. સૂર્યોદય સૂ.મ. સૂર્યની જેમ ઊગતા હતા. ઊગવામાં તાજગી હોય, સ્ફૂર્તિ હોય અને આનંદ હોય. ૮૦ વર્ષની ઉંમરે પણ એમનામાં તાજગી જોવા મળતી. શાસનના કેટલા અદ્‌ભુત કાર્યો એમણે કર્યા. અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, સંઘ, પુસ્તક પ્રકાશન, તીર્થ જીર્ણોદ્ધાર, તીર્થનિર્માણ : કેટકેટલી શાસનપ્રભાવના ગણાવી શકાય? સૂર્યનાં તેજને ટોપલામાં ભરી શકાય તો એમના કર્તવ્યોની ગણના કરી શકાય. આ કાર્યોનાં મૂળમાં એમની ઊગવાની ટેવ ગણી શકાય. કેમ કે જ્યારે ઘાટકોપર-જગડૂશાનગરજિનાલયનો વિષમ પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે જે ખુમારી અને ખમીરી વ્યક્ત થઇ અને રાત-દિવસ અથાક પ્રયાસ કરી જિનાલયને ઉગારી લેવામાં જહેમત ઉઠાવી તે ઊગવાનું - સ્ફૂર્તિમંત રહેવાનું પરિણામ હતું!

અનેક શાસનપ્રભાવના તેઓશ્રીનાં જીવનમાં જોવા મળી છે. જ્યારે જઇએ-જોઇએ ત્યારે તાજગી અને સ્ફૂર્તિ એમનામાં જોવા મળતી.

(૩) **સ્વયં ઉદ્યમવંત હોય :** સૂર્યે એકાદ વાર પણ ઊગવાનું માંડી વાળ્યું હોય કે મોડા ઊગવાનું કે ધીમે ચાલવાનું કર્યું હોય તેવું જાણવા મળ્યું નથી. સૂર્ય સતત ઉદ્યમશીલ હોય તેમ પૂ. સ્વ. આચાર્યશ્રી પણ સતત ઉદ્યમશીલ રહેતા હતા. રોજ ૧૮ કલાક અધ્યયન કરવું પડતું હતું ત્યારે, વિવિધ આગમોનું વિશદ અધ્યયન કરતાં ત્યારે, સંયમ મેળવવા ૧૭-૧૭ વખત (૧૨ વર્ષની વયે) ઘરેથી ભાગી જતાં હતા ત્યારે અને સેંકડો શાસનપ્રભાવનાનાં કાર્યો વખતે એમનો ઉદ્યમ સ્પષ્ટપણે જણાઇ આવ્યા વગર ન રહે.

૮૧ વર્ષની વયે પણ ૧૮ વર્ષના યુવાનને શરમાવે તેવા અદ્‌ભુત થનગનાટભર્યા અને ઉત્સાહસભર જીવનશૈલીના માલિક પૂજ્યશ્રી બાહ્ય શક્તિઓની સાથે સાથે અભ્યંતર શક્તિના પણ માલિક હતા.

એમની અપૂર્વ શાસન પ્રભાવનાનાં કાર્યોની ઝલક જોઇશું તો પણ ખ્યાલ આવશે કે ૬૮ વર્ષના સંયમ પર્યાયમાં આટલા બધા કાર્યો કેવી રીતે કરી શક્યા હશે..?

યુગદિવાકરશ્રીની કૃપા ને ઝીલીને જ તેઓ આટલા સમર્થ બની શક્યા હશે...''गुरुकृपा हि केवलं परं शिष्यस्य मङ्गलम् ।''

પૂજ્યશ્રી પ્રચંડ પુણ્યના સ્વામી હતા. જે-જે સંઘમાં ચાતુર્માસ આદિ કરે અને સંઘમાં સહજ ભાવે પ્રેરણા કરે તે-તે સંઘો પ્રેરણાને ઝીલી આગળ વધે. લાખો-કરોડો ₹.ના કાર્યો એમ ને એમ થાય !! અને એ પણ સંઘના સભ્યોના દિલ જીતીને, પ્રેમભાવ ટકાવીને કામ કરવું એ નાની સૂની વાત તો ન જ કહેવાય. માટે માનવું જ રહ્યું કે એમનું પુણ્ય પ્રચંડ હતું.

શાસનપ્રભાવના હોય, પુણ્ય હોય, ભક્તો હોય, વક્તૃત્વશક્તિ હોય, પણ સંયમચુસ્તતા ન હોય તો બધું જ નકામું. ૧૬ વર્ષની ઊગતી વયમાં ચારિત્ર લઇને રત્નત્રયી આરાધનાના ઉત્તમ ૬૮ વર્ષ નિર્મળ જીવન જીવવા પૂર્વક પસાર કર્યા. ૬૮ વર્ષનાં ઉત્તમ સંયમ જીવન દરમ્યાન અનેક શાસન પ્રભાવના વચ્ચે પણ આરાધનાની ઉત્તમ પરિણતિ સતત ટકી રહી. સાધુ જીવનની મર્યાદામાં રહીને ઘણા શાસન-સમાજ ઉપયોગી કાર્યો કર્યા અને એ જ આરાધકભાવનાં કારણે અંતિમ અવસ્થામાં પણ નિત્ય બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું,

નિત્યસૂરિમંત્રની સાધના અને સ્વાધ્યાય તેમજ વિવિધ પ્રકારના તપની આરાધના કરી શક્યા છે.

અધ્યાત્મભાવની ઊંચાઇએ રહીને સંયમના માર્ગને નિરતિચારે આરાધી એમનો આત્મા ઓર કોઇ નવી ઊંચાઇ સર કરવા અગોચર સૃષ્ટિમાં ચાલ્યો ગયો. સૂર્યોદય પછી સૂર્યાસ્ત નિશ્ચિત હોવા છતાં આપણા સૌ માટે તેઓ એક આદર્શ મૂકીને ગયા છે. ગગનમાં જલતા એ દીપના સહારે આપણે રસ્તો શોધીએ અને એમના અધૂરા કાર્યો પૂરા કરીએ...

આવા મહાપુરુષનું સાન્નિધ્ય અને સેવા કરવાની અણમોલ તક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી આદિ આશ્રિતગણને જે મળી તે એમનું પરમ સૌભાગ્ય ગણાય.

એમણે જે કેડી કંડારેલ છે તે કેડીએ અમે પણ ચાલીને શાસનકાર્યો કરી શકીએ એ જ અભ્યર્થના.

✦✦✦

## ૨૧ આરાધક મહાપુરુષ

**- પ.પૂ. પ્રવચનપ્રભાવક આ. ભ. શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મ. સા.**

અનંત ઉપકારી, પરમ કરુણાસાગર તારક દેવાધિદેવ શ્રી મહાવીરપ્રભુનાં કલ્યાણકારી જિનશાસનને જીવંત રાખવાનું પુણ્યકાર્ય તેમની પરંપરાનાં આચાર્યભગવંતો કરતા હોય છે. એમનાં વ્યક્તિત્વમાં એક પ્રકારની જીવંતતા હોય છે. 'જીવતા હોવું' અને 'જીવંત હોવું' એ બે વાતમાં ફરક છે. સૃષ્ટિ પર કરોડો-અબજો લોકો જીવતા હોય છે પણ બહુ થોડા જ લોકો જીવંત હોય છે. લોકોની જીભે રટાતા રહેવું એ જીવંતતાની નિશાની નથી. પરંતુ જેના થકી ખુદમાં નિત-નવી સાત્ત્વિક તાજગીનો સંચાર થયા કરતો હોય અને અન્ય જીવોને એવી સાત્ત્વિક તાજગી પ્રદાન કરવાની પ્રક્રિયા કાર્યાન્વિત હોય તેવી વ્યક્તિ 'જીવંત વ્યક્તિ'ની વ્યાખ્યામાં સમાઇ શકે. આવા જીવંત વ્યક્તિઓમાં પ.પૂ. આચાર્ય ભગવંત 'શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા'નું નામ અવશ્ય લઇ શકાય.

પૂજ્ય આચાર્યશ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજા જેવા ધર્મપુરુષ પ્રત્યેની સમર્પિતભાવની સેવા-ઉપાસના દ્વારા પ્રાપ્ત કરેલી 'ગુરુકૃપા' એમની બાહ્યાભ્યંતર સફળતાનું મૂળ હતી. 'ગુરુ ભગવંતની અનરાધાર કૃપા જીવનમાં બધું જ હર્યુંભર્યું કરી આપે છે.' આ વાત એમને જોયા પછી પ્રતીત થઇ જતી.

જો કે, મહદંશે લોકો બાહ્ય પુણ્યવૈભવના પરચાઓ દેખીને તેમાં જ ગુરુકૃપા ફળીભૂત થઇ ગઇ હોવાના આભાસમાં રાચતા રહે છે. પણ ધનાઢ્ય ભક્તો, જાજરમાન પ્રસંગો, માન-મોભો : આટલું જ ગુરુકૃપાનું ફળ માનવું એ અજ્ઞતા છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર આત્મામાં પરિણમે તો જ સાચી ગુરુકૃપા ઝીલી ગણાય... બાકી, બાહ્યવૈભવ તો ગુરુકૃપાની ડાળી-પાંખડી જ લેખાય.

પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીની જીવનગાથા જોતા તેમનામાં ગુરુકૃપા સાચા અર્થમાં ફળીભૂત થઇ હોય એવું અવશ્ય લાગે.

માત્ર સંયમના પ્રારંભકાળમાં જ નહીં, પણ આજીવન વિદ્યાર્થીભાવે શ્રુતાર્જન કરનારા સૂરિભગવંતને તીવ્રસ્મૃતિ, શાસ્ત્રમર્મોદ્‌ઘાટિની પ્રજ્ઞા તેમજ શ્રુતાર્થી જીવોનાં આચરણમાં પરિણમે તેવી અધ્યાપન કરાવવાની કુશળતા ગુરુકૃપાથી સંપ્રાપ્ત થયેલ ભેટ હતી. વળી, શ્રી જગદુપકારી જિનશાસનનાં અંગ સમાન શાસ્ત્રગ્રંથોનાં રહસ્યોને વિશ્વમાત્રનાં ભવ્ય જીવો સમક્ષ આજના દેશ-કાળના લોકોને સમજાય તેવી ભાષાશૈલીમાં સંપાદિત-પ્રકાશિત કરી-કરાવી તેઓશ્રીએ અમૂલ્ય શાસનસેવા પણ આદરી હતી. ખાસ તો જીવનના ઉત્તરાર્ધમાં અનેક શાસનપ્રભાવનાનાં કાર્યોની વચ્ચે પણ શાસ્ત્રસંબદ્ધ પુસ્તકોનું સંપાદન એ એમનાં જીવનનું ખૂબ જ અનુમોદનીય જીવનકાર્ય હતું.

કોઇ પણ મુનિ શાસ્ત્રાધ્યયન, સંયમસ્થિરતા, પુણ્યપ્રકર્ષનાં સમન્વયથી પોતાનાં ગુરુભગવંત દ્વારા અનુજ્ઞાત થાય ત્યાર પછી જિનશાસનની સેવા તેમજ પ્રભાવના કરવા અધિકારી થાય છે. પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્ય ભગવંતશ્રીએ પણ આવા ગુરુદત્ત અધિકારથી જીવનભર જિનશાસનની સેવા-પ્રભાવના કરી હતી.

પોતાના પ્રચંડ પુણ્યબળે સેંકડો ભવ્યજીવોને ધર્મમાર્ગમાં પ્રવેશ કરવાનાં સ્થાનસ્વરૂપ જિનાલયો અને ઉપાશ્રયો નિર્માણ કરાવી તેમણે જિનશાસનને દીર્ઘકાળ ટકાવી રાખવામાં સ્વયંનું યોગદાન આપ્યું હતું.

આ ઉપરાંત શાસનરક્ષા એ તો શાસનપ્રભાવના કરતાં પણ અધિક મહત્ત્વનું કાર્ય છે. મુંબઇ જગડૂશાનગરનાં જિનાલયની રક્ષાનું વિરાટ આંદોલન એ પૂજ્યશ્રી દ્વારા થયેલું યાદગાર શાસનરક્ષાનું સત્કાર્ય હતું.

વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે પૂજ્યશ્રી પ્રભાવક થયા બાદ પણ આરાધકતા ટકાવી રાખનારા મહાપુરુષ હતા. નિત્ય જાપ હોય કે અંતિમવર્ષોમાં બિયાસણાથી ઓછું પચ્ચક્ખાણ ન કરવાની દૃઢ ટેક હોય : એ એમની આરાધકતાના નક્કર પુરાવા છે. આવા મહાપુરુષનો કાળધર્મ એ ન સ્વીકારી શકાય એવી વાસ્તવિકતા હોય છે. કારણ કે, પોતાના સમર્પિત શિષ્યોમાં તેઓ સદૈવ 'જીવંત' હોય છે.

પૂજ્યશ્રીનાં પુણ્યચરણોમાં હૃદયપૂર્વક વંદના...

✦✦✦

૨૨

# પૂજ્યશ્રી : મારા વિદ્યાગુરુ

- પ. પૂ. સુદીર્ઘસંયમી આ. ભ. શ્રી વિજય ચન્દ્રસેનસૂરીશ્વરજી મ. સા.

જૈન શાસનની સ્થાપના ભલે તીર્થંકર ભગવંતો કરે, પરંતુ એ શાસનને હજારો-લાખો-ક્રોડો કે અસંખ્ય વર્ષો ટકાવવાનું કાર્ય આચાર્યાદિ ભગવંતો કરતા હોય છે. એટલે એ આચાર્ય ભગવંતોને સૂર્ય-ચન્દ્રની ગેરહાજરીમાં પ્રકાશ આપતા દીપકની ઉપમા અપાઇ છે. ભગવાન મહાવીર પ્રભુનાં આ શાસનના અઢી હજાર વર્ષ સુધીના સમયમાં આવા અનેક મહાન પ્રભાવક આચાર્યદેવો થઇ ગયા. જેમાં છેલ્લા સૈકામાં થયેલ નામાંકિત મહાન સૂરિપુંગવોની શ્રેણિમાં ટોચના ક્રમે આવે એવા એક સૂરિપુંગવ હતા મારા પરમોપકારી ગુરુદેવ મુંબઇ મહાનગરના અજોડ ઉપકારી પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ.

જીવનની ક્ષણે ક્ષણ શાસનસેવા માટે સમર્પિત કરનાર આ મહાન આચાર્ય ભગવંતે જેમ અનેક તીર્થસ્વરૂપ ભવ્ય મંદિરોની હારમાળા ખડી કરી હતી, તેમ અનેક શિષ્ય-પ્રશિષ્યોને પોતાના હાથે તૈયાર કરી ઉત્તમ પ્રકારની શાસનસેવા કરી હતી. પૂ. ગુરુદેવના હાથે ઘડાઇને તૈયાર થયેલ આવા એક મહાન સૂરિપુંગવ એટલે પ.પૂ. પ્રૌઢ પ્રભાવશાળી સમર્થ વિદ્વાન આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. એમણે ગુરુદેવની નિશ્રામાં રહી સંયમ જીવનમાં કરેલ રત્નત્રયીની આરાધના-વિશિષ્ટ અભ્યાસ-ગુરુદેવનાં શાસનકાર્યોમાં સહયોગ કે પછીનાં વર્ષોમાં ગુરુકૃપાના પ્રભાવે કરેલ વિવિધ શાસનપ્રભાવનાઓ-દર્ભાવતીતીર્થોદ્ધાર-જગડૂશા જિનાલયરક્ષા વગેરે વાતો તો આ ગ્રન્થમાં હશે જ.એથી એનો કોઇ ઉલ્લેખ ન કરતા હું જ્ઞાનસંબંધી મારા વ્યક્તિગત અનુભવોની વાત લખીશ. કેમ કે તેઓ મારા વિદ્યાગુરુ હતા.

મારી દીક્ષા વિ.સં. ૨૦૧૩માં બાળવયે થઇ હતી. એ વર્ષોમાં પૂ. યુગદિવાકર ગુરુદેવે મને અભ્યાસ કરાવવાનું કાર્ય પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મ.ને સોંપ્યું હતું. મને તેઓએ સંસ્કૃત બે બુક તથા હૈમલઘુપ્રક્રિયા વ્યાકરણના લગભગ પોણા ભાગથી વધુ સૂત્રો-વૃત્તિઓ કરાવી. એમની અભ્યાસ કરાવવાની પદ્ધતિમાં બે-ત્રણ નોંધપાત્ર બાબતો હતી. પહેલી એ કે આપેલ પાઠ કંઠસ્થ હોય-થઇ ગયેલ સૂત્રોનો સ્વાધ્યાય બરાબર હોય તો જ આગળનો પાઠ આપતા. તેઓ હળવાશમાં કહેતા કે ''આગળ પાઠ અને પાછળ સપાટ, આવી સ્થિતિ મને ન ચાલે.'' બીજી બાબત એ હતી કે મને જ્યાં સુધી જે તે વિષય પૂરો સમજાય નહિ, ત્યાં સુધી અલગ અલગ ઉદાહરણો આપી વિષય સરલ બનાવે. વાત સમજાઇ જાય પછી જ તેઓ આગળ વધે. આ માટે સમય ઘણો બધો જાય તો પણ તેઓ એની દરકાર ન કરે... ત્રીજી બાબત હતી શુદ્ધિનો આગ્રહ. 'વ્યાકરણ વિષય જ એવો છે કે એમાં અશુદ્ધિ ચાલે નહિ' એમ તેઓશ્રી કહેતા. અભ્યાસનાં અને એ પછીનાં વર્ષોમાં એમણે શુદ્ધિ-અશુદ્ધિનાં જે પ્રસિદ્ધ ઉદાહરણો આપ્યા હતા એમાંનાં જાણવા જેવાં બે ચાર ઉદાહરણો રજૂ કરું છું:

* મહાવિદેહ ક્ષેત્રના વિહરમાણ તીર્થંકરદેવોમાં બે નામ ઘણી જગ્યાએ આ રીતે લખાય છે કે 'સીમંધર પ્રભુ-યુગમંધર પ્રભુ'. પૂજ્યશ્રી કહેતા કે આમાં 'સીમંધર'ની અસરમાં 'યુગમંધર' શબ્દ બોલાતો-લખાતો થઇ ગયો છે અને એ અશુદ્ધ છે. સાચું નામ 'યુગંધર' છે. સીમાને ધરે તે 'સીમંધર' અને યુગને ધરે તે 'યુગંધર'. 'યુગમંધર' શબ્દનો કોઇ અર્થ નથી.

* આવો બીજો શબ્દપ્રયોગ થાય છે શાશ્વત જિનેશ્વરો માટે. ઘણી જગ્યાએ એમનાં નામોમાં 'ચન્દ્રાનન-ઋષભાનન' શબ્દો બોલાય-લખાય છે. પૂજ્યશ્રી કહેતા કે આમા 'ચન્દ્રાનન'ની અસરમાં 'ઋષભાનન' શબ્દ લખાતો - બોલાતો થઇ ગયો છે. બાકી ભગવાનનાં નામ માટે 'ઋષભાનન' શબ્દ બંધબેસતો નથી. ચન્દ્રાનન એટલે ચન્દ્ર જેવા મુખવાળા અને ઋષભાનન એટલે બળદ જેવા મુખવાળા. ખરેખર ત્યાં 'ઋષભ' નામ જ યોગ્ય છે, જે વર્તમાનમાં પ્રથમ તીર્થંકર પ્રભુનું નામ છે.

* મોટી શાંતિમાં પાઠ આવે છે 'शान्तिमुद्घोषयित्वा'. તેઓ કહેતા કે સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે 'उद्घोषयित्वा' પાઠ અશુદ્ધ છે, 'उद्घोष्य' પાઠ શુદ્ધ છે. પરંતુ યુગોથી આ પાઠ ચાલ્યો આવે છે માટે એને આર્ષપ્રયોગરૂપે સ્વીકારી લેવો પડે...

* શ્રાવકોના નવમા અતિચારમાં 'મુહપત્તિઓ સંઘટ્ટી' શબ્દો આવે છે. તેઓ કહેતા કે અર્થની અણસમજથી આમાં મુદ્રણ ખોટું થાય છે અને એનાથી અર્થ ખોટો થાય છે. ત્યાં ખરેખર મુહપત્તિ 'ઓસંઘટ્ટી' આ રીતનું મુદ્રણ થવું જોઇએ. ઓસંઘટ્ટી= ઉત્સંઘટ્ટી. એનો અર્થ છે મુહપત્તિ નિશ્ચિત મર્યાદાથી પણ દૂર થઇ જવી. એ અતિચાર છે. સંઘટ્ટી=ભેગી રહેવી એ અતિચાર છે જ નહિ...

આવી ઘણી ઘણી વાતો શુદ્ધિ-અશુદ્ધિ સંબંધી પૂજ્યશ્રી જણાવતાં. જે આ વિષયમાં તેમનું ઊંડાણ બતાવે છે.

મારું એ સૌભાગ્ય રહ્યું કે પહેલા તો અમે પૂ. યુગદિવાકર ગુરુદેવની નિશ્રામાં સળંગ છવીશ વર્ષ સાથે રહ્યા. ઉપરાંત છેલ્લે તેઓના કાળધર્મ સમયે અને પ્રથમ ગુણાનુવાદસભામાં પણ મારી હાજરી રહી. તેમને હૃદયની શ્રદ્ધાંજલિ આપવા સાથે એ પ્રાર્થના કરું છું કે જેમ એમણે પૂ. યુગદિવાકર ગુરુદેવનું નામ રોશન કર્યું છે તેમ એમના શિષ્યરત્ન આ. શ્રી રાજરત્નસૂરિજી અને એમનો શિષ્યપરિવાર પણ પૂજ્યશ્રીનું નામ સવાયું રોશન કરે... ✦✦✦

## ૨૩ નામ પ્રમાણે ગુણઃ સૂર્ય જેવા તેજસ્વી

- પ. પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા.

પંચપરમેષ્ઠીની સુપ્રસિદ્ધ સ્તુતિ 'अर्हन्तो भगवन्त:०'માં આચાર્યદેવો માટે એમ લખાયું છે કે 'आचार्या जिनशासनोन्नतिकरा:.' શાસનની ઉન્નતિ કરનારા અનેકાનેક આદર્શ આચાર્યભગવંતોની શ્રેણિમાં એક ઉજજવલ નામ છે પ.પૂ. પ્રખર વિદ્વાન પરમ શાસન પ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું. તેઓનું જીવન 'यथा नाम तथा गुणा:' હતું. એથી જ તેઓ જીવનભર સૂર્યની જેમ ઝળહળતા રહ્યા. સૂર્યની અનેક વિશેષતાઓ પૈકી ત્રણ વિશેષતાઓ આપણે પૂજ્યશ્રીની સાથે સરખાવીએઃ

સૂર્યની પહેલી વિશેષતા તેજ છે. સૂર્યની સામે નજર કરતા જ આપણને એના તેજનો તરત અનુભવ થાય. એમ પૂજ્યશ્રીની સૂર્ય જેવી તેજસ્વી મુખાકૃતિનાં દર્શન થતાં, પહેલી જ નજરે એમના તેજથી પ્રભાવિત થઇ જવાય. પરંતુ એ તેજ આંખોમાં પાણી લાવી દે તેવું ન હતું, પ્રસન્નતાથી ભરેલું હતું.

સૂર્યની બીજી વિશેષતા છે પ્રકાશ. સૂર્યનો પ્રકાશ ફેલાતા દરેક વસ્તુઓ જેવી હોય તેવી જોઇ શકાય. પૂજ્યશ્રીમાં પણ જ્ઞાનનો જબરજસ્ત પ્રકાશ હતો. એનાં કારણે શાસ્ત્રોના પદાર્થો-તત્ત્વો યથાવત્ સમજી શકતા હતા. સૂર્યનો પ્રકાશ જેમ બીજાઓને લાભ કરે એમ પૂજ્યશ્રીનાં જ્ઞાનનો પ્રકાશ અનેકોને લાભ કરતો હતો. કેટલા ય શ્રમણ-શ્રમણીઓ એમની પાસે અભ્યાસ કરી ચૂક્યા છે. મને પણ પાલિતાણા-સાહિત્યમંદિરનાં ચાતુર્માસમાં તત્ત્વાર્થસૂત્રની અભ્યાસ વાચનાઓ દરમ્યાન તેમજ તે પછી વઢવાણચાતુર્માસમાં પૂજ્યશ્રીના જ્ઞાનપ્રકાશનો લાભ મળ્યો છે.

સૂર્યની ત્રીજી વિશેષતા છે ઊર્જા. સૂર્યની ઊર્જાનાં કારણે જગતના જીવોમાં નવી શક્તિ-નવા 'પાવર'નો સંચાર થાય છે. એમ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવની ઊર્જાનાં કારણે અનેક સંઘોમાં નવી ઊર્જાનો સંચાર થતો. એના પરિણામે સંઘોમાં જિનમંદિરો-ઉપાશ્રયો-આયંબિલખાતાઓ વગેરેનાં સર્જનો થયાં. આ જ રીતે પૂજ્યશ્રીની પ્રેરણા-ઊર્જાનાં કારણે આરાધકોમાં આરાધનાના ભાવોનો સંચાર થયો. એનાથી ઉપધાન-તપસ્યાઓ-પદયાત્રા-સંઘો-અંજનશલાકાઓ વગેરે અનુષ્ઠાનો થયાં.

સૂર્ય જેવા તેજસ્વી પૂજ્યશ્રીનો કાલધર્મ-દીર્ઘ અંતિમયાત્રા-અંતિમ સંસ્કાર વગેરે ઘટનાઓ પણ એવી જ તેજસ્વી રહી. પૂજ્યશ્રીના અંતિમદિન-અંતિમ સંસ્કાર વગેરેમાં મારી પણ ઉપસ્થિતિ હતી.

અનેક ગુણગણાલંકૃત પૂજ્યશ્રીને હાર્દિક વંદનાંજલિ... ✦✦✦

## ૨૪ શાસનના ઝળહળતા સૂર્ય અને મારા જ્ઞાનદાતા

- પ.પૂ. સરલસ્વભાવી આ.ભ. શ્રી વિજય લલિતસેનસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક ન્યાય-વ્યાકરણ-સાહિત્યતીર્થ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એટલે માત્ર અમારા સમુદાયના જ નહિ, જૈનશાસનના એક ધુરંધર નામાંકિત આચાર્ય ભગવંત. જ્યારે જગડૂશા નગર જિનાલય રક્ષાનાં આંદોલનનું એમણે નેતૃત્વ લીધું ત્યારે તો તેઓ જાણે સમગ્ર જૈન સમાજમાં છવાઇ ગયા હતા. પ.પૂ. યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની ચિરવિદાય બાદ મુંબઇમાં તેઓશ્રીએ ઠેર ઠેર અનેક સંઘોમાં કરાવેલ દેરાસરો-ઉપાશ્રયો તેમજ ડભોઇ તીર્થનો ઉદ્ધાર વગેરે અનેક મહાન કાર્યોથી તેમનું નામ જૈન શાસનમાં સુપ્રસિદ્ધ બની ગયું હતું. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીની પ્રેરણાથી પૂ. યુગદિવાકરશ્રીની પુણ્યસ્મૃતિમાં અતિ ભવ્ય વિશાલ ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથતીર્થની પ્રતિષ્ઠા થઇ. જ્યાં હજારો સાધુ-સાધ્વીજી અને લાખો યાત્રિકો ભક્તિનો લાભ લે છે.

પ્રખર વિદ્વાન અને અનેક ગ્રન્થોના સંપાદક પૂજ્યશ્રી પાસે દીક્ષાના પ્રારંભના વર્ષોમાં

મને પણ અભ્યાસની તક મળી હતી. તેઓશ્રીએ મને આવશ્યક સૂત્રોના અર્થો-સંસ્કૃત બુકના અભ્યાસ ઉપરાંત ચરિત્ર વાંચન પણ ખૂબ લાગણીથી-ધૈર્યથી કરાવ્યું હતું. તેઓશ્રી દરેકને એની શક્તિ મુજબનાં ક્ષેત્રમાં જોડવાની ઊંડી સૂઝ ધરાવતા હતા. દીક્ષાનાં એ વર્ષોમાં એમણે મને સમજાવ્યું હતું કે ''અભ્યાસનો પુરુષાર્થ કરતાં રહેવું. પરંતુ એ સિવાય તપ અને વૈયાવચ્ચના યોગોમાં વધુ લક્ષ્ય રાખવું. એમાં જલ્દી આગળ વધાશે.'' મેં પૂજયશ્રીની આ સૂચનાનો પછીનાં વર્ષોમાં અમલ પણ કર્યો.

મારા પુણ્યોદયે, હું તથા મુનિ શ્રી જિનેન્દ્રવિજયજી છેલ્લે છેલ્લે પૂજયશ્રીને કાંદિવલી-પૂર્વમાં વંદનાર્થે મળ્યા. અમે ત્યારે ગુજરાતથી તાજા જ આવ્યા હતા. પૂજયશ્રી ત્યારે ત્યાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ કરાવી રહ્યા હતા. ખૂબ વાત્સલ્યથી મારી સાથે વાતો કરી. ત્યારે ખબર ન હતી કે હવે પૂજયશ્રી એક મહિનાથી પણ ઓછા સમયમાં ચિરવિદાય લેશે. એના થોડા જ દિવસોમાં પૂજયશ્રીની માંદગીના સમાચાર પેપરોમાં આવ્યા. અમે હોસ્પિટલમાં પૂજયશ્રીને શાતા પૂછવા જઇ આવ્યા. કાલધર્મ બોલી-અંતિમયાત્રા પ્રારંભ અને છેલ્લે ભાયંદરની વિરાટ ગુણાનુવાદસભામાં પણ હાજર રહેવાનો અમને લાભ મળ્યો. શાસનના ઝળહળતા સૂર્ય અને મારા જ્ઞાનદાતા પૂજ્ય આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ને કોટિ કોટિ વંદન...

✦✦✦

૨૫

## સૂર્યોદય : ઉર્જાવાન–પ્રકાશમાન

- પ.પૂ. શાસનપ્રભાવક આ. ભ. શ્રી સાગરચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

'सूर्योदय केवल सूर्योदय ही होता है,
सूर्योदय का अस्त होना असंभव होता है।
यहाँ नहीं दिखता तो क्या हुआ?
वो जहाँ है वहाँ सूर्योदय ही होता है।'

કેટલાક સ્થળો... કેટલીક વ્યક્તિઓ...કેટલાક નામો...ઉર્જાપૂત હોય છે...

'સૂર્યોદય' નામ સ્વયં ઉર્જાવાન છે. અને એ નામ વળી ઉર્જાપૂત વ્યક્તિને લાગે એટલે સોનામાં સુગંધ...વ્યક્તિમત્ત્વને વિભૂતિમત્ત્વમાં પ્રવેશવા આવો કોઇ સુયોગ થવો સહજ છે...

આ વાત મેં મારા સમર્થ ગચ્છાધિપતિ આ. સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.ના વ્યક્તિત્વમાં ઘણી વાર જોઇ છે અને એટલે જ તેઓના વિભૂતિમત્ત્વને નમી પડ્યો છું...

ખરેખર તો સૂર્યોદયનો અસ્ત સંભવિત નથી હોતો...

આપણે જેને સૂર્યાસ્ત કહીએ છીએ તે ખરેખર તો ક્યાંક ઉગવાની પ્રક્રિયામાં જ હોય છે.

વ્યક્તિની વાત કરીએ તો છેલ્લાં દાયકાંઓમાં જિનશાસને ત્રણ સૂર્યોદયને જોયા... જાણ્યા...અનુભવ્યા. તેમાંથી છેલ્લા - શેષ રહેલ પૂ. આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. નો અનુભવ પણ ખૂબ વાત્સલ્યમય થયો છે. તેઓનું સાંનિધ્ય પ્રકાશમય હતું...ઘણી વાર પૂજયપાદ ગચ્છાધિપતિશ્રીના વરદમુખે તેઓના અધ્યયનકાલની વાતો સાંભળેલી. વિશેષ પાર્લામાં અને ગોવાલીયાટેંક મળેલા ત્યારે અનુભવાયું...

અભ્યાસની તેઓ માત્ર પૃચ્છા ન કરતા. પરંતુ કો'ક પંક્તિ બોલી જતા ને તેમાં રહેલી લાક્ષણિકતાઓને ખોલતા. પૂજયપાદ આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના સમુદાયના ખરે જ તેઓ પ્રકાશમાન-ઉર્જાવંત સૂર્યોદય હતા. અમારા ગચ્છાધિપતિશ્રી અને તેઓશ્રીએ પેટલાદમાં અધ્યયન - પરીક્ષાઓ સાથે આપી હતી.

શાસનપક્ષની માન્યતાઓ પરત્વે તેઓની ખુમારી રોમાંચક હતી...તો અન્ય કોઇપણ ગચ્છ/સમુદાય માટે માન-સન્માન પણ હતું. જો તે ન હોત તો મુંબઇના આટલા બધા સ્થાપત્યો...જિનાલય-ઉપાશ્રયમાં સૌનું સન્માન ન હોત. આ ગુણ ઠેઠ પૂજ્ય પ્રતાપસૂરીશ્વરજી મ./પૂ. ધર્મસૂરીશ્વરજી મ. પાસેથી તેઓશ્રીએ મેળવેલ હતો.

(૧) સામાચારી પાલનમાં (૨) સાધુઓને અધ્યયનશીલ કરવામાં (૩) શાસનપ્રભાવનામાં (૪) આદર્યા કામોને પૂર્ણતા આપવામાં તેઓ ખરેખર જ ઉર્જાવંત સાબિત થયા છે.

પૂ. મિત્રવર્ય આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના વિશાલ વ્યક્તિત્વમાં તેઓની શક્તિ અનુભવાય છે.પ્રકાશની સાર્થકતા રત્નનાં દર્શનમાં છે.

આવા જિનશાસનની ગૌરવપૂર્ણ આચાર્યશ્રીઓની શૃંખલામાં જોડાયેલા પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના ચરણોમાં સવિનય સસ્મરણ વંદનાંજલિ...

'આ સ્મરણ લખવાનું કારણ એ જ છે,
આંખના ખૂણે હજી ય તેઓ માટે ભેજ છે.'

✦✦✦

# ૨૬ જૈન સંઘના આંગણે ''સૂર્યોદય''

- પ. પૂ. સુપ્રસિદ્ધ લેખક આ.ભ. શ્રી વિજય વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ. સા.

મહાન જૈન સંઘનું સદ્ભાગ્ય એ છે કે તેને સમયે સમયે જ્ઞાની, તપસ્વી, ચારિત્રવાન અને પ્રભાવક જૈનાચાર્યો સાંપડતા રહે છે અને એ મહાપુરુષો જૈન સંઘને એક કદમ આગળ લઇ જાય છે. ઇતિહાસને જોઇએ ત્યારે સમજાય કે સમયે સમયે મળેલા આ મહાન પ્રભાવક જૈનાચાર્યોએ કેવા કેવા વિઘ્ન વળોટીને જૈન શાસનને આગળ ધપાવ્યું છે. આજથી દોઢસો વર્ષ પહેલાંનો સમય એવો હતો કે જ્યારે પૂ. રવિસાગરજી મહારાજ, પૂ. આત્મારામજી મહારાજ જેવા વડીલો વિદ્યમાન હતા ત્યારે જૈન સંઘના શ્રમણ સંઘની સંખ્યા માત્ર ૫૫ સાધુની હતી. આજે આટલી વિશાળ સંખ્યા દેખાય છે તેનું કારણ આ દોઢસો વર્ષમાં થયેલા પ્રભાવક શ્રમણ ભગવંતોની ઉત્કૃષ્ટ મહેનત છે. ફક્ત આ દોઢસો જ વર્ષના સમયમાં જે ધર્મકાર્યો થયા તે આવનારા સમયમાં પોતાનું અમર સીમાચિહ્ન ખડું કરશે. તેનું કારણ આ શ્રમણ ભગવંતોની નિષ્ઠા અને પુરુષાર્થ છે.

પ.પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ એવા જ એક પ્રભાવક સંઘનાયક હતા. અમે પ્રિન્સેસ સ્ટ્રીટ પર દેવકરણ મેન્શનમાં શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પ્રતિષ્ઠા નિમિત્તે પહોંચ્યા તેના બીજે દિવસે સવારમાં ત્યાંના અગ્રણી શ્રી નટવરભાઇ પાટીલે સમાચાર આપ્યા કે શ્રી ધર્મસૂરિજી મહારાજ કાળધર્મ પામ્યા છે અને તેમને ગોડીજી લાવવામાં આવ્યા છે. મારા ગુરુદેવ પૂ. આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે ''ચાલો આપણે ગોડીજી જઇએ.'' હું અને મારા ગુરુદેવ ગોડીજી પહોંચ્યા. ત્યારે ગોડીજીમાં આવેલી ઓફિસના પાછળના ભાગમાં પૂ. જયાનંદસૂરિજી મહારાજ, પૂ. કનકરત્નસૂરિજી મહારાજ અને પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ બેઠા હતા. પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજને તે સમયે પહેલી વાર મળવાનું થયું અને તે ક્ષણથી આરંભાયેલો સંબંધ જીવનભર ઉષ્માભર્યો રહ્યો. ઝવેરી બજારમાં તે સમયે પૂ. યુગદિવાકર આ.શ્રી ધર્મસૂરિજી મહારાજની ગુણાનુવાદ સભા યોજાયેલી અને ત્યારે મને પ્રવચન કરવા માટે મંચ પર દૂર બેઠા હોવા છતાં પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજે પ્રેમાળ હુકમ પાઠવેલો.

પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ પ્રતિભાશાળી આચાર્ય મહારાજ હતા. જ્યારે પણ મળવાનું થયું ત્યારે હૃદયનો ઉમળકો અનુભવાય તેવી તે પળો બની રહી. ઘાટકોપરમાં નવરોજીલેનમાં શ્રી મુનિસુવ્રત જિનાલયની વર્ષગાંઠના સમયે મારા ગુરુદેવશ્રી પૂ. દુર્લભસાગરસૂરિજી મહારાજ, પૂ. જયાનંદસૂરિજી મહારાજ, પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ અને અમે સૌ ઘણા દિવસ સાથે રહ્યા. વ્યાખ્યાનો પણ કર્યા. વ્યાખ્યાનમાં સૌથી પહેલાં મારે બોલવાનું થતું. પછી શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજ બોલતા, પછી શ્રી જયાનંદસૂરિજી મહારાજ બોલતા. પણ પ્રવચનમાં મેં જે કંઇ પણ કહ્યું હોય તેની શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજ અચૂક પ્રશંસા કરીને પોતાના હૃદયની મોટાઇ પ્રગટ કરતા. ત્યાર પછી ઘાટકોપરના સાંઘાણી જિનાલયની વર્ષગાંઠ સમયે પણ જવાનું થયેલું.

એ પછી પણ પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજને મુંબઇ અને અમદાવાદમાં પ્રસંગોપાત્ત અનેકવાર મળવાનું થયું ત્યારે તેમણે હૃદયનો ઉમળકો હંમેશા પ્રગટ કર્યો.

પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજના ક્યારેક મને પત્રો પણ મળતા હતા. મોતીના દાણા જેવા સુંદર અક્ષરોમાં તેમણે જે કહેવું હોય તે કહીને પોતાની પ્રતિભા પ્રગટ કરતા. ક્યારે શું કરવું છે તેનું ચિત્ર તેમનાં મનમાં હંમેશા સ્પષ્ટ રહેતું. જૈન સાધુની મર્યાદાઓ ઘણી હોય છે અને તે મર્યાદાઓ જાળવીને અનેક કામ પાર પાડવાના હોય છે. એ કાર્યો પાર પાડવામાં કેટલી તકલીફ પડે છે તે તો અનુભવી જ કહી શકે. પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ એ તમામ તકલીફોને ઓળંગીને પોતાનું કાર્ય હંમેશાં સફળ રીતે પાર પાડતા. તેનું કારણ એ હતું કે પોતે શું કરે છે અને શું થશે તે તેઓ સમજી જતા.

પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ વિદ્વાન તો હતા જ, વિચક્ષણ પણ હતા. જૈન સંઘ એ ભગવાનની પેઢી છે અને ભગવાનની પેઢીને કુશળતાથી વહન કરવી તે પણ જૈન મુનિનું વિશેષ કાર્ય છે. ધર્મનાં આંગણે અનેક લોકો આવે છે. સૌનાં જુદા જુદા મન છે. સૌના જુદા જુદા વિચાર છે. વળી દરેક એમ સમજે છે કે હું વિચારું છું તે જ બરાબર છે. આ તેમની સમજણમાં પહેલાં તેમનો આગ્રહ જોડાય છે, પછી તેમનો હઠાગ્રહ જોડાય છે, પછી તેમનું અભિમાન જોડાય છે. આવા સમયમાં કોઇ પણ કામ પાર પાડવું આસાન હોતું નથી. પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજને પોતાની વિરલ પ્રતિભાથી એવા વિકટ સમયે પણ પોતાનું કાર્ય પાર પાડતા સૌએ જોયા છે.

પૂ. યુગદિવાકર આચાર્યશ્રી ધર્મસૂરિજી મહારાજનો મુંબઇમાં વિશેષ પ્રભાવ રહ્યો. એમ કહી શકાય કે મુંબઇના જૈનોના એક વિશાળ ભાગ પર તેમનું એકચક્રી શાસન ચાલ્યું. તે સમયે પૂ. ધર્મસૂરિજી મહારાજના પ્રભાવથી મુંબઇમાં ખૂબ ધર્મકાર્યો થયા. આ સમયે પૂ. ધર્મસૂરિજી મહારાજની છત્રછાયામાં બાળવયમાં દીક્ષા લઇને તૈયાર થયેલા પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજ એક સફળ સહાયકની જેમ બહાર આવ્યા. તે સમયકાળમાં તેઓ જીવનની અનેક તડકી-છાયડી જોઇને આગળ આવ્યા હતા. શ્રી સંઘની વિવિધ વિશેષતાઓ તેઓ જાણતા હતા. પૂજનીય ગુરુજનોનાં ચરણકમળમાં બેસીને જીવન અને સંઘના વિકાસ માટેના પાઠ શીખ્યા હતા. એ ઘડતરના પુણ્યપ્રભાવે જ્યારે એમનો સમય આવ્યો ત્યારે પૂજ્ય સૂર્યોદયસૂરિજી મહારાજ જૈન સંઘના એક પ્રભાવક આચાર્ય ભગવંત તરીકે પ્રગટ્યા અને તેમણે ઉત્તમ ધર્મ પ્રભાવના કરી તે ઘટના જૈન સંઘ ક્યારેય નહીં ભૂલે. પૂ. યશોદેવસૂરિજી મહારાજ, પૂ. જયાનંદસૂરિજી મહારાજ અને પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજનો થયેલો પરિચય મને આનંદપ્રદ રહ્યો છે. હું તેમને કદી ભૂલી નહિ શકું.

✦✦✦

## ૨૭ તમે સૂરજ થઈને ચમક્યા...અમે જનમ જનમના તરસ્યા

- પ.પૂ. સરળસ્વભાવી આ.ભ. વિજય પદ્મસુંદરસૂરીશ્વરજી મ.સા.

પરમ પૂજ્ય પ્રૌઢ પ્રભાવશાળી આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબને ૩ થી ૪ વાર મળવાનું થયું... સદા હસમુખો ચહેરો, સરળ સ્વભાવ... તેઓ દેખાવથી મહાન હતા. પણ જ્ઞાનથી અધિક મહાન હતા...

અમારા ગુરુમહારાજ વારંવાર પ્રવચનમાં ૩ વાત કરે છેઃ (૧) નિર્ભયતા (૨) નિશ્ચિંતતા અને (૩) નિર્મળતા. આ ત્રણે ય ગુણો પૂજ્યશ્રીમાં હતા... તેઓ કાયમ નિર્ભય રહ્યા. શાસનના અનેકવિધ કાર્યો નિર્ભય રહીને કર્યા. પછી તે વિહાર હોય કે ચાતુર્માસ હોય, પ્રતિષ્ઠા હોય કે અંજનશલાકા હોય, સંઘનાં કાર્યો હોય કે સમાજનાં કાર્યો હોય... બધા જ કાર્યો ખંતથી અને નિર્ભયતાથી કર્યા છે.

(૨) સંયમ જીવન મળ્યું છે... શાસન મળ્યું છે... ચતુર્વિધ સંઘની પ્રાપ્તિ થઈ છે... પછી ચિંતિત રહેવાની જરૂર શું છે? સ્વ અને પરનાં જીવનમાં સાધનાનાં પુષ્પો ખીલવતા જ રહી સાધનામાં આગળ વધો, બધું સારું જ છે... આવી નિશ્ચિંતતા સાથે તેઓ જિંદગીની છેલ્લી પળ સુધી સાધનાપથમાં અડગ રહ્યા.

(૩) અંતરાત્મા પવિત્ર રહે - નિર્મળ રહે એ માટે તેઓશ્રી સતત સાવધાન હતાં. અનેક ક્ષેત્રોમાં ફર્યા - અનેકના પરિચયમાં આવ્યા. છતાં તેઓશ્રી સાવધ રહી પોતાના આત્માની નિર્મળતા વધારતા જ રહ્યા... અને તેના દ્વારા સંપ્રાપ્ત પુણ્ય દ્વારા શાસનનાં અનેક કાર્યો કરવામાં તેઓશ્રી સફળ રહ્યા. એ નિર્મળતાની યશકલગી તેઓશ્રીનાં શિરે હંમેશા ચમકતી રહી...

આ ત્રણે ત્રણ ચીજ આપનાર અરિહંત પરમાત્મા છે.... કારણ પૂ. સિદ્ધર્ષિગણિએ લખ્યું છે કે મનમાં પેદા થતો એક પણ શુભ પરિણામ એ પરમાત્માની કૃપાનું જ ફળ છે... હા, એક વાત જરૂર લખીશ. વર્ષોથી પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની કૃપા તેઓશ્રી સાથે રહી. યુગદિવાકર ગુરુદેવના પડખે ઊભા રહીને તેમના પડછાયાની જેમ તેઓશ્રીએ કાર્ય કર્યું છે...એ પણ ખૂબ જ અનુમોદનીય છે. ✦✦✦

## ૨૮ જીવંત વ્યક્તિત્વ

પ.પૂ. શાસન પ્રભાવક આ.ભ. વિજય અજિતશેખરસૂરીશ્વરજી મ.સા.

એક સંતને જિજ્ઞાસુએ પૂછ્યું : ''સંત અને સામાન્ય વ્યક્તિ વચ્ચે ફરક શો?''

સંતે કહ્યું : ''સામાન્ય લોકો જીવતા હોય છે, સંત જીવંત હોય છે.''

જિજ્ઞાસુ : ''જીવતા હોવું ને જીવંત હોવું વચ્ચે ફરક શું?''

સંત : ''સળગતી બીડી ને સળગતી ધૂપસળી જેટલો. એકમાં ધૂમાડો આગની હાજરી સૂચવે છે, એકમાં સુગંધ. સામાન્ય માણસ હજારો પ્રવૃત્તિ કરતો હોવા છતાં ખુદને અહેસાસ થતો નથી કે પોતે જીવે છે. એના જીવતા હોવાની ખાતરી એ બીજાની નિંદા-બીજા પ્રત્યે દુર્ભાવ પ્રગટ કરે છે, ત્યારે થાય છે. સંત જીવંત છે, કારણ કે એ પ્રત્યેક પળે પોતાના પરમાર્થમય અસ્તિત્વને પ્રકાશે છે, જગતને સતત એની સુવાસ મળે છે.''

જિજ્ઞાસુ : ''જીવંત રહેવા શું જરૂરી છે?''

સંત : ''પોતે સચેતન-સજાગ-સાજા અને સ્વસ્થ હોવું જરૂરી છે. જેના જીવંત હોવાની નોંધ સહુ લે તે સચેતન છે. ગૃહસ્થ સુકૃતથી, સાધુ સ્વાધ્યાયથી અને સંત પરમાર્થથી સચેતન છે. જેની દરેક પ્રવૃત્તિ વિવેક અને ઔચિત્ય પ્રગટ કરે છે તે સજાગ છે. જેનું શરીર તે-તે સમયે કરવા યોગ્ય દરેક કાર્ય માટે સ્ફૂર્તિવાળું છે તે સાજો છે ને જે દરેક ઘટના પ્રસંગને રોડ પરથી વહેતા ટ્રાફિકની સહજતાથી સ્વીકારી લે છે તે સ્વસ્થ છે.''

સ્વર્ગસ્થ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ ઉપરોક્ત કુટપટ્ટીથી સંત માટેની તૈયાર થયેલી ફ્રેમમાં એકદમ ફીટ બેસે એવા વ્યક્તિત્વના સ્વામી હતા. પૂજ્યશ્રીના વાંચવા મળેલા સંક્ષિપ્ત જીવનકવનમાં એ વાત સ્પષ્ટ નજરે ચઢે છે કે સાધુતાના પ્રાણ સમા ગણાતા સ્વાધ્યાયમાં તેઓ ભાવરુચિ સાથે કેવા ડૂબી ગયા હતા. કાયા ઘસીને પરમાર્થની ચંદન સુવાસ તેઓએ પ્રસારી છે.

સતત પ્રસન્નતા પ્રસરાવતા મુખકમળથી ભલભલાનાં મનને પણ પ્રસન્નતાથી ભરી દેતા પૂજ્યશ્રી જૈન સંઘ માટે એટલા માટે ખાસ આદરણીય હતા કે તેઓશ્રી સ્વ-પરના હિત અને સંઘની ઉન્નતિ માટે હંમેશા સજાગ હતા. પરસમુદાયના તેમજ નાનામાં નાના સાધુ પ્રત્યેનું પણ તેઓશ્રીનું ઔદાર્યપૂર્ણ ઔચિત્ય ક્ષણભર પણ સામીપ્ય પામેલાને જીવનભરનું સંભારણું બની જતું.

સંઘનાં - શાસનનાં દરેક કાર્ય માટે પૂરી સ્ફૂર્તિથી હંમેશા અગ્રેસર થઈ ભાગ ભજવતા

પૂજ્યશ્રી ડોક્ટરની ભાષામાં બિમાર હતા ત્યારે ય એમની નિશ્રા પામેલાને અનુભવ થતો કે પૂજ્યશ્રી તો સાવ સાજા સમા લાગે છે.

અને સ્વસ્થ તો સંઘને નોંધારો મૂકી ઈન્દ્રના અતિથિ થવાની ક્ષણે પણ એટલા જ હતા, જેટલા કોઈ યોજના-કોઈ આયોજન ક્ષેમકુશળ પાર પડવાની ક્ષણે હતા.

૬૮ વર્ષના દીક્ષા પર્યાયમાં, ૨૭ વર્ષના આચાર્ય તરીકેના પર્યાયમાં પૂજ્યશ્રી સતત આત્મ-જાગૃતિ સાથે સંઘ-શાસનનાં વિવિધ કાર્યોમાં પ્રવૃત્ત રહ્યા. આ વાત એમની નિશ્રામાં થયેલી વિવિધ તપસ્યા, ઉપધાન, સંઘ, પ્રતિષ્ઠા, અંજનશલાકા વગેરે કાર્યક્રમો જોતા સહજ જણાઈ આવે છે.

૮૪ લાખ યોનિમાં ચક્કરનાં પ્રતીક રૂપ ૮૪ વર્ષમાં નમસ્કાર મહામંત્રના અક્ષરો જેટલા સંયમ પર્યાયમાં પૂજ્યશ્રી એવું જીવ્યા કે હવે માનો કે એમના એ ચક્કરો સમાપ્ત થયા છે.

ટ્રેન પર બોર્ડ હોય છે-મુંબઈ-દિલ્હી-મુંબઈ. પૂજ્યશ્રી માટે કહી શકાય સંયમમય માનવભવ-દેવલોક-ફરી એવો માનવભવ ને છેવટે ડેસ્ટીનેશન = મોક્ષ.

સૂર્ય ઊગે છે ને માનવ ઊઠે છે. શુભ ભાવોમાં સતત ઊઠતા પૂજ્યશ્રી પરમાર્થ માટે સતત ઊગતા હતા. તેથી જ તેઓ દીક્ષા જીવનના પ્રત્યેક પળે સૂર્યોદય હતા, નહિ કે માત્ર સવારરૂપ ક્યારેક જ.

અલબત્ત, પૂજ્યશ્રીનું દર્શન-સુખ મને ક્યારેક જ મળ્યું છે. પણ એ ક્ષણો ચોક્કસ કશાક વિશેષથી સભર હતી એ નિશ્ચિત વાત છે.

અંતે પૂજ્યશ્રીનાં જીવનકવનને ઊજાળતી પંક્તિઓ-

**પલકે પલકે સ્વપ્નો એની કસબી કાઢે કોર!**
**નવી નવી કળીઓનો મઘ મઘ શ્વાસમહીં કલશોર!**
**ઘટમાં એવું થાય વલોણું, ગોરસ દે અઢળક ! ...**

✦✦✦

## ૨૯ समाधिसाधक पुण्यपुरुष

– प.पू. प्रसिद्ध लेखक आ.भ. श्री विजयरत्नसेनसूरीश्वरजी म.सा.

बालक वर्षभर स्कूल में पढाई करता है, परंतु उसका लक्ष्य तो परीक्षा में पास होना ही होता है। बारह महिने स्कूल जाए, परंतु परीक्षा न दे या परीक्षा में अनुत्तीर्ण हो जाए तो उस बालक की सारी महेनत निष्फल ही जाती है।

व्यापारी दिनभर व्यापार करता है, परंतु उसका मुख्य लक्ष्य तो मुनाफा प्राप्त करना ही होता है। ज्यादा से ज्यादा ग्राहक आए, परंतु मुनाफा न हो तो उस व्यापार का कोई अर्थ नहीं है।

व्यापार में ग्राहक कम आए या ज्यादा आए महत्त्व की वस्तु नहीं है, परंतु महत्त्व तो मुनाफे का है, उसी प्रकार वीतराग–परमात्मा के द्वारा निर्दिष्ट संयम जीवन की साधना का अंतिम फल तो समाधिमृत्यु ही है।

कितने वर्ष संयम पाला? कितनी तपश्चर्याएँ की? कितने शिष्य हुए? कितनी शासन–प्रभावना हुई ? यह महत्त्व की वस्तु नहीं है। परंतु जीवन की अंतिम पलो में 'समाधिभाव' कितना रहा यह सब से अधिक महत्त्व की वस्तु है।

अंतिम समय में समाधि भी उसी को सुलभ है जिसकें जीवन में समाधि हो। जिसके जीवन में शांति नहीं, उसे अंतिम समय में शांति कैसे मिल सकती है? जिसका समाधिमय जीवन है, जो दूसरों को समाधि देता है, जो अपनी आवश्यकताओं को भी गौण करके दूसरे को सहयोगी बनने की मनोवृत्ति रखता है, उसके लिए समाधिभाव सुलभ है ।

भले ही नवकारमंत्र ६८ अक्षर का छोटा सा मंत्र है। परंतु जिसने जीवन में कभी नवकार की आराधना–साधना नहीं की, दैनिक आराधना में नवकार का जाप नहीं किया, उसे अंतिम समय में नवकार याद आ जाना अत्यंत दुष्कर ही है।

मुंबई (महाराष्ट्र) में विहार दरम्यान शासनप्रभावक पूज्य आचार्यदेव श्रीमद् विजय सूर्योदयसूरीश्वरजी म. सा. से अनेकबार मिलने का सौभाग्य प्राप्त हुआ। प्रशांत व सौम्य मुखाकृति–सदैव प्रसन्न मुखमुद्रा एवं औचित्यपूर्ण व्यवहारकुशलता आदि अनेक सद्गुणों के साक्षात् दर्शन होते थे ।

यौवन के प्रांगण में प्रवेश करते ही जैन भागवती दीक्षा का स्वीकार–यह उनके 'प्रबल वैराग्य' का द्योतक है।

जैनागम और जैनशास्त्रों का गहन अभ्यास करने के बाद भी अपने गुरुदेव के प्रति उनके जीवन की अंतिम सांस तक समर्पित होकर रहना–यह उनके 'गुरुसमर्पण' गुण का द्योतक है।

अंतिम बिमारी के पूर्व वृद्धावस्था में भी अखंड बियासने का तप यह उनके 'तप–प्रेम' का प्रतीक है।

नित्य सूरिमंत्र का जाप, नवकारमंत्र का जाप आदि उनकी 'समाधि–रुचि' गुण के प्रतीक है।

अपने गुरुदेव द्वारा आलेखित नवतत्त्व–सुमंगलाटीका का गुर्जर अनुवाद और उसका प्रकाशन उनकी 'गुरुभक्ति' का प्रतीक है।

इन सबके बाद 'जीवन की अंतिम क्षणो में समाधि पूर्वक देहोत्सर्ग'–सबसे अधिक महत्व की बात है।

उनके जीवन में रहे सद्गुणों की भूरि भूरि अनुमोदना। ✦✦✦

# सूक्ष्मेक्षिकापूर्णचिन्तकेभ्य: एभ्य: सूरिभ्य: नमो नम:

– प.पू. विद्वद्वर्यौ आचार्यदेवश्री विजयमुक्ति–मुनिचन्द्रसूरीश्वरौ

२०४७ तमं वैक्रमं वर्षम् आसीत्। तस्मिन् च वर्षे वैशाखमासद्वयम् आसीत्। तत्र प्रथमे वैशाखमासे आ शुक्ल त्रयोदश्या: कृष्णषष्ठीं यावत् नमस्कारमहामन्त्रजपात्मकं सामूहिकम् अनुष्ठानम् आसीत्। अध्यात्मयोगिनाम् अस्मदीयगुरुवराणां पूज्याचार्यश्री–विजयकलापूर्णसूरीश्वराणां पुण्यनिश्रा आसीत्। ९०० आराधका: आसन्। लाभार्थी आसीत् बाबुभाई कडीवालावर्य:। तेषु दिनेषु पूज्याचार्याणाम् अत्यन्तं चिन्तनपूर्णानि प्रवचनानि जायमानानि आसन्। महेसाणानगरस्य सीमन्धरस्वामिमन्दिरसमीपवर्तिनि विशाले उपाश्रये इदम् अनुष्ठानं जायमानम् आसीत्।

तेषु दिनेषु युगदिवाकरपूज्याचार्यश्रीविजयधर्मसूरिसमुदायीय–पूज्याचार्यश्री–विजयजयानन्दसूरि–पूज्याचार्यश्रीविजयसूर्योदयसूरिवराद्यानाम् तत्र आगमनं जातम्। तदानीम् ऐदम्प्राथम्येन अस्माभि: पूज्याचार्यश्रीविजयसूर्योदयसूरिवरा: विलोकिता:। न केवलं विलोकिता:, अपि तु श्रुता: अपि।

प्रात: प्रतिदिनम् अनुवर्त्तमाने प्रवचने ते पू. आचार्य श्री विजयसूर्योदयसूरयोऽपि समागता:। तेषां प्रवचनमपि जातम्। तस्मिन् प्रवचने अन्यत् किमुक्तमिति न सम्यक् स्मर्यते, परम् एक: महत्त्वपूर्ण: बिन्दु: अद्यापि मनसि गुञ्जति।

सोऽयं बिन्दु: तै: कथित:–''अद्यत्वे मनुष्यक्षेत्रे २० विहरमाणा: जिना: सन्तीति वयं मन्यामहे। तेषां सीमन्धरादीनां तीर्थकराणां नामानि अपि वयं सम्यग् विद्म: एव। विंशतेरपि तेषां नामानि अद्य उपलभ्यन्ते। बहव:जना: तादृशा: अपि स्यु:। येषां तन्नामानि कण्ठाग्रे रममाणानि अपि स्यु:। तत्र सीमन्धरजिनाऽनन्तरं क: तीर्थकर: अस्ति? इति तावत् वदन्तु भवन्त:।''

सभास्थितेन केनाऽपि उक्तम्–'युगमन्धर:'इति। ''पश्यन्तु भो:। एतेन भाग्यशालिना किमुक्तम्?'युगमन्धर:'। सम्यग् श्रुण्वन्तु। इदं नाम सम्यग् अस्ति? संस्कृतं जानाना: त्वरितमेव कथयेयु: यत् 'युगमन्धर' इति नाम सम्यक् कथं स्यात्? 'युगन्धर' इत्यनेनैव भाव्यम्। अन्तरा प्रविष्ट :'मकार:'निरर्थक: एव अस्ति।

इयं स्खलिति : श्री सङ्घे कथं जाता? अहम् अभिप्रैमि यत् इयं स्खलिति: आ बहुवर्षेभ्य: अनुवर्तते।सत्य–कर्पूर–क्षमाविजयशिष्यै:पूज्यश्रीजिनविजयै:रचितं किञ्चित् तत् स्तवनं स्मर्यते।

तत्र ध्रुवपङ्क्ति: इयमस्ति–

'श्री युगमन्धरने कहेजो, दधिसुत विनतडी सुणजो' लोके तथाविधम् उच्चार्यमाणं नाम श्रुत्वा तैरपि तदेव नाम स्तवनेऽपि प्रयुक्तम् इति अवसीयते। नामानि तु लोकै: उच्चार्यन्ते तथैव प्रयोक्तव्यानि स्यु: ननु? स्वयं यशोविजयैरपि स्वनाम 'जसविजय' इति नैकेषु स्तवनेषु उक्तमस्ति, तल्लोकवशादेव। परं तन्न अशुद्धम्। केवलं प्राकृतमित्येव।

तत्परवर्तिभि: मुनिभिस्तु क्वचित् 'मणिविजय' नीतिविजय वृद्धिविजय' इत्यादि स्थाने 'मणिविजे नीतिविजे वृद्धिविजे' इत्यपि लिखितं प्राप्यते ।'सुण दयानिधि' इति स्तवनान्ते 'जीवविजे' इति प्रयोग: कर्त्रा स्वयं कृत: विलोक्यते एव। इदम् अशुद्धम् आसीत्। तथाऽपि लोके स्वीकृतम् आसीत्। अत: कविनाऽपि तथाविधमेव स्वीकृतम्। अत्राऽपि इदमेव जातं स्यादिति अनुमीयते।

परम् अस्माभि: इयं स्खलिति: अपसारणीया, इत: परमग्रे न सारणीया। 'युगन्धर' इति सम्यग् नाम एव उच्चारणीयं लेखनीयं च। 'सीमन्धर' नाम्नि यथा 'मन्धर' अस्ति तथा अस्मिन् शब्देऽपि 'मन्धर' इत्यनेन शब्दसाम्यात् प्रविष्टम्। परमत:परम् अस्माभि: शुद्धं नाम एव उच्चारणीयम्। अस्मन्नाम्नि कोऽपि किमपि परिवर्तनं कुर्यात् चेत् वयं न सहामहे एव। तीर्थंकरनामपरिवर्तनं वयं कथं सहामहे? ते तु वीतरागा: सन्ति, नामातीता: सन्ति रूपातीता: सन्ति, ते तु किमपि नैव कथयिष्यन्ति। भवन्त: शुद्धम् अशुद्धं वा तन्नाम वदन्तु, मा वा वदन्तु। ते तु तुष्णीका: एव स्थास्यन्ति। न तेषां काऽपि हानि:। हानिस्तु अस्माकमेव।''

इत्यादिरूपं किमपि तै:तत्र प्रवचने उक्तमासीत् ।

इयं घटना कथयति यत् ते सूरय: प्रत्येकं पदार्थेषु सूक्ष्मेक्षिकया चिन्तनं कुर्वाणा: स्यु:। सूक्ष्मेक्षिकापूर्णं चिन्तनं विना अस्यां स्खलितौ दृष्टिरेव कथं पतेत्? यत: सर्वेऽपि तथाविधमेव नाम उच्चारयन्ति। 'सर्वे यत् कुर्यु: वदेयुश्चैतत् कथम् असत्यं स्यात्?' इति बहुधा साधारणजनानां चिन्तनं भवति। अत: ते अग्रे चिन्तयितुं प्रवर्तन्ते एव न। परं केचन सूर्योदयसूरिसदृशा: अपि भवन्ति, ये यत्र बिन्दौ सामान्यजना: विरमन्ति, तत: तद्बिन्दुत: ते स्वचिन्तनं प्रारभन्ते।

सूक्ष्मेक्षिकापूर्णचिन्तकेभ्य: एभ्य: सूरिभ्य: नमो नम:।

✦✦✦

## ૩૧

# જિનશાસનની વિરલ અમીરાત

-પ.પૂ. સૌમ્યસ્વભાવી આ. ભ. શ્રી વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.

જગતનો પ્રદેશ એટલો હરિત છે કે સાચી મહાનતા ઉઘાડા આંખ - કાને ફરીએ તો મળી જ રહે. સામાન્યથી આપણે આડંબરની ઝાકઝમાળની કે ઘોંઘાટની વચ્ચે જ મહાનતાને ગોતીએ. વિશિષ્ટતાને શોધવા માટે સામાન્યની અંદર ઝાંકવું પડે છે એ આપણી બુદ્ધિના ગલિયારામાં પ્રવેશતું જ નથી.

અને શાયદ આ કારણે જ આપણે સાચી મહાન વ્યક્તિઓને પરખી નથી શકતા, કેમ કે એમને પોતાની વિશિષ્ટતા, ગુણગરિમા અને અદ્વિતીયતાને સાવ સહજ બનાવી દીધી હોય છે.

જ્યાં સુધી એ અસ્તિત્વોનાં ઉંડાણમાં મરજીવા બનીને ડૂબો નહીં ત્યાં સુધી એમની અદ્ભુતતા નથી સમજાતી. અરે! કેટલીવાર તો વર્ષોના સાંનિધ્ય પછી પણ એમના જીવનવૈભવથી અનજાન રહી જતા હોઇએ છીએ આપણે.

આપણી આ અધૂરપને સ્મૃતિગ્રન્થો પૂર્ણ કરી આપે છે. આ કામ અઘરૂં છે અને શાયદ એથી જ ગમે છે. સાગરને ગાગરમાં સંપૂર્ણતઃ સમાવવાની આ પ્રક્રિયા જેણે આદરી હોય એને જ એની દુષ્કરતાનો ખ્યાલ આવે! 'घायल की गत घायल जाने'.

આજે એક એવા જ નરશાર્દૂલનાં જીવન-કવનને શબ્દાંકિત કરવાનો અહીં પ્રયત્ન કરાયો છે. પુણ્યનામ છે આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.!!

તેજસ્વી ચેહરો, પાણીદાર આંખો, વિશાલ ભાલ અને સહજ સન્માન પ્રકટાવે એવી દેહયષ્ટિ, સામેવાળાને આરપાર સુધી વીંધીને એનો તાગ મેળવી લેતી અનુભવી પણ વાત્સલ્યભરી દષ્ટિ, અનન્ય લોકચાહના મેળવવા છતાંય સ્વાધ્યાય અને સંયમ યોગોમાં ખંતપૂર્વક જોડાઇ રહેવાની નિષ્ઠા : આ બધાનો સરવાળો એટલે પૂજ્યશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.

૧૯૮૮માં દર્ભાવતીતીર્થની પુણ્યભૂમિમાં ઉદય પામનાર આ સૂર્ય માત્ર બાર વર્ષની નાની વયે પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના પરિચયમાં દીક્ષાના પ્રભાતને પામ્યો.

દીક્ષા પછી પૂજ્યશ્રીની પ્રતિભા સહસ્ત્રકિરણની જેમ ખીલતી ગઈ. માત્ર બે દિવસમાં પક્ખીસૂત્ર, દોઢ દિવસમાં ગુણસ્થાનકક્રમારોહ સૂત્ર કંઠસ્થ કરવું, રોજના ૫-૫ પાઠ ભણવા, શ્રી સિદ્ધહેમ વ્યાકરણનાં સૂત્રોને નવકારની જેમ હૃદયસ્થ-કંઠસ્થ કરવા એ એમની પ્રજ્ઞા અને સ્વાધ્યાયપ્રેમના પરિચાયક છે..

એ સ્વાધ્યાય લગનની અગની આગળ જઈ ગ્રન્થોના વિશદ વાંચન અને આગમોનાં સૂક્ષ્મ પરિશીલન સુધી વિસ્તરી, મૌન અને અનુપ્રેક્ષાસભર આ સ્વાધ્યાયપ્રેમ વિશિષ્ટ પ્રવચનશક્તિમાં પરિણમ્યો. 'નવપદ ધરજો ધ્યાન' એ પુસ્તકરૂપે એમના પ્રવચનોને મળેલ પ્રચંડ પ્રતિસાદ શ્રોતાઓને ઓળખી શકવાની એમની શક્તિને દર્શાવે છે.

સામાન્યથી વિશિષ્ટ મહાપુરુષોની પાછળની શિષ્ય-પ્રશિષ્ય પરંપરા ગુરુમહારાજના પ્રભાવમાં એટલી તણાઇ જતી હોય છે કે એમની હસ્તી માત્ર ગુરુમહારાજના ગુણાનુવાદ સુધી જ સીમિત થઈ જતી હોય છે.

પરન્તુ ગુરુકૃપાએ અને ગુરુભક્તિના ઉછળતા બહુમાનભાવોને લીધે પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. સાથે આવું નથી બન્યું. પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. જેવા ધુરંધર મહાત્માના અંતેવાસીરૂપ એમને પોતાની પ્રતિભા દર્શાવી. એ ગુરુનાં કાર્યોને માત્ર ગાનારા નહીં, પરન્તુ આગળ ધપાવનારા બન્યા.

સ્વગુરુદેવ રચિત સુમંગલાટીકાનો ભાવાનુવાદ, સ્વગુરુદેવકૃત સંપૂર્ણ સાહિત્યનું પુનઃ સંપાદન - પ્રકાશન, સ્વગુરુદેવશ્રીનાં જીવનચરિત્રગ્રન્થનું શિષ્ય દ્વારા આલેખન, વિભિન્ન જિનાલયો અને ઉપાશ્રયોની હારમાળાનું સર્જન જેવા શકવર્તી કાર્યો દ્વારા એમને સ્વગુરુદેવશ્રીના શાસનપ્રભાવનાના વારસાને આગળ ધપાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

શાસનવાત્સલ્ય, સંઘવાત્સલ્ય, શિષ્યવાત્સલ્યથી તરબોળ પૂજ્યશ્રી જિનશાસનની એક એવી અમીરાત હતા કે જે પાર્થિવ દેહે ભલે આપણી વચ્ચે વિરાજમાન નથી. પણ પોતાના તેજસ્વી કાર્યકલાપોનાં કારણે જિનશાસનના આકાશમાં હંમેશા ચમકતા રહેશે.

✦✦✦

## ૩૨ નિર્મળ નિરપેક્ષભાવ

- પ.પૂ. વિદ્વદ્વર્ય આ.ભ. શ્રી વિજય ઉદયપ્રભસૂરીશ્વરજી મ.સા.

यस्य दृष्टि: कृपावृष्टि–र्गिर:शमसुधाकिर: ।
तस्मै नम: शुभज्ञान,–ध्यानमग्नाय योगिने ।।

જ્ઞાનસાર ગ્રંથના આ સુધામય શબ્દોનું એક આબેહૂબ ચિત્ર પરમ પૂજ્ય આચાર્ય-દેવેશ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. માં ઝલકતું દેખાતુ હતું. સૌમ્યતા, સાહજિકતા અને સરળતાનો ત્રિવેણીસંગમ એટલે પૂજ્યપાદશ્રી.

મારે થોડાક વર્ષ પૂર્વે પાલિતાણાથી વિહાર કરવાનું થતાં પહેલા જ મુકામે ગુરુકુલમાં પૂજ્યશ્રીનો સાંજે મેળાપ થયેલ. તેઓશ્રી પણ વિહાર કરીને પધારેલા હતા. અમે બધા વંદનાર્થે ગયા. વંદન કર્યા બાદ બેસવાનું થયું. સાહિત્યિક વાતો થઇ. તે વખતે મારે તત્ત્વાર્થના પ્રથમ અધ્યાયનું લેખનકાર્ય ચાલતું હતું. તેમાં વ્યાકરણવિષયક 'द्रव्यं च भव्ये' સૂત્રમાં કંઇક શંકા-જિજ્ઞાસા હતી. પૂજ્યશ્રીને પૃચ્છા કરતા તેઓશ્રીએ ખૂબ જ સ્વસ્થતાથી સુંદર નિરાકરણ કર્યું... તેઓશ્રીએ બીજા સૂત્રોના સંદર્ભ પણ આપ્યા હતા. ત્યારે થયું કે કરોડો ધન્યવાદ છે આ આચાર્યદેવને જેઓએ આ ઉંમરમાં પણ વ્યાકરણનાં સૂત્ર કેવા ક્રમબદ્ધ મોઢે રાખ્યા છે.!!

બીજી વાર મુંબઇ ભાયંદર મળવાનું થયું... વેકેશનના દિવસો હતા. કેટલાક બાળમુમુક્ષુ સાથે હતા. પૂજ્યશ્રી પાસે બધા વંદન કરવા ગયા. ત્યારે મેં કીધું : ''બધાને એવા આશીર્વાદ આપો કે શાસનના મહાન પ્રભાવક બને.'' પૂજ્યશ્રીએ ઉદારતાથી બધાને ક્રમસર અંતરના આશિષ આપવા સાથે વાસક્ષેપ કર્યો. તે પછી ટૂંકા જ કાળમાં (ઈ.સ.૨૦૧૬ના) જાન્યુઆરીમાં તેમાંના બે મુમુક્ષુ સંયમના માર્ગે પ્રયાણ કરી ચૂક્યા.તેઓશ્રીનો અંતરનો નિર્મળ નિરપેક્ષભાવ ખરેખર ગજબનો પ્રભાવ પાડી ગયો.

જીવનના છેલ્લા દિવસો સુધી જેઓશ્રીએ બિયાસણા અખંડ રાખેલ... જ્ઞાનયોગમાં પણ જેઓએ નિષ્પ્રકમ્પિતા-અપ્રમત્તતા આદરેલ... એવા સૌમ્યમૂર્તિ પ્રતિભાસંપન્ન શ્રી ધર્મસૂરિસમુદાયના 'સૂર્ય' ને 'ઉદય'ના અનંતાનંત હાર્દિક વંદન... નમન... ✦✦✦

## ૩૩ ધન્ય છે તેમની અંતેવાસિતાને

- પ.પૂ. શાસન પ્રભાવક આ.ભ.શ્રી વિજય મેઘદર્શનસૂરીશ્વરજી મ.સા.

'અદ્‌ભુત એવા જિનશાસનને, વંદન-વંદન-વંદન...' પ્રભુનું શાસન અદ્‌ભુત છે-અલૌકિક છે-અદ્વિતીય છે. સૌને તે તારે છે-ઉગારે છે, આત્મસમૃદ્ધિનો ખજાનો પ્રગટ કરીને આપે છે.

આવા અદ્‌ભુત જિનશાસનની મને-તમને-આપણને સૌને જે પ્રાપ્તિ થઇ છે તેમાં ઉપકાર છે તરણતારણહાર દેવાધિદેવ પરમપિતા પરમાત્મા મહાવીરસ્વામી ભગવાનનો. જો આપણને પરમાત્મા મહાવીરદેવ ન મળ્યા હોત કે આવું અદ્‌ભુત જિનશાસન ન મળ્યું હોત તો આપણી સ્થિતિ આજે શું હોત? તે વિચારતાં ય ધરતી ચક્કર-ચક્કર ફરતી દેખાય છે -આંખે અંધારા આવે છે...!

તરણતારણહાર દેવાધિદેવ પરમપિતા પરમાત્મા મહાવીરસ્વામી ભગવાને ૪૨ મા વર્ષે કેવળજ્ઞાન પામી જિનશાસનની સ્થાપના કરી ૭૨ વર્ષ સુધી દેશનાઓનો ધોધ વહેવડાવીને સૌને આત્મકલ્યાણની ધારામાં ભીંજવ્યા.

પરમાત્માના મોક્ષગમન પછી પણ પ્રભુની તે વચનધારાને મારા-તમારા સુધી પહોંચાડવાનું કાર્ય જિનશાસનની મહાન ગુરુપરંપરાએ ચાલુ રાખીને આપણા સૌની ઉપર મહાન ઉપકાર કર્યો છે. જિનશાસનની આ ચાલી આવતી ઉજ્જવળ પરંપરાને આપણે જેટલા વંદન કરીએ એટલા ઓછા છે.

પ્રભુ મહાવીરદેવના મોક્ષગમનને લગભગ ૨૫૦૦ વર્ષ થયા, છતાં આપણે પ્રભુના શાસનને માણી શકીએ છીએ તેમાં ઉપકારી આ ગુરુપરંપરામાં આજ સુધીમાં અનેક ગીતાર્થ આચાર્ય ભગવંતોનો સિંહફાળો છે. તે તે કાળે પ્રગટેલાં તે સૂરિસિતારાઓએ જિનશાસનની દિવ્ય ધજાને ગગને લહેરાવી છે, પ્રભુનાં શાસનનો જયજયકાર કર્યો છે અને આજે પણ અનેક મહાત્માઓ જમાનાવાદના ઝેરી પૂરમાં તણાઇ જતા માનવોને જિનશાસન દ્વારા ઉગારવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. એ સૌ ધન્યવાદ સહ વંદનાને પાત્ર છે.

જિનશાસનની આવી ઉજ્જવળ ગુરુપરંપરામાં પૂ. આ.વિ. ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજીવન અંતેવાસી પૂ. શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબ પણ થયા કે જેમણે પોતાના ૮૪ વર્ષના જીવનપર્યાય દરમ્યાનના ૬૮ વર્ષના સંયમપર્યાયમાં પ્રભુનાં શાસનની ઉજ્જવળ પરંપરાને આગળ વધારીને જિનશાસનની સુંદર પ્રભાવના દ્વારા પોતાનાં કુળ-ગોત્ર-ગામ તથા સમુદાયને સુંદર ગૌરવ આપ્યું.

પૂજ્યશ્રી સાથે પાંચથી સાત વાર વિહારાદિમાં મળવાના પ્રસંગો બન્યા છે. ત્યારે તેમની વિદ્વત્તા, શાસ્ત્રબોધ, દીર્ઘદર્શિતા, વાત્સલ્ય, પરવિચારસહિષ્ણુતા, ગુણાનુરાગિતા વગેરેના સુંદર અનુભવો થયા છે. સતત હાસ્ય વરસાવતો એ ચહેરો, સવાલોનું હાજર-જવાબીપણું વગેરે આજે ય નજર સમક્ષ તરવરે છે અને હૈયું અહોભાવથી છલકાઇ જાય છે.

તેમની સંયમજીવન સ્વીકારવાની કેવી ગજબની તલપ કે તે માટે ૧૭ વાર ઘરેથી ભાગી છૂટવા સુધીનું સત્ત્વ ફોરવ્યું. ગુરુપારતન્ત્ર્યને આત્મસાત્ કરીને સ્વાધ્યાયના મહાસાગરમાં મરજીવા બનીને જિનશાસનના અદ્ભુત રત્નોને પ્રાપ્ત કર્યાં. એટલું જ નહિ, સ્વાર્થી બન્યા વિના તે શાનદાર-તેજસ્વી-અદ્ભુત રત્નોનો જગતમાં સુંદર વિનિયોગ પણ કર્યો.

આજે મુંબઇ શહેરમાં ઠેર ઠેર સુંદર જિનાલયો-ઉપાશ્રયો શોભી રહ્યા છે તેનાં મૂળમાં સૌથી વધારે ઉપકાર કોઇનો હોય તો તે છે પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.નો...અને આવા વિશિષ્ટ કાર્યમાં તેમને સર્વાધિક સહયોગ કોઇનો મળ્યો હોય તો તે છે પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નો...સ્વયં પ્રભાવક-શક્તિસંપન્ન હોવા છતાં ય કાયમ માટે પોતાના ગુરુદેવ આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સાહેબને સમર્પિત બનીને રહ્યા. ક્યારેય છૂટા પડવાનો કે પોતાનાં વ્યક્તિત્વને સ્વતંત્રપણે વિકસાવવાનો પ્રયાસ પણ ન કર્યો. ધન્ય છે તેમનાં ગુરુપારતન્ત્ર્યને! ધન્ય છે તેમનાં સમર્પણભાવને! ધન્ય છે તેમના આ મહત્ત્વાકાંક્ષાનાં બલિદાનને! ધન્ય છે તેમની આ બિનશરતી શરણાગતિને ! ધન્ય છે તેમની આ અંતેવાસિતાને !

તેમના જેવા અદ્ભુત ગુણોના આપણે પણ સ્વામી બનીએ અને તેમનો આત્મા પણ પુનઃ પ્રભુનાં શાસનને પામીને જલ્દીથી પરમપદને પ્રાપ્ત કરે તેવી મંગલ કામના.

વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઇપણ પ્રતિપાદન થયું હોય તો અંતઃકરણથી મિચ્છા મિ દુક્કડં. ✦✦✦

## ૩૪ सर्वोद्धारक सूरिदेव

– प.पू. शासनप्रभावक आ.भ.श्री जितरत्नसागरसूरीश्वरजी म.सा. 'राजहंस'

गगनमण्डल में आज तक कई तारे उदित हुए, अपने टिमटिमाते प्रकाश से गगन को चमकाया और अस्त हो गए। तारो का उदित होना और अस्त होना कोई नयी बात नहीं है।

जैनशासन के गगन में सूर्यसमान तेजस्वी प्रकाश देनेवाले हमारे तारक तीर्थंकर भगवान है। चन्द्रमाँ के समान गणधर भगवन्त है। ग्रह नक्षत्रों के समान पूर्वधर है और आचार्य भगवन्त टिमटिमाते तारे है।

सभी जानते है कि तारों का प्रकाश सूर्य और चाँद जितना तो नहीं होता मगर वे अन्धियारी रात्रि को प्रकाशित अवश्य करते है। उस अर्थ में हमारे जैन जगत में पूज्य आचार्यश्री सूर्योदयसूरीश्वरजी म. तारे के रूप में उदित हुए और शासनको जगमगाकर दुन्यवी दृष्टिसे अस्ताचल में समा गए।

जब मुझे कहा गया कि अब वे हमारे बीच नहीं रहे क्योंकि उनका स्वर्गवास हो गया और वे सभी शिष्यों और भक्तो को रोते-बिलखते छोड गए, तब आश्चर्य हुआ कि ऐसी विरल व्यक्ति का अस्त कैसे हो सकता है?

काया की कलि मुरझाने मात्र से मानव नहीं मरता। मानव मरता है अपनी कीर्ति की कलि करमाने से और इस अर्थ में पूज्यश्री आज भी हमारे बीच अमर है, क्योंकि उनकी काया की कलि भले मुरझा गई । परन्तु कीर्ति की कलि तो आज भी वैसी ही जीवंत है, जैसी उनके जीवनकाल में थी।

उनका जीवन बहोत आयामी था। उन्होंने शासन का कौनसा कार्य नहीं किया यह शंका का विषय है । मेरी राय में तो शासनप्रभावना के सभी कार्यो पर उनकी पकड थी और इसलिए वह परम शासनप्रभावक कहलाए।

उन्होंने सरस्वती के नर अवतार, महोपाध्याय श्री यशोविजयजी म. सा. की अन्तिम साधनास्थली में जन्म लिया था। जहाँ ऐसे महान तत्त्वज्ञानी पुरुष की उर्जा प्राप्त होती हो उस भूमि का सपूत ज्ञानी एवं शासनप्रभावक बने इसमें कौनसा आश्चर्य है?

उनके माता-पिता कैसे संस्कारी रहे होंगे कि जिन्होंने मात्र छह वर्ष की बाल्यवय में-जहां शैशव का शृंगार भी नहीं उतरा हो, वहाँ पर्वाधिराज पर्युषण में चोसठ प्रहरी पौषध के संस्कारों का सिंचन किया। उनका बेटा यदि महान बनता है तो उसमे आश्चर्य कौनसा है ?

जिस दीक्षाभूमि से वह आए, वह भूमि तो दीक्षा की खान कही जाती है। उसमें उन्होंने दीक्षा के लिए कैसा प्रयास किया यह तो सर्व विदित है। एक बार नहीं बल्कि सत्तर बार वह घर से भाग निकले। जिनका जन्म ही मुक्त गगनविहारी पंछी के रूप में हुआ था वे परिवार की

माया-ममता के पिंजरे में भला कैसे रह सकते थे? और जिन्होंने सत्तर बार घर से भागकर-छुपकर भी अन्त में दीक्षा स्वीकार ली वह दिव्यात्मा चारित्रचूडामणि बने उसमें आश्चर्य किस बात का है?

जिन्हें मुम्बई नगरी को जिनमंदिरो से विभूषित करनेवाले, पूज्यपाद युगदिवाकर आ.भ. श्री वि.धर्मसूरीश्वरजी म.सा. जीवनशिल्पी के रूप में प्राप्त हुए हो, वे आगे चलकर मुम्बई में अंजन-प्रतिष्ठा-उपधान इत्यादि अनुष्ठान द्वारा जनता को धर्ममय बनाते रहे तो इसमें आश्चर्य किस बात का है ?

उन्होंने बाल्यकाल में ही जैन साहित्य के अभ्यास में नम्बर वन का स्थान पा लिया था एवं प्रारंभिक दस वर्ष गुरु सेवा एवं अध्ययन में समय लगाकर विद्वत्ता हासिल की थी, वे गुरुवर अगर अनेक ग्रन्थोके अनुवादक - संपादक बने तो उसमें आश्चर्य क्या है?

जिन्होने अपने गुरुवर युगदिवाकर के चरणो में आत्मसमर्पण किया एवं उनके द्वारा किये गए अजंनशलाका-प्रतिष्ठा-पदयात्राओ-उपधानतप आदि में मार्गदर्शन दिया हो, वे गुरुदेव यदि पू.आ.श्री राजरत्नसूरिजी म. जैसा समर्पित शिष्य परिवार पा जाए तो उसमें आश्चर्य किस बात का है?

जिनके गुरु इतने महान हो उनका शिष्य भी बेशक महान बनता है। इसमें दो मत नहीं है। उन्होंने जैनशासन के सभी योगो को साधकर गुरुदेव की अनुपस्थिति में भी शेष जीवन विशेष बनाया, इसलिए उनको किसी एक विशेषण में बांधना न्यायोचित कैसे हो सकता है? उनको तो शासनप्रभावक, तीर्थोद्धारक, शास्त्रोद्धारक, साहित्योद्धारक आदि विशेषणो के बजाय तो एक ही विशेषण दिया जा सकता है और वह है सर्वोद्धारक।

वह केवल तीर्थोद्धारक ही नही बल्कि आत्मोद्धारक थे। वे बोलते कम थे मगर उनका जीवन हंमेशा बोलता था। जैफ वय में भी वह अपनी आत्मा के प्रति जागरूक थे। वह केवल बातों के बादशाह नहीं, बल्कि आचरणसंपन्न आचार्य थे। वे साक्षात् धर्म के अवतार लगते थे।

यह ही कारण है की आज मुंबई जैसे महानगर में रहकर भी उनका शिष्य परिवार सुन्दर चारित्र का पालन कर उनका नाम रोशन कर रहा है। आज मोबाईल कॉमन बनते जा रहा है उस जमाने में उनका परिवार मोबाईल का उपयोग नहीं करते है यह आज के काल में अजायबी है।

कितना लिखुं उनके बारे में? कागज़ कम पड रहा है और एक मर्यादा भी है। अन्त में उनके गुणो की अनुमोदना करते हुए विराम लेता हूँ इन पंक्तियों द्वारा :-

यूं तो लोग जीने के लिये जीया करते है,
सार नहीं जीवन का लेकिन फिर भी जीया करते है।
मृत्यु से पहले मरते है हजारो लेकिन,
जिन्दगी उन्ही की है जो मरकर भी जीया करते है।

शत-शत नमन-वंदन-अभिनंदन सर्वोद्धारक सूरिदेवके चरणो में... ✦✦✦

३५

## પ્રભાવ પ્રદ્યોતની ભીતરમાં

- પ.પૂ. વિદ્વાન ચિંતક આ.ભ. શ્રી વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા.

કોઈપણ મહાન ગુરુદેવનાં બે વ્યક્તિત્વ હોય છે :

(૧) પ્રભાવક વ્યક્તિત્વ (૨) પ્રભાવિત વ્યક્તિત્વ

પ્રભાવક વ્યક્તિત્વનો તો દુનિયાને ખૂબ સારો પરિચય હોય છે. પ્રભાવક વ્યક્તિત્વની પ્રભાવછાયામાં આવીને ઘણા લોકો આત્મકલ્યાણ સાધતા હોય છે.

પરંતુ કદાચ બહુ ઓછાને ખ્યાલ હોય છે કે પ્રભાવક વ્યક્તિત્વની પૃષ્ઠભૂમિમાં પ્રભાવિત વ્યક્તિત્વ હોય છે. જે જિનશાસનથી સ્વયં પ્રભાવિત ન હોય તે જિનશાસનની પ્રભાવના કેવી રીતે કરી શકે? પ્રભાવિતતા વગરની પ્રભાવકતા પોકળ હોય છે.

જિનશાસનના પ્રભાવક મહાપુરુષોનાં સાધક-જીવનમાં થોડા ઊંડા ઉતરીએ ત્યારે સમજાય કે પ્રભુથી, પ્રભુનાં શાસનથી, પ્રભુનાં વચનોથી, સંયમધર્મથી, પ્રભુના માર્ગથી અને ગુણીજનોના ગુણવૈભવથી તે મહાપુરુષો કેટલા બધા ભાવિત અને પ્રભાવિત થયેલા હોય છે.

બીજાને આંજી દેવા કે પ્રભાવિત કરી દેવા તે મોટી વાત નથી. પરાઘાત નામકર્મના ઉદયથી પણ બીજાને આંજી શકાય, શાનદાર વાક્પટુતાથી પણ આંજી શકાય. પરંતુ આ અંજામણ ઉપરછલ્લું હોય છે. તેની ઊંડી અને ગાઢ અસર હોતી નથી. પ્રભાવિતતાના ઊંડાણમાંથી ઉદ્ભવેલી પ્રભાવકતા જ પ્રભાવિતતા સર્જી શકે છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની શાસન-પ્રભાવકતા સર્વવિદિત છે. તેઓશ્રીનો વિશાળ ભક્તવર્ગ હતો... તેઓશ્રીની પ્રેરણાથી અનેક જિનાલયો-ઉપાશ્રયોના નિર્માણ થયા... તેઓશ્રીની નિશ્રામાં અનેક વાર ઉપધાન થયા... આ બધી વિગતોથી તેઓશ્રીની પ્રભાવકતા ભલે મૂલવાતી હોય, પરંતુ આ બધી પ્રભાવકતાનાં મૂળિયાં છેક તેઓશ્રીનાં સાધનાજીવનમાં પડેલા છે.

અનેક શિષ્યોના કે હજારો ભક્તોના તેઓશ્રી પ્યારા ગુરુદેવ હતા. કારણ કે, જિનેશ્વરદેવનાં અને તારક ગુરુદેવના તેઓશ્રી પરમભક્ત અને સમર્પિત શિષ્ય હતા. ગુરુચરણે બેસીને વિનય અને સમર્પણની સાધના કરી હતી.

સંયમપ્રાપ્તિ માટે માતા-પિતાની સંમતિ ન મળવાથી સત્તર-સત્તર વાર ઘરેથી ભાગી છૂટનારા આ મહાપુરુષ સંયમધર્મથી કેટલા તો પ્રભાવિત હશે ?

દીક્ષાના પ્રથમ વર્ષથી જ રોજની પાંચ-પાંચ વાચનાઓ લેનારા આ પૂજ્યશ્રી પ્રભુના શ્રુતધર્મથી કેટલા બધા પ્રભાવિત હશે ?

ગુરુદેવનો પડ્યો બોલ જીલનારા આ મહાપુરુષ પોતાના ગુરુદેવથી અને સમર્પણ ગુણથી કેટલા બધા ભાવિત અને પ્રભાવિત હશે ?

પૂજ્ય આચાર્ય ભગવંત મહાન પ્રભાવક હતા, તો સાથે ઊંચા આરાધક પણ હતા. કોરી પ્રભાવકતા તો પુણ્યથી પણ સંપજી શકે. પરંતુ આરાધકતા અંદર ભળેલી ન હોય તો તે અસરકારક બનતી નથી. શ્રદ્ધા અને આચરણનાં બળ ઉપર આરાધકતાનું સર્જન થાય છે. તેમાં પુણ્ય અને પરિપક્વતા ઉમેરાય ત્યારે પ્રભાવકતા પ્રગટે છે.

પ્રભાવક કદાચ બધા ન બની શકે, પ્રભુશાસનથી પ્રભાવિત તો સહુ કોઈ બની શકે. પ્રભુશાસનની પ્રત્યેક બાબત એવી છે કે આપણને પ્રભાવિત કરવા અને આંજી દેવા સક્ષમ અને સમર્થ છે.

અંતે એટલો સંકલ્પ જરૂર કરીએ :

હું જિનશાસનનો પ્રભાવક બનું કે ન બનું, જિનશાસનથી પ્રભાવિત તો જરૂર બનીશ...

✦✦✦

૩૬

## દર્ભાવતીતીર્થોદ્ધારક

- પ.પૂ.શાસનપ્રભાવક આ.ભ. શ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.

દર્ભાવતી (ડભોઇ)ની ભૂમિ તીર્થભૂમિ તરીકે પ્રસિદ્ધ થઇ તેનાં બે કારણ છે :

(૧)શ્રી લોઢણ પાર્શ્વનાથ પરમાત્માની અને શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ પરમાત્માની પ્રાચીન ઐતિહાસિક પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી છે. આ કારણથી તે સ્થાવર તીર્થ છે.

(૨) પ્રાયઃ દરેક પરિવારમાંથી એકાદ આત્માએ સંયમધર્મનો સ્વીકાર કર્યો છે, જેથી તે દીક્ષાની ખાણ કહી શકાય. આ કારણથી તે જંગમતીર્થ પણ છે.

તદુપરાંત ન્યાયવિશારદ તાર્કિક શિરોમણિ પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ યશોવિજયજી મ.સા.ની અંતિમ ભૂમિ-અગ્નિસંસ્કારની ભૂમિ છે તેથી પણ તે તીર્થ કહેવાય છે.

આ પ્રાચીન નગરી દર્ભાવતીમાં જન્મ લઇને જેઓએ યુગદિવાકર પ.પૂ.આ. દેવ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.નું સાંનિધ્ય પામી સંયમયાત્રાના યાત્રિક બની આચાર્યપદ સુધી આરોહણ કરી દર્ભાવતી નગરીના પ્રભાવક પુરુષમાં સ્થાન પ્રાપ્ત કર્યું તે પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે દીક્ષાના પ્રારંભકાળમાં સંયમ-સાધનાની સાથે સાથે વ્યાકરણ-ન્યાય-સાહિત્યના વિષયમાં પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાના બળે વિશદ અધ્યયન કર્યું અને પશ્ચાદ્ જિનાલયો-ઉપાશ્રયોનાં નિર્માણ-અંજન-પ્રતિષ્ઠા મહોત્સવોના પ્રેરક બની તેઓ અનેક જૈન સંઘોના ઉપકારી બન્યા.

એમણે દીક્ષા લીધા પછી લગભગ બાવનમા વર્ષે દર્ભાવતી તીર્થ (ડભોઇ)માં ચાતુર્માસ કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન પાંચ મુમુક્ષુઓની યાદગાર દીક્ષા તથા શાનદાર ઉપધાન આરાધના પણ થઈ.

યશોવાટિકા-શ્રી શાંતિનાથજિનાલયનો જીર્ણોદ્ધાર, ઉપરાંત જ્ઞાનભંડાર-જૈન ભવન-જૈનધર્મશાળા-પાંજરાપોળ-પાઠશાળા - શ્રી લોઢણ પાર્શ્વનાથજિનાલય - શ્રાવકઉપાશ્રય જીર્ણોદ્ધાર વગેરે કરાવી દર્ભાવતીતીર્થોદ્ધારકનું બિરુદ પ્રાપ્ત કર્યું. ડભોઇ સંઘના પ્રમુખ શ્રી મફતભાઇને પણ વૃદ્ધવયે દીક્ષા આપી સંઘની દીર્ઘકાલીન સેવાનું ફળ અપાવ્યું. જીવનના અંતિમ વર્ષોમાં શારીરિક નાદુરસ્ત અવસ્થામાં સંયમની ચર્યાને આચરતા-આચરતા મનની સ્વસ્થતાને ટકાવી રાખી અંત સમયે આત્મસમાધિમાં લીન બની માનવજન્મનું અમૂલ્ય ફળ પ્રાપ્ત કર્યું.

દર્ભાવતીરત્ન પૂજ્યશ્રીના સંયમપર્યાય, શાસનપ્રભાવનાનાં કાર્યો અને સાહિત્યસર્જનાદિ કાર્યોની અનુમોદના સાથે તેમનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર આ જ પ્રવાહમાં આગળ વધતો રહે એ શુભ કામના...

✦✦✦

## ૩૭ વિદ્વત્તાનું શિખર

- પ.પૂ. માલવમાર્તણ્ડ આ.ભ.શ્રી મુક્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

આ ચોવીશીના ચરમ કેવલી જંબૂસ્વામીનાં મોક્ષગમનથી આજ દિન સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે સેંકડો-હજારો ધ્રુવતારકો જેવા પૂજ્યપાદ આચાર્યાદિ ગુરુભગવંતો આ જૈન નભોમંડળમાં ચમક્યા છે કે જેમણે પોતાની વિશિષ્ટ તપ-જપ, જ્ઞાન-ધ્યાન, આરાધના-સાધનાઓના બળે અનેક અદ્ભુત, અનુપમ અને અસાધારણ શક્તિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રગટાવીને પ્રભુવીરનાં શાસનની જબ્બર પ્રભાવનાઓ કરી છે.

આ શૃંખલામાં ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી સ્થૂલભદ્રસ્વામી, શ્રી વજસ્વામીજી, આર્યરક્ષિતસૂરિજી, આર્યસુહસ્તિસૂરિજી, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી, શ્રી હરિભદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી બપ્પભટ્ટીસૂરિજી, જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજી, ઉપાધ્યાયશ્રી શાંતિચંદ્રજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી, ઉપા. શ્રી વિનયવિજયજી, અવધૂત આનંદઘનજી આદિ અનેક પૂજ્યો થઇ ચૂક્યા છે. જેમણે આ જિનશાસનને આપેલ અનુપમ ભેટને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પછી આ વીસમી સદીમાં અમારા પરમ ગુરુદેવ ધ્યાનસ્થ સ્વર્ગત પ.પૂ. આગમોદ્ધારક આ.ભ.શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. (પૂ. સાગરજી મ.) સહિત વર્તમાન દરેક ગચ્છ-સમુદાયના આદ્યનાયકો થયા છે જેમનાં યોગદાનને પણ કોઇ ક્યારેય વીસરી શકશે નહિ. આ જ કડીમાં આગળ વધતા ૨૧મી સદીના પ્રારંભમાં પ.પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સ્વર્ણકાલ સાથે તેના અંતમાં તેમના જ ધર્મસામ્રાજ્યના સંવાહક પૂજ્યપાદ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. થયા છે.

આ મહાપુરુષની ચિરવિદાય પછી જૈન સંઘને હવે ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. આવા પૂજ્યપાદશ્રીના અંગે મને કંઇક લખવાનું મન થયું છે. કારણ કે તેને પણ હું મારા સંયમજીવનની એક અનૂઠી ઘટના ગણું છું.

આજથી લગભગ ૨૨ વરસ પૂર્વે સં. ૨૦૫૦માં સાલ ઈ.સ.૧૯૯૪ ભાયંદરનાં બાવનજિનાલયમાં તેઓશ્રીનું ચાતુર્માસ હતું અને હું પણ ત્યારે ત્યાંના શ્રી ભટેવા પાર્શ્વનાથ સંઘમાં ચાતુર્માસ હતો. ત્યારે જ હું તેઓશ્રીને પહેલીવાર મળ્યો હતો. પણ તેમને મળવા, જોવા, જાણવા અને માણવાની ઉત્કંઠા તો તેના ય સોળ વરસ પૂર્વેથી (એટલે મારી દીક્ષા થઇ ત્યારથી) હતી.

કદાચ બધાને આશ્ચર્ય થશે કે આમ કેમ ? તો સ્પષ્ટતા કરી દઉં કે-સં. ૨૦૩૪ માં મારી દીક્ષા થઇ ત્યારથી જ મારા તારક ગુરુદેવ પૂજ્યપાદ પંન્યાસજી શ્રી અભ્યુદયસાગરજી મ.સા.નાં શ્રીમુખેથી મેં મુનિ અવસ્થામાં રહેલા આ મહાપુરુષની ભરપૂર પ્રશંસા સાંભળી હતી.

બન્યું હતું એવું કે મારા પૂ. ગુરુદેવશ્રીને દીક્ષા લીધી ત્યારથી જ જોતો હતો કે તેઓશ્રી દરરોજ સવારે નવકારશી પછી નવસ્મરણ, ઋષિમંડળ અને બીજા અનેક સ્તોત્રોનો સ્વાધ્યાય એક સરસ પુસ્તકમાંથી કરતા હતા. પૂજ્યશ્રીની તબિયતની અસ્વસ્થતાને લીધે પછી દરરોજ નવસ્મરણ, ઋષિમંડળ અને અન્ય સ્તોત્રો તે પુસ્તકમાંથી હું જ સંભળાવતો હતો. પ્રાયઃ એકથી સવા કલાક સુધીનો આટલો સ્વાધ્યાય સાંભળવાનો પૂજ્યશ્રીનો દરરોજનો ક્રમ હતો.

તે પુસ્તકમાં આ મહાપુરુષના પાંચ પૂજ્ય વડીલ ગુરુભગવંતોના ફોટાઓ હતા. વચ્ચે પૂ.આ.ભ.શ્રી વિજય મોહનસૂરિજી મ.સા., ઉપર એક તરફ પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરિજી મ.સા., બીજી તરફ પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરિજી મ.સા., નીચે એક તરફ પૂ.આ.ભ.શ્રી યશોદેવસૂરિજી મ.સા. અને બીજી તરફ પૂ.આ.ભ.શ્રી જયાનંદસૂરિજી મ.સા.

બસ આ સ્વાધ્યાય કરતાં કરાવતાં જ આ મહાપુરુષ વિશે પહેલી વાર જ્યારે જાણવા મળ્યું ત્યારનો મારો આનંદ અવર્ણનીય હતો. પ્રથમ તો મેં પૂજ્ય ગુરુદેવશ્રીને પાંચે ય પૂજ્યોના ફોટાઓ વિશે જણાવવાની જિજ્ઞાસા વ્યક્ત કરી હતી અને પૂજ્યશ્રીએ મને બધા (પાંચે ય) પૂજ્યો વિશે માહિતી આપી, તેઓશ્રી દ્વારા મુંબઇ મહાનગરી ઉપર થયેલ ઉપકારોની વર્ષા વિશે કહ્યું અને આમાં જ આ મહાપુરુષનું નામ લીધું ને જણાવ્યું હતું કે ''મુક્તિરત્ન! આપણા સમુદાયમાં જેમ પૂ.પં. શ્રી અભયસાગરજી મ.સા. અત્યારે અજોડ વિદ્વાન છે તેમ પૂ. ધર્મસૂરિજી મ.સા.ના સમુદાયમાં અત્યારે પૂ. સૂર્યોદયવિજયજી મ. પણ જબરદસ્ત વિદ્વાન મુનિરાજ છે. આ તો ડભોઇના એક રત્ન છે. તેમનો ક્ષયોપશમ ગજબનો છે, તેમને નાની ઉંમરમાં દીક્ષા લઇ બે દિવસમાં જ આખું પક્ખીસૂત્ર મોઢે કરી લીધું હતું.''

મારી દીક્ષાના પહેલા જ વરસે પૂજ્ય ગુરુદેવશ્રીનાં મુખેથી આ મહાપુરુષના વખાણ સાંભળીને મને આશ્ચર્ય થયું હતું. તેમાં ય 'પક્ખીસૂત્ર જેવું સાડા ત્રણસો ગાથાનું સૂત્ર જેને કંઠસ્થ કરતા મને દસ-બાર દિવસ લાગ્યા હતા, તે બે કે અઢી દિવસમાં કઈ રીતે થઇ ગયું હશે? પાછા ન્યાય, વ્યાકરણ અને સાહિત્યના ય માસ્ટર ?' આવા વિચારો મને ત્યારે આવ્યા હતા. બસ પૂ. ગુરુદેવશ્રીનાં મુખેથી મેં આ સાંભળ્યું ને ત્યારથી જ આ મહાપુરુષને જોવા મારી આંખો અધીરી બની હતી ને તેમને મળવા મારું મન બાવરું બન્યું હતું. પણ મનની આ મુરાદ પૂરી થતા પાકા સોળ વરસ લાગ્યા અને જ્યારે

હું એમને ભાયંદરમાં પહેલીવાર મળ્યો ત્યારે એટલો પ્રસન્ન અને પ્રભાવિત થયો કે પછી તો અનેક વખત તેમને મળતો જ રહ્યો.

પછી તો મુંબઈમાં જ મલાડ, કાંદિવલી, બોરીવલી, અંધેરી, વરલી, ગોવાલિયા ટેંક, વાલકેશ્વર, ઘાટકોપર અને છેલ્લે ભાયખલા : આમ અનેકવાર મારે તેઓશ્રીને મળવાનો પ્રસંગ બન્યો હતો. ખરેખર વિદ્વત્તાના શિખર સમા આ મહાપુરુષને ખૂબ જ સાદગીથી રહેતા ને મસ્તીથી વાતો કરતા મેં નજરોનજર નિહાળ્યા છે અને મને અનહદ આનંદ થયો છે.

તેમના સરળ અને નિખાલસ સ્વભાવને કારણે જ મુંબઈ જેવી મહાનગરીમાં તેઓશ્રીનો બહોળો ભક્તવર્ગ રહ્યો. પૂરજોશથી દોડતી-ભાગતી મોહમયી મુંબઈમાં ૨૯ કિ.મી. જેટલી લાંબી અને હજારો ભક્તોથી ઊભરાતી પગપાળા પાલખી યાત્રા દ્વારા મુંબઈગરાઓએ આપેલી વિદાય અને અગ્નિ સંસ્કારના ચઢાવામાં પાંચ કરોડ જેવી જંગી ઉપજ થવી તેઓશ્રીના પ્રચંડ પુણ્યની પરાકાષ્ઠા જ કહેવાય.

જૈન જગતના આવા જાણીતા જવાહરને અંતરથી વંદન કરતાં તેઓશ્રીના માનમાં આ શબ્દો પણ છેલ્લે રોકી શકીશ નહિ :

पंछी लौट-लौट आते है, तेरे बरगद में कुछ तो होगा।
सब ही सब रोने लगते है, तेरे कद में कुछ तो होगा।।

✦✦✦

૩૮

## જીવનનું સંભારણું

- પ.પૂ. શાસન પ્રભાવક આ. ભ.શ્રી વિજય વિજ્ઞાનપ્રભસૂરીશ્વરજી મ.સા.

પરમતારક પરમાત્મા દ્વારા સ્થાપિત જિનશાસન અનેક રત્નોથી પરિપૂર્ણ છે. શાસનનું પુણ્ય છે કે સમયે સમયે મહાપુરુષો રૂપી રત્નો એને મળી રહે છે. પ્રભુએ સ્વયં જિનશાસનરૂપી દીવડાની સ્થાપના કરી અને એ પ્રગટાવેલા દીવડાની જ્યોતને ૨૧૦૦૦ વર્ષ સુધી વાટ અને ઘી પૂરી જ્વલંત રાખવાનું કાર્ય મહાપુરુષો કરતા હોય છે.

વર્તમાનકાળમાં પ્રવર્તી રહેલ જિનશાસનનો સુવર્ણયુગ તે મહાપુરુષોને આભારી છે કે જેમણે માત્ર ને માત્ર સ્વની સાધના સાથે પરહિતની ચિંતા કરવા દ્વારા પરમતારક પરમાત્માનાં શાસનને સમૃદ્ધ બનાવ્યું છે. ચતુર્વિધ શ્રી સંઘનું સફળ નેતૃત્વ કર્યું છે. અનેક આગમોનું સંદોહન કરીને અનેક ગ્રંથરત્નોની ભેટ આપી છે. જેઓના પ્રભાવે આજે આપણે આપણી સંસ્કૃતિ, પરંપરા, ક્રિયાવિધિ રૂપ સત્યમાર્ગ જાણી શકીએ છીએ અને તેના દ્વારા મોક્ષમાર્ગ તરફ પગલાં ભરી શકીએ છીએ.

આવા જ એક મહાપુરુષ વર્તમાનકાળમાં થઈ ગયા. કળિયુગમાં સત્યુગના મહાત્માનાં દર્શન થાય તેવા પ્રતિભાસંપન્ન અને અનેક ગુણોથી પરિપૂર્ણ એ મહાપુરુષ એટલે પ.પૂ. આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.

કહેવાય છે 'યથા નામ તથા ગુણાઃ'. એમનાં જીવનમાં સદા ધર્મસૂર્યનો ઉદય ઝળહળતો હતો. જન્મતાની સાથે જ જિનશાસનની પ્રાપ્તિ-પારણામાં નવકાર મંત્ર અને ચાલતા થયા એટલે દેરાસર-ઉપાશ્રયમાં ગમનાગમન. નાનપણથી જ મુમુક્ષુ યોગ્ય અનેક લક્ષણો વણાયેલા હતા. દીક્ષા લેવાની જબરદસ્ત તાલાવેલીએ જ એમનાં જીવનનો ઉત્કૃષ્ટ વિકાસ સાધી આપ્યો. એના જ પરિણામરૂપે આજે પણ અનેક મહાપુરુષોની શ્રેણિમાં એમનું નામ મોખરે લેવાય છે. વિહારયાત્રા દરમ્યાન ક્યારેક-ક્યારેક થતી મહાપુરુષોની મુલાકાત જિંદગીનું એક સંભારણું બની જતું હોય છે. મારા જીવનમાં પણ એક વાર પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સાથે મળવાનું થયું. એમની મુલાકાત ખરેખર જીવનનું સંભારણું જ બની રહી. એમનું પ્રેમ-વાત્સલ્યથી નીતરતું હૈયું હૃદયને સ્પર્શી ગયું. મૃદુ, મધુર વાણી, પરોપકાર અને સહાયકભાવ એમના જીવનમાં વણાયેલા સ્પષ્ટ જોવા મળ્યા. તે વખતે પ્રથમવાર જ કરેલા દર્શન આજે પણ અંતઃસ્થલમાં પૂજ્યશ્રીની સ્મૃતિ કરાવી જાય છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રી સાથેના સતત સાન્નિધ્યનાં કારણે પૂજ્યશ્રીને મળવા આવતા અનેક ગુરુભગવંતોનાં દર્શન-વંદનનું સૌભાગ્ય મને અનેક વાર પ્રાપ્ત થયું છે અને થતું રહે છે.

આજે એ મહાપુરુષ વિશે લખતા હૈયું ભાવવિભોર બની જાય છે. આ મહાપુરુષે જીવનમાં અઢળક શાસન પ્રભાવનાનાં કાર્યો કરીને પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતુ.

સતત ને સતત જિનબિંબ અને જિનાગમને લક્ષ્યમાં રાખીને પોતાની સાધનાને સિદ્ધિના શિખરે પહોંચાડવાનું જે ભગીરથ કાર્ય પૂજ્યશ્રીએ કર્યું છે તે કાર્યને બિરદાવવા મારી આ કલમ પણ વામણી પડે છે, પૂજ્યશ્રીએ કરેલી શાસનપ્રભાવનાને આગળ વધારવાનું કાર્ય પૂ.આ. રાજરત્નસૂરિજી મ. કરી રહ્યા છે. જો કે આજે પૂજ્યશ્રીની અનુપસ્થિતિ હોવા છતાં ય તેઓશ્રી પોતાનાં અનેક પ્રભાવક કાર્યો દ્વારા જીવંતરૂપે પૃથ્વીતલ પર હાજર જ છે. પુનઃ પ્રભુના શાસનને પામીને તેઓ વહેલી તકે પરમપદને પ્રાપ્ત કરે એ જ પરમાત્માનાં ચરણે પ્રાર્થના...

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

✦✦✦

## ૩૯ તે મુનિ વંદો...તે મુનિ વંદો...ઉપશમરસનો કંદો રે...

- પૂ. ઉપાધ્યાય શ્રી પુંડરીકવિજયજી ગણિવર

એક પૂજાની ઢાળમાં પં. વીરવિજયજી મ.સા. એકના એક શબ્દને ત્રણ ત્રણ વાર નાભિમાંથી ઘૂંટીને કાઢી રહ્યા છે. કયા મુનિને વાંદવા? તો કહે છે, ઉપશમરસનો કંદો રે. ઉપશમરસના કંદ સમા મુનિને વારંવાર વંદન કરવા. કેમ કે ઉપશમ તે અણગારનો શણગાર છે-સાધુની શોભા છે-આવા ઉપશમરસનાં કંદ સમા મુનિને તો શોધવા નીકળવું પડે.

ગિરનાર ગિરિની પરિકમ્મા કરીને પાછલા રસ્તે નીચે ઉતરતા એક પીતવસ્ત્રધારી સંન્યાસી મળ્યા. તે ઝાંખરા ફેંદતા હતા. પૂછ્યું કે, ''બાબાજી! ક્યા ઢૂંઢ રહે હો? જવાબ મળ્યો, ''મહારાજજી! વિરાલી કંદ ઢૂંઢ રહા હું. ઔષધ કે ઉપયોગ મેં બહુત કામ આતા હૈ. ઐસી વનસ્પતિ જહાં તહાં નહિ મીલતી હૈં, ગિરનારજી પર મીલ જાતી હૈ.'' વનસ્પતિનાં કંદને શોધવા પણ જો જંગલમાં જવું પડે તો ઉપશમરસના કંદ માટે કેટલું રખડવું પડે? સાચા દિલની લગન લઇને ઠેર ઠેર રખડવું પડે. ત્યારે ઉપશમરસનો કંદ મળે, પણ મને આવા ઉપશમરસનાં કંદ બહુ સરળતાથી જડી ગયા. પ.પૂ. આ.ભ. વિજય સૂર્યોદયસૂરીશ્વરજી હતા એ ઉપશમરસનાં કંદ. આજે હું તેમના વિશે વાત કરવા માંગું છું. ઉડીને આંખે વળગે તેવા તેઓશ્રીના ગુણો હતા. આવો એનો આસ્વાદ લઇએ :

**(૧) ગુણગ્રાહિતા :** ક્યારેય કોઇની નિંદા નહીં. નાનામાં નાના પણ ગુણની અનુમોદના કરે. અમો જ્યારે જ્યારે મળતા ત્યારે કહેતા કે તમે દરેક જગ્યાએ ખૂબ સારી આરાધના કરાવો છો. લોકોને તમારા વ્યાખ્યાનમાં સારો રસ પડે છે. આવું કહીને અમારા પર ખૂબ જ વહાલથી વાત્સલ્ય વરસાવતા.

**(૨) ગુરુભક્તિ :** ઉપકારી ગુરુવર્યોનાં દરેક વચનોનું વિના વિકલ્પે પાલન કરતા.

**(૩) દયાળુતા :** કદાચિત્ શ્રમણોની ક્ષતિનાં કારણે પાણીના ઘડા કે ગોચરીના પાત્રા ખુલ્લા રહેલા જુએ તો પોતાની પાસે રાખેલ કપડાથી ઢાંકી દે. શરીરાદિ તકલીફો હોય ત્યારે તેઓ નાનામાં નાના સાધુની સંપૂર્ણ સંભાળ લેતા.

**(૪) નમ્રતા :** સ્વયં ઉચ્ચપદે હોવા છતાં વડીલો પાસે અતિ નમ્ર-વિનયી બની જતા. પોતે વડીલોનો વિનય કરી નાના સાધુને એક સુંદર આદર્શ આપતા.

**(૫) પરોપકાર :** નાના કે મોટા પોતાના કે બીજાના સહુ કોઇની તેઓ વૈયાવચ્ચ કરતા. જ્યારે અમે મળતા ત્યારે વારંવાર કહેતાઃ ''કાંઇ પણ કામ હોય તો વિના સંકોચે મને જણાવજો. આપણે એક જ છીએ. જુદા નહીં.'' તેમની આત્મીયતા મનને પ્રસન્ન બનાવતી.

**(૬) વાત્સલ્ય :** ભેદભાવ વિના દરેક પર વાત્સલ્ય વરસાવતા અને અવારનવાર હિતદાયી પ્રેરણા આપતા : ''શાસન મળ્યું છે તો તેને અજવાળજો''.

**(૭) સરળતા :** શુદ્ધ સ્ફટિક સમા નિર્મળ હૃદયને ધારણ કરનાર હતા. જરા પણ દંભ જોવા ન મળે. જ્યારે જ્યારે મળતા ત્યારે વારંવાર તેઓશ્રી પાસે બેસવાનું મન થાય અને કાંઇકને કાંઇક પ્રેરણા ઝીલીને ચારિત્રની શુદ્ધિ કરીએ.

**(૮) ક્ષમાશીલતા :** ગુસ્સામાં કોઇ ગમે તે બોલી જાય, તો પણ કદી ગુસ્સો કરે નહીં. વિશ્વવત્સલ, પ્રાતઃસ્મરણીય, પરમસૌભાગ્યવંત, શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ભક્ત, એવા જિનશાસનના શણગાર પૂજ્યપાદ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની આગવી આધ્યાત્મિક ગરિમાએ આ દુનિયામાં રહેતા કેટલાય સાધકપુરુષો ઉપર સુંદર પ્રભાવ પાથર્યો છે. આજના કાળના મહાપુરુષોમાં પૂજ્યશ્રીનું નામ આગવી હરોળમાં છે. આ સ્થાન તેઓશ્રીએ પોતાના પરમોપકારી ગુરુદેવને ઉત્કૃષ્ટ ભાવે સમર્પિત થઇને પ્રાપ્ત કર્યું હતું. આવો બુલંદ સમર્પણભાવ અંદરથી અહંકાર ઓસરે ત્યારે પ્રગટ થતો હોય છે. અહંકારને ઓગાળવા અને નમ્રતા-ક્ષમાશીલતાને આત્મસાત્ કરવામાં તેઓશ્રીએ પોતાના સંયમ જીવનનો શ્રેષ્ઠ સદુપયોગ કર્યો હતો.

ગુરુપારતંત્ર્ય સર્વ પ્રકારની પરતંત્રતાનો નાશ કરનારું સિદ્ધ રસાયણ છે. ગુરુકૃપાનું ફળ અમોઘ છે. ભક્તિ વડે-ગુરુપારતંત્ર્ય વડે એ કૃપાને યોગ્ય થવાય છે. સાચી ભક્તિ તુર્ત જ ફળે છે. એ ફળ રૂપે તેઓશ્રીને સમર્પણના સ્વામી પૂ. રાજરત્નસૂરિજી મ. જેવા રત્નની પ્રાપ્તિ થઇ. વિશાળ શિષ્યવૃંદ મળ્યું અને તે પણ સંપૂર્ણ સમર્પિત.

પૂજ્યશ્રી બાળજીવોને બોધ પમાડવા, ધર્મ પમાડવા, જિનભક્તિની સાચી ભૂખ જગાડવા, સિદ્ધિગતિનું ઘેલું લગાડવા, ભવ્ય જીવોને જ્ઞાનામૃત પાવા સદા ઉજમાળ રહેતા. ભોજનમાં ખીરનું ભોજન ઉત્તમ ગણાય છે, તેમ સાહિત્યમાં તત્ત્વરુચિ જગાડનારું સાહિત્ય ઉત્તમ ગણાય છે. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનમાં નિતાંત ઉચ્ચતમ શાસ્ત્રીય પદાર્થો રોચક શૈલીમાં પીરસાતા.

આવા જિનશાસનના રત્ન સમાન પૂજ્યશ્રીને કોટિશઃ વંદના. ✦✦✦

## ૪૦ નશ્વર દેહે નહિ, અક્ષર દેહે 'સૂર્યોદય' કાયમ

- પૂ.પં. શ્રી આત્મદર્શનવિજયજી ગણિવર

પૂજ્યપાદ વિદ્વદ્વર્ય પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રીમદ્વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નો મારે વિશેષ પરિચય તો નહિ. પરંતુ બે વાર તેઓશ્રીને નિહાળવાનો લહાવો મળ્યો હતો ખરો. તેઓશ્રીની પ્રભાવશાળી મુખાકૃતિ ત્યારે ખરેખર આંખ-અંતરને પ્રભાવિત કરી ગઇ હતી. જો કે સૂર્યોદયનો પરિચય ન હોય, એને અનુભવવાનો જ હોય. આવા શાસનનિષ્ઠ ગુરુભગવંતનાં દર્શન થવા એને ય 'GoodLuck' કહેવાય. તો આવા મહાપુરુષનું લેખિની દ્વારા ગુણસંકીર્તન કરવું એને પણ 'GoodLuck' જ કહેવાય.

તેમનાં મહાનજીવનની કિંચિત્ ઝલક જાણવા મળી ત્યારે અંદરથી અંજાઇ જવાયું. મહાપુરુષો પાસે કેવી શક્તિ-ભક્તિ-સ્ફૂર્તિ અને ખુમારી હોય છે? બચપણથી ઘડપણ સુધીમાં તેમના અદ્ભુત ભણતર-ગણતર-ઘડતર અને ચણતર વગેરેની વિસ્તૃત વાતો વિવિધ પ્રસંગો દ્વારા જાણીએ ત્યારે એ પ્રૌઢપુણ્યપ્રભાવશાળી આચાર્યદેવ પ્રત્યે અંતર અનેરા અહોભાવથી વાસિત બન્યા વિના ન રહે. આ 'સૂર્યોદય' દેહરૂપે અસ્ત થવા છતાં 'તમે સૂરજ થઇને ચમક્યા' સ્મૃતિગ્રંથ રૂપે કાયમ રહેશે. નશ્વર દેહે નહિ, પણ અક્ષર દેહે. કહો કે પુનઃ 'સૂર્યોદય'ની મજા માણવા મળશે, ગ્રંથરૂપે-ગુણરૂપે.

અંતે, ગ્રંથરૂપે 'સૂર્યોદય'ની મોજ માણવાની સુવર્ણતક આપવા માટે પૂ. સિદ્ધહસ્ત સાહિત્યસર્જક આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ને ખૂબ ખૂબ અભિનંદન-અનુમોદન તથા અગણિત વંદન...

✦✦✦

## ૪૧ સંભારણાં અતીતનાં

- પૂ. પ્રવર્તક મુનિ શ્રી હરીશભદ્રવિજયજી મ.

લગભગ ૬૮ વર્ષ પૂર્વેની વિ.સં.૨૦૦૬ની વાત. સમડી વિહાર-ભરૂચતીર્થના ઉપાશ્રયમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી ધર્મવિજયજી મ. આદિ ૫/૭ શ્રમણો પધાર્યા હતા. મુંબઇ-વાલકેશ્વર જવાની ભાવના હતી. અચાનક અમે ધર્મગોષ્ઠીમાં જોડાયા.

પૂના-વિદ્યાપીઠની વિચારણા હતી. પ્રારંભિક પાઠ્યક્રમ પુસ્તકમાં ૫-૫ સૂત્રસંબંધી અર્થ વિ. સંપાદિત કરેલ છે તેની અનુમોદના પૂજ્યશ્રીએ કરી.એટલું જ નહિ, પોતાના શિષ્યોને પરીક્ષા દ્વારા ઊંડું જ્ઞાન મેળવવાની ભાવના થઇ. કહેવું પડશે ૪/૫ શિષ્યોએ પરીક્ષા પણ આપી. તેમાંના એક પૂ. મુનિવર્ય શ્રી સૂર્યોદયવિજયજી મ. હતા.

આવશ્યક સૂત્ર ગંભીર અર્થવાળા છે. તેનો અનુભવ જ્યારે મુનિશ્રીને થયો ત્યારે તેઓશ્રીએ શાસ્ત્રો વાંચવા સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ અને તર્કશાસ્ત્ર ઉપર નજર કરી. અલ્પકાળના સંયમી જીવનમાં એ જમાનાના વિદ્વાનોની પંક્તિમાં તેઓશ્રીનું નામ પણ બોલાવા લાગ્યું-લખાવા લાગ્યું.

કાવ્યશાસ્ત્ર કલ્પનાગગનમાં લઇ જાય છે. વ્યાકરણશાસ્ત્ર શબ્દની કિંમત કરે છે, અને તર્કશાસ્ત્ર નક્કર નિર્ણયાત્મકતા આપે છે. આ રીતે મૂર્ધન્ય વિદ્વાન બનેલા પૂજ્યશ્રી ગુરુદેવના શાસનકાર્યોમાં ય એવા જ સજ્જ થઇને સહાયક થયા. અનુભવી કહે છે માનવીની દર દસકે પ્રગતિ થાય છે. બસ એ કથન સત્ય થયું. વિદ્યા પ્રાપ્ત કરી સુધર્માસ્વામીની પાટ ઉપર બેસવાનું શરુ થયું. પૂ. ગુરુદેવની વૈયાવચ્ચપૂર્વકની જ્ઞાનસાધનાથી ગુરુકૃપા પ્રાપ્ત કરી.

દર્શનનાં ક્ષેત્રમાં, જ્ઞાનનાં ક્ષેત્રમાં, ધર્મક્રિયાનાં ક્ષેત્રમાં, શાસનપ્રભાવનાના જ કાર્યો, ગુરુનો પડતો બોલ ઝીલી ઉત્સાહથી દીર્ઘદષ્ટિથી સ્થિરતાથી કર્યા-કરાવ્યા. સરવાળે ભાવિમાં એમના હસ્તે પણ ભવ્ય શાસનકાર્યોની હારમાળા સર્જાઇ.

બુદ્ધિમાનો કહે છે, ભૂગોળ તેની સાક્ષી આપે છે કે... સૂર્ય તો અસ્ત થતો નથી. બસ એ ભવિષ્યવાણી સાચી ઠરી. કારણ... અનેક શિષ્યના એ ગુરુ થયા. મુનિમાંથી સૂરીશ્વર થયા. અનેક શ્રાવકોના વંદનીય-પૂજનીય ગુરુ થયા.

સુખ પછી દુઃખ, દિવસ પછી રાત્રિ નિયમા આવે છે એમ જીવનપ્રારંભ પછી જીવનસમાપ્તિ પણ આવે છે. આયુષ્યની દોરી તૂટતા તેઓશ્રીએ સદેહે ભલે વિદાય લીધી. પરંતુ શિષ્યો અને ભક્તોના અંતરમાં, તેઓશ્રી દ્વારા થયેલ પ્રભાવક કાર્યોમાં એ સૂરીશ્વરજી હંમેશા ધબકતાં રહેશે.

✦✦✦